દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 39 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 February 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૦ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**ટીમ ઈન્ડિયા હવે સુપર-એઈટમાં**

# ભારતે પાકિસ્તાનને પટક્યું

## ભારતના ૧૭૬ રનના લક્ષ્યનો પીછો કરી રહેલી પાકિસ્તાની ટીમ ૧૧૪માં ઑલ આઉટઃ ભારતના છ બૉલરોએ વિકેટ લીધી

## ફક્ત ૪૦ બોલમાં ૭૭ રનની ઈનિંગ રમનાર ઈશાન કિશને પાકિસ્તાની ટીમનો સાવ કચરો કરી નાખ્યો



કોલંબોઃ ભારતે ટી-૨૦ વર્લ્ડ કપમાં અહીં પાકિસ્તાન સામે ૬૧ રનથી વિજય મેળવીને મહાશિવરાત્રિના દિવસને વધુ ઉલ્લાસમય બનાવી દીધો હતો. ભારત માટે સુપર-સન્ડે નીવડ્યો જેમાં મૅન ઑફ ધ મૅચ ઇશાન કિશન (૭૭ રન, ૪૦ બૉલ, ત્રણ સિક્સર, દસ ફોર)ની ફટકાબાજી બાદ ભારતીય બોલર્સે પાકિસ્તાનની બૅટિંગ લાઇન-અપનો સફાયો કરી નાખ્યો હતો. ૧૭૬ રનના લક્ષ્યાંક સામે પાકિસ્તાન ૧૮ ઓવરમાં ૧૧૪ રનના સ્કોર પર ઑલઆઉટ થયું હતું. એ સાથે, વેસ્ટ ઇન્ડિઝ પછી હવે અપરાજિત ભારતે પણ સુપર-એઇટ રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો છે. આ ટૂર્નામેન્ટમાં ચોથી વખત લક્ષ્યાંક ચેઝ કરનારી ટીમ હારી છે.

ભારતે ૬૧ રનથી વિજય મેળવ્યો ત્યારે ૧૨ બૉલ બાકી હતા. હાર્દિક પંડ્યાએ બહુ ગાજેલા બે કોણીવાળા અને સ્ટૉપ-સ્ટાર્ટની કઢંગી બોલિંગ ઍક્શન ધરાવતા પાકિસ્તાની સ્પિનર ઉસ્માન તારિકને ક્લીન બોલ્ડ કર્યો એ સાથે ભારતીય ટીમનું અને કરોડો ભારત-તરફી ક્રિકેટપ્રેમીઓનું વિજયી સેલિબ્રેશન શરૂ થઈ ગયું હતું. ભારતે વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્માના શૂન્ય પછી પણ પાકિસ્તાનને પરાજિત કર્યું.

ચાર બોલર બે-બે વિકેટ લેવામાં સફળ રહ્યા હતા જેમાં હાર્દિક પંડ્યા (૧૬ રનમાં બે), બુમરાહ (૧૭ રનમાં બે), અક્ષર પટેલ (૨૯ રનમાં બે), વરુણ ચક્રવર્તી (૧૭ રનમાં બે)નો સમાવેશ હતો. કુલદીપ યાદવ ૧૪ રનમાં અને ટ્રમ્પ-કાર્ડ સમાન તિલક વર્મા ૧૧ રનમાં એક વિકેટ લેવામાં સફળ રહ્યો હતો. કૅપ્ટન સૂર્યકુમારે રિન્કુ સિંહને એક ઓવર આપી હતી, પરંતુ શિવમ દુબે કે અભિષેક શર્માને બોલિંગ આપવાની જરૂર જ નહોતી પડી. પાકિસ્તાની બૅટ્સમેનોમાં ઉસ્માન ખાન (૪૪ રન, ૩૪ બૉલ, એક સિક્સર, છ ફોર)ના રન ટીમમાં હાઇએસ્ટ હતા. બાબર

(જુઓ પાનું ૨) ▸▸

# વિકસિત ભારત હાથવેંતમાંઃ મોદી

## હવે ખાનગી ક્ષેત્ર પૂરી હામ અને આક્રમકતાથી જોર લગાવે એવી વડા પ્રધાનની હાકલ

નવી દિલ્હીઃ વિકસિત ભારત હવે હાથવેંતમાં જ હોવાનું જણાવી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખાનગી ક્ષેત્રને પૂરી હામ અને આક્રમકતાથી જોર લગાવવાની હાકલ કરી હતી.

સમાચાર સંસ્થા પીટીઆઈને આપેલી મુલાકાતમાં વડા પ્રધાને સરકારે કરેલા વૈશ્વિક વેપારી કરારોને વિકસિત ભારતનો પાયો લેખાવ્યા હતા અને મહત્ત્વના વેપારી કરાર ન કરી શકવા બદલ તત્કાલીન યુપીએ સરકાર પર આક્રમક પ્રહાર કર્યા હતા. રાજકીય સ્થિરતા સહિતની બાબતએ રોકાણકારોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કર્યો હોવાનું જણાવતાં મોદીએ કહ્યું હતું કે વધેલા ઉત્પાદન, સેવામાં થયેલો સુધારો અને એમએસએમઈ જેવાં પરિબળોએ ૩૮ દેશ સાથે મુક્ત વેપારી કરાર અંગેની વાટાઘાટ કરવામાં સહાયરૂપ થયા હતા.

ફળદાયી મૂડી ખર્ચને સરકારની ગુણવત્તાનું પ્રતીક લેખાવતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે તાજેતરમાં જ બહાર પાડવામાં આવેલા કેન્દ્રીય બજેટમાં ટૂંકાગાળાની લોકપ્રિયતા મેળવવાનું ટાળીને

(જુઓ પાનું ૨) ▸▸

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

અજય મોદી સમર ધમાકા
APRIL-MAY-JUNE
3 સ્ટાર હોટલ
કેરાલા
કોચીન-મુન્નાર-થેક્કડી-કોટ્ટાયમ એલપ્પી-કોવાલમ બીચ-ત્રિવેન્દ્રમ
₹27999* વ્યક્તિ દીઠ થી શરૂ ૮ દિવસ
ગુજરાતી-પંજાબી કાઠીયાવાડી ભોજન - ટુર મેનેજર
કાંદીવલી-63596 19321

14DAYS યુરોપ તુલીપ ગાર્ડન 13 APR, 26 APR, 8 MAY, 22 MAY, 6 JUNE
2000+HAPPY TOURIST, SINCE 2017
એમસ્ટરડેમ, બ્રસેલ્સ, પેરીસ, સ્વીઝરલેન્ડ, જીનીવા, ઈન્સબ્રુક, વેનીસ, પીસા, રોમ
Rs.3,89,000/*& QATAR AIRTICKETS IS ONLY FOR FIRST 50 BOOKINGS
વેજ/જૈન નાસ્તો-લંચ-ડીનર,વીઝા,૪* હોટલ્સ મુખ્ય દરેક સાઈટસીઈંગની પ્રવેશ ફી,એર ટીકીટ ટીપ્સ, ઈન્સયુરન્સ સાથે + સ્વીઝ, પેરીસમાં ભારતીય ગરમ નાસ્તો અને મસાલા ચા
સ્વીઝનાં મુખ્ય ૨ માઉન્ટેન ટીટલીસ અને જુંગફ્રો, જ્યાં ૧૦૦૦૦ ફુટની ઉંચાઈ પર ગરમાગરમ લંચ,એફીલ ટૉવરની ૩ લેવલની મુલાકાત અને એફીલનો નાઈટ વ્યુ પણ, સ્વીઝમાં ૪ રાત્રી, પેરીસમાં ૩ રાત્રી અને ૬ રાત્રી યુરોપનાં અન્ય મુખ્ય શહેરોમાં ૪* હોટલોમાં મુકામ
યુરોપમાં ફરવા માટેનો BEST સમય અને PERFECT & SHORTEST ROUTE, જેમાં બસ મુસાફરી ઓછી અને ફરવા માટે વધારે સમય
સેમીનાર પરીવાર વાગડ, ગૌરવ ગુર્જરી, શ્રી વિશા દિશાવાળ મિત્ર મંડળ તથા અન્ય ઘણાંજ સોશ્યલ ગ્રુપના યુરોપ ટુરના સફળ પ્રવાસોના આયોજક
SINCE 2001 નીરવ સંઘવી સંચાલીત વિનાયક ટુર્સ
9930716930/9137946753 9820093130 Timing 11 to 8
૮,વલ્લભ,મહાવીરનગર,કાંદીવલી(વે)
WE DON'T HAVE ANY OTHER BRANCH

A BRAND OF RAJNISH WELLNESS LIMITED
જોશ, તાકદ, ENERGY અને સ્ફૂર્તિ વધારો
તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન કેપ્સ્યુલ્સ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો. માત્ર 21 દિવસના કોર્સમાં, સુખ અને સંતોષ એક આદત બની જાય છે અને છેવટે સફળ અને ખુશ જીવન જીવે છે. શરીરના આવશ્યક ભાગો પર સખ્તાઇ અને સનસનાટીભર્યા નબળા ચેતા રાખવા માટે, કોર્સ સાથે પ્લે વિન ઓઇલનો ઉપયોગ કરો.
ફક્ત પુરુષો માટે પ્લે-વિન કેપ્સ્યુલ
Only Effect No Side Effect
મહિલા માટે ભી ઉપલબ્ધ છે પ્લે-વિન-F કેપ્સ્યુલ ફક્ત મહિલા માટે
પ્રથમ દિવસથી અસર કારક*
21 દિવસ સુધી દરરોજ સવારે 1 અને સાંજે 1 પ્લે-વિન કેપ્સ્યુલ ખાવાનું
Play Win Capsule
Play Win Oil
સારા પરિણામો માટે પ્લે-વિન તેલનો ઉપયોગ કરો
તેલ કેપ્સ્યુલ બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે



The loyalty reward scheme is subject to terms and conditions. For more details visit authorised dealership. The offers are valid only on Grand Vitara (up to ₹30 000) and Invicto (up to ₹50 000).

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સુપ્રીમ કોર્ટની વાત સાચી, રેરા નેતા-બિલ્ડરોનું જ ભલું કરે છે

**કેન્દ્રીય** મંત્રી હરદીપસિંહ પુરીના વિકૃત સેક્સ અપરાધી જેફરી એપસ્ટેઈન સાથેના કહેવાતા સંબંધોના કારણે સંસદમાં મચેલી ધમાલ અને બાંગ્લાદેશમાં પાકિસ્તાનના પીઠ્ઠુ જમાત-એ-ઈસ્લામી પક્ષની હારના સમાચારોમાં એક મહત્ત્વના સમાચાર તરફ લોકોનું બહુ ધ્યાન ગયું નથી. હિમાચલ પ્રદેશમાં રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા)ની કામગીરીને લગતા એક કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આક્રોશ ઠાલવ્યો કે, રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા) મકાન ખરીદદારોની મદદ કરવાને બદલે માત્ર ને માત્ર ડિફોલ્ટર બિલ્ડરોને ફાયદો પહોંચાડી રહી છે એ જોતાં તેને તાળાં મારી દેવાં જોઈએ.

સુપ્રીમ કોર્ટે એવી ટીપ્પણી પણ કરી કે, જે ઉદ્દેશ્ય માટે 'રેરા' બનાવવામાં આવી હતી એ ઉદ્દેશ તો પાર પડી જ નથી રહ્યો એ જોતાં 'રેરા' ચાલુ રાખવી કે નહીં એ અંગે ફરી વિચાર કરવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટે આ ટીપ્પણી હિમાચલ પ્રદેશ સરકારના નિર્ણયને લગતા કેસમાં કરી છે. હિમાચલ પ્રદેશ સરકારે એક નોટિફિકેશન બહાર પાડીને રેરા ઓફિસને સિમલાથી ધર્મશાલા ખસેડી હતી. હાઈ કોર્ટે આ આદેશ પર સ્ટે આપતાં રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઈ હતી. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારના નિર્ણયને માન્ય રાખ્યો છે. સાથે સાથે ઘર ખરીદનારાં લોકોની સુવિધા માટે અપીલ ટ્રિબ્યુનલને પણ ધર્મશાલા ખસેડવા આદેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટ સંસદે બનાવેલા કાયદા દ્વારા બનેલી સંસ્થાને બંધ કરી દેવાની વાત કરે ત્યારે મામલો ગંભીર જ હોય એ જોતાં સુપ્રીમ કોર્ટની ટીકા બહુ આકરી છે પણ સાવ સાચી છે. નરેન્દ્ર મોદી સરકારે ૨૦૧૬માં રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા) બનાવી ત્યારે મોટી મોટી વાતો કરેલી. 'રેરા' બનતાં હવે બિલ્ડરોની મનમાની અને છેતરપિંડી નહીં ચાલે એવા દાવા કરાયા હતા.

'રેરા'ના કારણે રિયલ એસ્ટેટ સેક્ટરમાં પારદર્શિતા આવશે, બિલ્ડરોની જવાબદારી નક્કી થશે અને ખરીદદારોના હિતોનું રક્ષણ થશે એવી વાતો કરાયેલી. ખરીદનારને તેનું ઘર યોગ્ય સમયે, નિર્ધારિત શરતો અનુસાર અને કોઈપણ છેતરપિંડી વિના મળે એવી સ્થિતિ 'રેરા'ના કારણે પેદા થશે એવા ફાંકા મરાયા હતા પણ આવું કશું થયું નથી. બિલ્ડરો હજુય સુપર બિલ્ટ અપના નામે લોકોને છેતરે છે અને લોકો પાસેથી નાણાં ઉઘરાવીને સમયસર પઝેશન નથી આપતા.

આ પ્રકારની હજારો ફરિયાદો થાય છે પણ 'રેરા' કશું કરતું નથી. બીજું બધુ તો છોડો પણ 'રેરા' આવ્યા છતાં હજુય કારપેટ એરીયા ફરજિયાત બતાવવાના અને કારપેટ એરીયા એટલે કે મકાનમાં ગ્રાહકને વાપરવા મળે એટલા વિસ્તારને આધારે કિંમત નક્કી કરવાના સાદા નિયમનું પાલન પણ નથી થતું. બિલ્ડરો આ વાતને ઘોળીને પી ગયા છે છતાં 'રેરા' કંઈ કરતું નથી. તેનું કારણ એ કે, 'રેરા'નો ઉપયોગ લોકોનું ભલું કરવા માટે નથી કરાયો પણ બિલ્ડરો પર ધોંસ જમાવીને તેમને ખંખેરવા માટે કરાયો છે.

આ ઉદ્દેશ પાર પડે છે ને રાજકારણીઓનાં ખિસ્સાં તર રહે છે એટલે તેમને લોકોનું શું થાય છે તેની કોઈ પરવા નથી. પોતાની આખી જિંદગીની બચત લગાવી દેનારા માણસની મૂડી ડૂબી જાય કે સમયસર ઘર ના મળે તો ભાડાં કે લોનના હપ્તા ભરવામાં એ કેવો લાંબો થઈ જાય છે તેની તેમને કોઈ પરવા નથી.

સુપ્રીમ કોર્ટે એક બીજી મહત્ત્વની ટીપ્પણી કરી છે તેની પણ વાત કરવી જરૂરી છે. હિમાચલ પ્રદેશને લગતા કેસમાં સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટને જાણ કરાઈ હતી કે, 'રેરા'માં એક નિવૃત્ત આઈએએસ અધિકારીને નિયુક્ત કરવામાં આવ્યા છે. ચીફ જસ્ટિસે આ સાંભળીને કટાક્ષ કર્યો કે, 'રેરા' દરેક રાજ્યમાં નિવૃત્ત અમલદારો માટે એક 'પુનર્વસન કેન્દ્ર' બની ગયું છે અને આ ઓથોરિટીઝમાં ફક્ત આવા જ લોકો ભરેલા છે.

સુપ્રીમ કોર્ટે આ પ્રકારની ટીપ્પણી પહેલાં પણ કરી હતી. સપ્ટેમ્બર ૨૦૨૪માં 'રેરા'ને લગતા કેસમાં જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જ્વલ ભુઈયાંની બેન્ચે પણ કહેલું કે, 'રેરા' ભૂતપૂર્વ અમલદારોનો અડ્ડો બની ગયો છે અને આ અધિકારીઓએ 'રેરા'ની સંપૂર્ણ ભાવનાને નષ્ટ કરીને આ કાયદાને જ નિષ્ફળ કરી દીધો છે.

સુપ્રીમ કોર્ટે 'રેરા'ના સંદર્ભમાં આ વાત કરી છે પણ ભારતમાં મોટા ભાગની સરકારી સંસ્થાઓમાં આ હાલત છે. આ સંસ્થાઓ અસરકારક રીતે કામ કરી શકે એ માટે તેજતર્રાર ને તેજીલા તોખાર જેવા અધિકારીઓને નિમવાના હોય તેના બદલે નિવૃત્ત થઈ ગયેલાં ખાઈબદેલાં ડોહાંડગરાંને મૂકી દેવાય છે. જેમને વખારમાં નાખવાના હોય તેમને સરકારી સંસ્થાઓમાં બેસાડી દેવાય છે તેમાં સારા ઉદ્દેશથી બનાવાયેલી ભલભલી સરકારી સંસ્થાઓ વખાર જેવી થઈ ગઈ છે.

આખી જીંદગી સત્તામાં બેઠેલા લોકોની ચાપલૂસી અને વગદારોની દલાલી કરી ખાનારા અધિકારીઓ માટે આ નિમણૂકો ટાઈમપાસ હોય છે. સરકારી ગાડીમાં ફરી શકાય ને સરકારી પૈસે બાકીની જિંદગી જીવી શકાય એટલે અધિકારીઓ દ્વારા પોતાના માઈ-બાપ જેવા રાજકારણીઓના પગ પકડીને કરાવી આ નિમણૂકોના કારણે નથી દેશનું ભલું થતું કે નથી લોકોનું ભલું થતું.

કૂતરાની પૂંછડી વાંકી એ વાંકી એ હિસાબે અધિકારીઓ આખી જિંદગી હરામની કમાણી કરવાની ખાવાની આદત પડી ગઈ હોય છે તેથી નવી સંસ્થાઓમાં પણ તેમની દુકાન તો ચાલુ જ હોય છે. 'રેરા'માં બને છે એમ લોકોના બદલે બિલ્ડરો કે બીજા ધનિકોનાં હિતો સાચવવા માટે અધિકારીઓ કામ કરે છે, લોકો જાય ભાડમાં. આખી જિંદગી હરામની કમાણી ખાધી છે તો હવે ધરવ કરીને લોકોનું ભલું કરીને પાછલી જિંદગીમાં થોડુંક પુણ્ય કમાઈએ એવી ભાવના પણ અધિકારીઓમાં જાગતી નથી.

સુપ્રીમ કોર્ટે ટકોર કરી તેના કારણે આ મુદ્દા તરફ ધ્યાન ખેંચાયું ખરું પણ તેના કારણે સ્થિતિ બદલાવાની નથી કેમ કે રાજકારણીઓ ને અધિકારીઓ બંને સુધરવાના નથી. આઘાતજનક વાત એ છે કે, છેલ્લાં કેટલાંક વરસોથી માત્ર આવી સંસ્થાઓમાં જ નહીં પણ મહત્વના સરકારી હોદ્દાઓ પર પણ આ રીતે નિવૃત્ત અધિકારીઓને ગોઠવી દેવાના ખેલ ચાલે છે.

ગુજરાત બેચના આઈએએસ અધિકારી કે. કૈલાસનાથન તેનું શ્રેષ્ઠ ઉતદાહરણ છે. કૈલાસનાથન નિવૃત્તિના ૧૫ વર્ષ લગી ગુજરાતમાં મુખ્યમંત્રીના પ્રિન્સિપાલ સેક્રેટરી રહ્યા ને હવે પુડુચેરીના લેફ્ટનન્ટ ગવર્નર છે. મુખ્યમંત્રીઓ આવ્યા ને ગયા પણ કૈલાશનાથન એવા જામી ગયેલા કે કોઈ તેમને હલાવી જ શકતું નહોતું. એ તો કૈલાશનાથન પોતે થાક્યા ત્યારે જગા થઈ, બાકી કૈલાસનાથને ન કહ્યું હોત તો હજુ સીએમઓમાં જ બેઠા હોત.

કૈલાશનાથન તો જાણીતું ઉદાહરણ છે તેથી તેમની વાત કરી, બાકી સુપ્રીમ કોર્ટે કહ્યું તેમ દરેક રાજ્યમાં કૈલાશનાથનો છે અને દરેક રાજકારણીના પોતપોતાના કૈલાશનાથન છે. આ લોકોએ દેશના વહીવટની પત્તર ખાંડીને મૂકી દીધી છે પણ ગાંધી-વૈદનું સહિયારું ચાલે એ રીતે અધિકારીઓ નેતાઓનાં ને નેતાઓ અધિકારીઓનાં હિતો સાચવે છે એટલે સ્થિતિ નહીં બદલાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, સોમવાર, તા. ૧૬–૨–૨૦૨૬

- ભારતીય દિનાંક ૨૭, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ–૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ–૧૪
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૯મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર શ્રવણ રાત્રે ક. ૨૦–૪૭ સુધી, પછી ધનિષ્ઠા.
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૫, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ સવારે ક. ૧૧–૨૨, મધ્યરાત્રે ક. ૦૦–૦૫
- ઓટઃ સાંજે ક. ૧૭–૨૭, મધ્યરાત્રિ પછી ક. ૦૬–૧૫ (તા. ૧૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ કૃષ્ણ– ચતુર્દશી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, ચંદ્રદેવતાનું પૂજન, શિવપાર્વતી પૂજા, સર્વશાંતિ–શાંતિ પૌષ્ટિક પૂજા, હજામત, માલ લેવો, પાટ–અભિષેક પૂજા, વૃક્ષ વાવવું, ધજા–કળશ પતાકા ચઢાવવી.
- આચમનઃ સૂર્ય–હર્ષલ અર્ધચતુષ્કોણ જિદ્દી સ્વભાવ, ચંદ્ર–મંગળ યુતિ અણધાર્યા ખર્ચ, બુધ–ગુરુ ત્રિકોણ સહનશક્તિવાળા
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય–હર્ષલ અર્ધચતુષ્કોણ, ચંદ્ર–મંગળ યુતિ (તા. ૧૭), બુધ–ગુરુ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય–કુંભ, મંગળ–મકર, માર્ગી બુધ–કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ–મિથુન, શુક્ર–કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## ટ્રમ્પની ચેતવણી પછી ઈરાન કૂણું પડ્યુંઃ સમાધાન માટે તૈયાર

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આપેલી ચેતવણી બાદ ઈરાન અણુ કરારને મામલે અમેરિકા સાથે સમાધાન કરવા તૈયાર હોવાનું જણાવતાં ઈરાનના નાયબ વિદશે પ્રધાન માજિદ તખ્ત રાવન્ચીએ કહ્યું હતું કે અમેરિકા ઈરાન પર લાદવામાં આવેલા પ્રતિબંધો પાછાં ખેંચી લેવાને મામલે વાતચીત કરવા તૈયાર હોય તેવા સંજોગોમાં જ ઈરાન અણુકરારને મામલે અમેરિકા સાથે સમાધાન કરવા તૈયાર થશે.

બંને દેશ વાટાઘાટ અટકી પડી હોવાને મામલે એકમેક પર દોષારોપણ કરી રહ્યા હોવા વચ્ચે ઈરાન દ્વારા આ નિવેદન કરવામાં આવ્યું હતું.

જોકે અમેરિકાના અધિકારીઓએ વારંવાર કહ્યું છે કે લાંબા સમયથી ચાલી રહેલી વાટાઘાટની પ્રગતિ ઈરાન ધીમી પાડી રહ્યું છે. જોકે તખ્તે એ સ્પષ્ટ કર્યું હતું કે ઈરાન અમેરિકા પાસેથી નક્કર સંકેત ઈચ્છે છે. હવે સોદો કરવો કે નહીં એ અમેરિકા પર નિર્ભર કરે છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે જો આ મામલે અમેરિકા નિષ્ઠાપૂર્વક આગળ વધશે તો મને ખાતરી છે કે અમે સહમતી સાધવાના અને કરાર કરવાના માર્ગ પર હોઈશું. સમૃદ્ધિકરણ કરાયેલા યુરેનિયમના જથ્થા સહિત અણુ કાર્યક્રમ અંગેની ચિંતાનો ઉકેલ લાવવા ઈરાન તૈયાર છે એમ જણાવતાં તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે પ્રતિબંધમાં રાહત એ વાટાઘાટનો હિસ્સો હોય એ જરૂરી છે.

જોકે તેમણે એ સ્પષ્ટતા નહોતી કરી કે ઈરાન સંપૂર્ણ કે આંશિક પ્રતિબંધ હટાવવાની માગણી કરી રહ્યું છે. (એજન્સી) ■

## બાબુલનાથ મંદિરના દાદર પર રહેતા સાધુને ચાર વર્ષમાં જગ્યા ખાલી કરવાનો સુપ્રીમ કોર્ટનો આદેશ

નવી દિલ્હીઃ મુંબઈસ્થિત સદીઓ જૂના આઈકોનિક બાબુલનાથ મંદિર સુધી પહોંચવાના દાદર પર કબજે કરેલો હિસ્સો ખાલી કરવાનો ૭૫થી વધુ વયના સાધુને સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો અને જગ્યા ખાલી કરવા સંબંધિત બૉમ્બે હાઈ કોર્ટે અગાઉ આપેલા આદેશને માન્ય રાખ્યો હતો.

જગ્યા ખાલી કરવા આપવા આટલો લાંબો સમયગાળો આપવો એ સુપ્રીમ કેર્ટ માટે અસાધારણ બાબત હતી, પરંતુ ૭૫ વર્ષથી વધુ વયના સાધુએ સમગ્ર જગતનો ત્યાગ કરી દીધો છે અને ધાર્મિક તેમ જ આધ્યાત્મિક જીવન જીવી રહ્યા હોવાની બાબતે સુપ્રીમ કોર્ટને આ અસાધારણ આદેશ આપવા પ્રેરી હતી.

મુંબઈના ગામદેવીમાં આવેલા સદીઓ જૂના બાબુલનાથ મંદિર સુધી પહોંચાડતા દાદર પર સાધુ રહે છે એ એક નાની જગ્યાનો આ વિવાદ છે.

વરિષ્ઠ વકીલ શોએબ આલમ જેમનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે તે જગન્નાથગિરીની અરજીની સુનાવણી કરી રહેલી ન્યાયાધીશ સંજય કારોલ અને એન. કોટિશ્વર સિંહની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે કોર્ટ સમક્ષ એવું કશું જ નથી આવ્યું જેને કારણે કોર્ટે નીચલી અદાલત, અપેલેટ બૅન્ચ કે પછી બંધારણની કલમ ૨૨૭ અંતર્ગત હાઈ કોર્ટે આપેલા આદેશમાં દખલગીરી કરવાની જરૂર પડે.

ગયા વરસે ૬ નવેમ્બરે હાઈ કોર્ટે આપેલા આદેશને પડકારતી ગીરીની અરજી ખંડપીઠે નકારી કાઢી હતી. (એજન્સી) ■

## બાંગ્લાદેશીઓએ ચૂંટણી પછી પોત પ્રકાશ્યુંઃ કાલીમાના મંદિરની મૂર્તિ તોડી

ઢાકા : બાંગ્લાદેશમાં ચૂંટણી બાદ હિન્દુ મંદિરો પર ફરી હુમલા શરૂ થયા છે. આ વખતે કાલીમાના પ્રાચીન મંદિરને નિશાન બનાવવામાં આવ્યું છે. જેમાં મૂર્તિઓની તોડફોડ કરવામાં આવી છે. આ ઘટના ખોક્ષાબરીમાં નીલફામરી-૩ બની છે. જ્યા ઉપદ્રવીઓએ પ્રાચીન કાલી મંદિરમાં સ્થાપિત મૂર્તિની તોડફોડ કરી હતી.

બાંગ્લાદેશમાં હાલમાં ચૂંટણીનાં પરિણામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીએ સૌથી વધુ ૨૧૨ બેઠકો જીતી છે. જ્યારે જમાત-એ-ઇસ્લામીએ ૭૬ બેઠકો મેળવી છે. કાલી મંદિરમાં તોડફોડની આ ઘટના નીલફામરી જિલ્લામાં બની જ્યાં જમાત-એ-ઇસ્લામીએ નીલફામરી-૩ સહિત બધી બેઠકો જીતી છે. જમાત-એ-ઇસ્લામીના ઓબેદુલ્લાહ સલાફી આ વિસ્તારમાંથી વિજયી જાહેર કરવામાં આવ્યા છે.

ચૂંટણી પરિણામો બાદ તરત જ લઘુમતી સમુદાયો ખાસ કરીને હિન્દુઓમાં અસુરક્ષા વધી ગઈ છે. નીલફામરી જેવા ઉત્તરીય જિલ્લાઓમાં, જ્યાં જમાત-એ-ઇસ્લામીનો મજબૂત પ્રભાવ છે. હિન્દુઓ પર હુમલા ફરી શરૂ થયા છે. આ હુમલાખોરોએ ખોક્ષાબરી ગામના સાબુલીપારા વિસ્તારમાં સ્થિત પ્રાચીન કાલી મંદિરને નુકસાન પહોંચાડ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ચૂંટણી પરિણામો જાહેર થયા પછી કેટલાક અસામાજિક તત્વોએ મંદિરમાં તોડફોડ કરી, મૂર્તિઓને નુકસાન પહોંચાડ્યું અને પરિસરમાં આગ લગાવવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં મંદિરની દિવાલો તૂટી ગઈ છે અને ગર્ભગૃહ બધુ અસ્ત વ્યસ્ત પડ્યું છે. તેમજ પૂજા સ્થળ સંપૂર્ણપણે નષ્ટ કરી દેવામાં આવ્યું છે. ■

## ગ્રામીણ વિકાસ વિભાગના બજેટનો ૬૩ ટકા હિસ્સો વીબી- જી રામ જી અને આવાસ યોજના પાછળ ખર્ચાશે

નવી દિલ્હી : સરકારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી અધિનિયમ (મનરેગા) નું સ્થાન લેનારી નવી યોજના વીબી- જી રામ જીને પ્રાથમિકતા આપી છે. એક નવા રિપોર્ટ અનુસાર, આ નવી યોજનાને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ગ્રામીણ વિકાસ વિભાગના કુલ બજેટમાં સૌથી મોટો હિસ્સો મળ્યો છે.

પીઆરએસ લેજિસ્લેટિવ રિસર્ચ દ્વારા કરવામાં આવેલા બજેટ વિશ્લેષણ મુજબ, ગ્રામીણ વિકાસ વિભાગના કુલ બજેટના આશરે ૪૦ ટકા હિસ્સો ફક્ત વીબી- જી રામ જી યોજનાને ફાળવવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (પીએમએવાય-જી) સાથે મળીને આ આંકડો ૬૩ ટકા સુધી પહોંચે છે. વીબી- જી રામ જી યોજના માટે બજેટમાં ૯૫,૬૯૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ ગ્રામીણ વિકાસ વિભાગના કુલ બજેટના ૪૦ ટકા છે. આ નવી યોજના હેઠળ દર વર્ષે ૧૦૦ ને બદલે ૧૨૫ દિવસના કામની ગેરન્ટી આપવામાં આવે છે.

વિભાગના બજેટમાં પીએમએવાય-જીનો ૨૩ ટકા છે, ત્યારબાદ મનરેગા (૧૨ ટકા), એનઆરએલએમ(૮ ટકા), પીએમજીએસવાય (૮ ટકા) અને એનએસએપી (૪ ટકા)નો સમાવેશ થાય છે. ૨૦૨૬-૨૭માં ગ્રામીણ વિકાસ વિભાગને કુલ ફાળવણીમાં વીબી-જી રામ જી (૪૦ ટકા) અને પીએમએવાય-જી (૨૩ ટકા) મળીને મંત્રાલયના કુલ બજેટના ૬૩ ટકા હિસ્સો ધરાવે છે. આ પછી મનરેગા (૧૨ ટકા), એનઆરએલએમ (૮ ટકા), પીએમજીએસવાય (૮ ટકા) અને રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (૪ ટકા)નો સમાવેશ થાય છે.

૨૦૨૬-૨૭માં ગ્રામીણ વિકાસ મંત્રાલયને ૧,૯૭,૦૨૩ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જે ૨૦૨૫-૨૬ના સુધારેલા અંદાજ કરતા ૪ ટકા વધુ છે. જમીન સંસાધન વિભાગને ૨૬૫૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જે ૨૦૨૫-૨૬ના સુધારેલા અંદાજ કરતા ૫૧ ટકા વધુ છે. આ વર્ષે મનરેગા માટે જોગવાઈ ૩૦,૦૦૦ કરોડ રૂપિયા હતી, જે ગયા વર્ષના સુધારેલા અંદાજમાં ૮૮,૦૦૦ કરોડ કરતાં ૬૬ ટકા ઓછી છે. અન્ય તમામ યોજનાઓમાં ગયા નાણાકીય વર્ષની સરખામણીમાં વધુ ફાળવણી જોવા મળી છે, જેમાં પીએમએવાય-જીમાં ફાળવણી ૬૬ ટકા વધીને ૫૪,૯૧૭ કરોડ થઈ છે. પીએમએવાય-જીમાં ગયા વર્ષના સુધારેલા અંદાજની સરખામણીમાં ફાળવણીમાં ૭૩ ટકાનો વધારો થઈને ૧૯,૦૦૦ કરોડ રૂપિયા થઈ છે. અહેવાલમાં એ પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે કે મનરેગા હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં વેતન ચૂકવણી યોજના હેઠળ ખર્ચના લગભગ ૭૦ ટકા હિસ્સો ધરાવે છે.

વીબી-જી રામ જી યોજના હેઠળ જે ૧૨૫ દિવસના કામની ગેરન્ટી આપવામાં આવી છે તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો ૬૦:૪૦ના ગુણોત્તરમાં ખર્ચ વહેંચશે, સિવાય કે ઉત્તરપૂર્વ અને હિમાલયનાં રાજ્યો જ્યાં ગુણોત્તર ૯૦:૧૦ હશે.

## પહેલા પાનાનું ચાલુ

### ભારતે

આઝમ (પાંચ રન) ફરી ફ્લૉપ ગયો હતો અને સોશ્યલ મીડિયામાં તેના પર ટીકાનો વરસાદ શરૂ થઈ ગયો હતો.

પાકિસ્તાનનો સઇમ અયુબ અને પછી ભારતનો વરુણ ચક્રવર્તી હૅટ-ટ્રિકથી વંચિત રહી ગયો હતો. પાકિસ્તાનની ટીમને ભારતીય બોલર્સ શરૂઆતથી એક પછી એક કરન્ટ આપી રહ્યા હતા, કારણકે ૧૭૬ રનના લક્ષ્યાંક સામે પાકિસ્તાને શરૂઆતથી વિકેટ ગુમાવતાં રહીને જાણે પરાજયની દિશામાં રીતસરની દોટ મૂકી હતી. ભારતે સાંજે ૭.૦૦ વાગ્યે વર્લ્ડ કપનો દિલધડક મુકાબલો શરૂ થયાની થોડી જ મિનિટોમાં (સલમાન આગાની પ્રથમ ઓવરના છઠ્ઠા બૉલ પર) વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્માએ (૦)ની વિકેટ ગુમાવી હતી, પરંતુ ભારતે એનો વળતો જવાબ આપ્યો. ભારતે પણ પહેલી જ ઓવરમાં પાકિસ્તાનના ઓપનરને પૅવિલિયનમાં મોકલી આપ્યો. હાર્દિક પંડ્યાના ચોથા જ બૉલમાં ઇન્ફૉર્મ ઓપનર સાહિબઝાદા ફરહાન (૦) રિન્કુ સિંહના હાથમાં કૅચ આપી બેઠો હતો. થોડી વાર બાદ બીજો ઓપનર સઇમ અયુબ (છ રન) ટેસ્ટના વર્લ્ડ નંબર-વન બોલર બુમરાહના યૉર્કરમાં એલબીડબ્લ્યૂ થયો હતો. સઇમ પૅવિલિયનમાં પાછો જઈને માંડ સેટ થયો હશે ત્યાં તો કૅપ્ટન સલમાન આગાએ બુમરાહના બૉલમાં હાર્દિકને ઊંચો કૅચ આપી દીધો હતો. ટૂંકમાં, બુમરાહ અને હાર્દિકે પાકિસ્તાનને મુસીબતમાં મૂકી દીધું. ૧૭૬ રનનો લક્ષ્યાંક પાકિસ્તાન માટે પહાડ જેવો હતો.

હાર્દિકે પહેલી જ ઓવરમાં વિકેટ લીધા બાદ બુમરાહ અને અક્ષર પટેલે બે-બે વિકેટ લઈને પાકિસ્તાની ટીમને વધુ મુશ્કેલીમાં મૂકી દીધી ત્યાર પછી કુલદીપ યાદવ અને સ્પિનર તિલક વર્માએ પણ એક-એક વિકેટ લઈને પાકિસ્તાની ટીમને થપાટ મારી હતી. જોકે મૅચની અંતિમ પળોમાં હાર્દિકની ઓવરમાં પહેલાં વિકેટકીપર ઇશાન કિશને અને પછી કુલદીપે બાઉન્ડરીની નજીક કૅચ છોડ્યો હતો જેમાં આફ્રિદીને સિક્સર મળી હતી. છેવટે હાર્દિકે ત્રાટક્યો હતો અને ભારતનો વિજય વધુ આસાન બનાવ્યો હતો.

એ પહેલાં, ભારતે પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૫ રન બનાવ્યા હતા. ઇશાન કિશન (૭૭ રન) પછી કોઈ પણ બૅટ્સમૅન લાંબી ઇનિંગ્સ નહોતો રમી શક્યો. સૂર્યકુમારે ૩૨ રન, શિવમ દુબેએ ૨૭ રન અને તિલકે પચીસ રન કર્યા હતા. રિન્કુ સિંહ એક છગ્ગા અને એક ચોગ્ગાની મદદથી ૧૧ રન બનાવીને અણનમ રહ્યો હતો. પાકિસ્તાની ટીમે સાત બોલર અજમાવ્યા હતા એમ છતાં ભારતને ૧૫૦ રનની અંદર સીમિત રાખવામાં તેઓ નિષ્ફળ ગયા હતા. સૌથી વધુ ત્રણ વિકેટ લેનાર સઇમ અયુબ એક તબક્કે હૅટ-ટ્રિક પર હતો, પણ એમાં તેને સફળતા નહોતી મળી. ■

### વિકસિત ભારત

રોજગાર અને માળખાકીય સુવિધાઓ ઊભી કરવાને વેગ આપવા વિક્રમજનક મૂડી રોકાણની જાહેરાત કરવામાં આવી છે.

સમાચારસંસ્થાને આપેલી મુલાકાતમાં મોદીએ કહ્યું હતું કે અગાઉની સરકાર દ્વારા રાખવામાં આવેલા માળખાકીય છીંડાંને પૂરવા અમારી સરકારે વરસો મહેનત કરી છે અને તાજેતરમાં જ જાહેર કરવામાં આવેલું બજેટ આ પ્રયાસને ઉચ્ચ સ્તરે લઈ જશે.

પહેલી એપ્રિલથી અમલી બનનારાં બજેટને સરકારના વહીવટી અભિગમનું પ્રતિબિંબ લેખાવતાં તેમણે કહ્યું હતું કે આ બજેટ સરકારના સુચારુ વહીવટ અને પ્રાથમિકતાનું પ્રતિબિંબ પાડે છે.

આ બજેટ સરકારના આ પ્રયાસને નવા સ્તરે લઈ જશે જે રિફૉર્મ એક્સપ્રેસને અસાધારણ ગતિ આપશે, એમ તેમણે કહ્યું હતું. વિકાસને ગતિ આપવા અને ખૂબ જ ઝડપથી બદલાઈ રહેલા વિશ્વમાં ઊભી થતી તક ઝડપી લેવા યુવાનોને તૈયાર કરવાનું આ બજેટનું લક્ષ્ય છે, એમ તેમણે કહ્યું હતું. બજેટની પ્રશંસા કરતા મોદીએ કહ્યું હતું કે આ બજેટ નનાવ ઓર નૅવરથ કે દબાણની સ્થિતિનું પરિણામ નથી, પરંતુ તૈયારી અને પ્રેરણાનું પરિણામ છે.

આ બજેટ વિકસિત ભારતના નિર્માણના લક્ષ્યનું પ્રતિબિંબ પાડે છે, એમ તેમણે કહ્યું હતું.

આ સરકારનું નરિફૉર્મ એક્સપ્રેસથ સામાન્ય નાગરિકો માટે મોટાપાયે લાભકારક પુરવાર થશે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આવનારાં દાયકાઓ માટે માળખાકીય સુવિધાઓમાં સતત સુધારા, ઈનોવેશન અને વહીવટનું સરળીકરણ એ અમારી સરકારની ત્રણ સર્વોચ્ચ પ્રાથમિકતા હશે.

સ્પર્ધાત્મકતા અને ઉત્પાદકતામાં સુધારો કરે તેવા માળખાકીય સુધારા, ટૅક્નોલૉજી, ઉત્પાદન અને સેવામાં નવિનતા નાગરિકો અને વેપાર વધુ વિશ્વાસ અને સરળતાથી ચાલી શકે તે માટે વહીવટનું સરળીકરણ જેવી ત્રણ બાબત અમારી ટોચની પ્રાથમિકતા હશે, એમ તેમણે કહ્યું હતું.

વર્તમાન સુધારાઓથી તમે સંતુષ્ટ છો? એ પ્રકારના પ્રશ્નનો ઉત્તર આપતાં તેમણે કહ્યું હતું કે જાહેરજીવન ઝડપી સુધારા. વધુ સારી સેવા, સતત કશું નવું તેમ જ વધુ કરવાની ઝંખના અને ચોક્કસ પ્રકારનો રચનાત્મક અજંપો માગતું હોવાને કારણે માનસિક રીતે હું ક્યારેય સંતુષ્ટ નથી થતો.

સુધારાઓને સામાન્ય નાગરિકોને મદદ મળી છે તેમ જ અને વચેટિયાનું દૂષણ ઘટ્યું છે અને માળખાકીય સુવિધાઓના વધેલા વ્યાપે કનેક્ટિવિટી સુધારી હોવાને કારણે માલસામાનની કિંમતમાં ઘટાડો થયો છે, એમ તેમણે કહ્યું હતું.

અર્થતંત્ર અને ઉદ્યોગોની જેમ જ સામાજિક ક્ષેત્રમાં સુધારા પણ એટલા જ મહત્ત્વના છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે સુધારા અમારી સરકારની પ્રતિબદ્ધતા છે.

અનેક કાલગ્રસ્ત કાયદા હવે ઈતિહાસ બની ગયા છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે દાયકાઓ સુધી દેશના નાગરિકોએ શ્રમ કાયદામાં સુધારાની રાહ જોવી પડી હતી. અમારી સરકારે એ કામ શરૂ કર્યું હતું.

કામદારોના હિતોનું રક્ષણ થાય અને વેપાર-ઉદ્યોગ પણ વધે તેની અમારી સરકારે ખાતરી કરી છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આજે ભારત વિશ્વમાં ડિજિટલ લીડર છે અને દેશના નાગરિકો યુપીઆઈ પ્લેટફોર્મ કઈ રીતે ટ્રાન્ઝેક્શન કરી શકે એ મૂળભૂત સુધારાને કારણે આ શક્ય બન્યું છે.

સુધારાઓએ એવી ઈકોસિસ્ટમ ઊભી કરી છે જેને કારણે યુવાનોની મહત્ત્વાકાંક્ષાઓને નવી તક મળી હોવાથી ભારત વિશ્વની અગ્રણી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બની ગયું છે.

અગાઉની સરખામણીએ અવરોધોનું પ્રમાણ અનેકગણું ઓછું થઈ ગયું હોવાને કારણે યુવાનો નવા વિચારોને ઉદ્યોગમાં પરિવર્તિત કરી રહ્યા છે.

એમએસએમઈ ભારતના અર્થતંત્ર, સુધારા, ટેક્સની પ્રક્રિયાનું સરળીકરણનું કરોડરજ્જુ બની ગયા છે, એમ મોદીએ કહ્યું હતું.

અમારી સરકારના એક દાયકાના કાર્યકાળમાં સંરક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલા સુધારાઓનું ફળ નઑપરેશન સિંદૂરથ દરમિયાન જોવા મળ્યું હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે સુરક્ષાના કોઈપણ પ્રકારના પડકારોને પહોંચી વળવા ભારતે સજ્જ રહેવું જોઈએ.

વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં સંરક્ષણ ક્ષેત્ર માટે રૂ. ૭.૮૫ લાખ કરોડ ફાળવવામાં આવ્યા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે વિશ્વ સ્તરે ભારત હવે મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું હોવાને કારણે વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને દેશના સંરક્ષણ ક્ષેત્રનું અત્યાધુનિકીકરણ કરવું અનિવાર્ય બની ગયું છે. એમ તેમણે કહ્યું હતું.

સત્તા સંભાળ્યાના પહેલા દિવસથી જ અમારી સરકારે સંરક્ષણ ક્ષેત્રને મજબૂત કરવાનો મક્કમ નિર્ધાર કરી લીધો હતો, એમ તેમણે કહ્યું હતું.

વિકસિત ભારતના નિર્માણમાં મહિલાઓ મહત્ત્વની ભૂમિકા ભજવશે અને સરકાર દ્વારા લેવામાં આવેલાં પગલાંઓ તેમનું સશક્તીકરણ કરશે, એમ તેમણે કહ્યું હતું. સ્પેસ હોય કે સ્ટાર્ટઅપ્સ મહિલાઓ દરેક ક્ષેત્રમાં પ્રભાવશાળી યોગદાન આપી રહી છે, એમ તેમણે કહ્યું હતું.

સરકાર મહિલાઓની મહત્વાકાંક્ષા અને જરૂરિયાતોને પૂરી કરવા વિવિધ યોજનાઓ મારફતે તમામ પ્રયાસ કરી રહી છે, એમ મોદીએ કહ્યું હતું. (એજન્સી) ■

### ટીપુ સુલતાનની છત્રપતિ શિવાજી મહારાજ સાથે સરખામણી

# પુણેમાં ભાજપ-કૉંગ્રેસના કાર્યકરો વચ્ચે જોરદાર અથડામણ

પુણે: કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળ દ્વારા ટીપુ સુલતાનની સરખામણી છત્રપતિ શિવાજી મહારાજ સાથે કરવામાં આવ્યા બાદ રવિવારે પુણેમાં ગુસ્સે ભરાયેલા ભાજપ કાર્યકરોએ કોંગ્રેસ ભવનની સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ભાજપના સેંકડો કાર્યકરોએ એકઠા થઈને કૉંગ્રેસ વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા અને સપકાળના પૂતળાને જૂતા માર્યા હતા. આ દરમિયાન ભાજપના કાર્યકરોએ કૉંગ્રેસ ભવનમાં ઘૂસવાનો પ્રયાસ પણ કર્યો હતો. પોલીસે હસ્તક્ષેપ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કૉંગ્રેસના કાર્યકરો પણ આક્રમક બનતા બંને પક્ષોના પદાધિકારીઓ એકબીજાની સામસામે આવી ગયા હતા. લગભગ એક કલાક સુધી આ હોબાળો ચાલુ રહ્યો હતો.

દરમિયાન ભાજપના કાર્યકરોએ કૉંગ્રેસના કાર્યકરો તરફ પથ્થર ફેંક્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ પથ્થરમારામાં કૉંગ્રેસના એક-બે કાર્યકરો લોહીલુહાણ થયા હતા. કૉંગ્રેસના નેતા મોહન જોશી અને પ્રશાંત જગતાપે ભાજપના આ વિરોધની ટીકા કરી હતી.

પુણેના ભાજપના કાર્યકરોએ બપોરે ૧૨ વાગ્યે કૉંગ્રેસ ભવનની સામે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું. થોડીવારમાં જ સેંકડો ભાજપના કાર્યકરો કૉંગ્રેસ ભવનની સામે એકઠા થઈ ગયા. શરૂઆતમાં સપકાલના નિવેદનનો વિરોધ વ્યક્ત કરતા કોંગ્રેસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ભાજપના કાર્યકરોએ કૉંગ્રેસ ભવનમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો.

જોકે પોલીસની હાજરીને કારણે ભાજપના કાર્યકરો અંદર પ્રવેશી શક્યા નહીં. જોકે આ સમયે થયેલી ઝપાઝપીમાં કાર્યકરો ઘાયલ થયા હતા. ■

### ■ સપકાળે શું કહ્યું

આ વિવાદ પર બોલતા હર્ષવર્ધન સપકાળે કહ્યું કે, છત્રપતિ શિવાજી મહારાજની બહાદુરી અદ્વિતીય છે. શિવાજી આપણું ગૌરવ છે. ટીપુ સુલતાન પરાક્રમી અને સ્વરાજ્યપ્રેમી હતા. છત્રપતિ શિવાજી મહારાજને આદર્શ માનીને જ તેઓ અંગ્રેજો સામે લડી રહ્યા હતા. છત્રપતિ શિવાજી મહારાજ વિશે ભાજપ અને આરએસએસના ભગતસિંહ કોશ્યારી સહિત કોણે-કોણે કેવા નિવેદનો કર્યા અને અપમાન કર્યું છે, તે મહારાષ્ટ્રની જનતા ભૂલી નથી.■

### ■ ફડણવીસ કર્યો વળતો પ્રહાર

સપકાળ પર વળતો પ્રહાર કરતાં મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું કે છત્રપતિ શિવાજી મહારાજે મુઘલો સામે લડીને સ્વરાજ્યનું નિર્માણ કર્યું હતું. બીજી બાજુ ટીપુ સુલતાન છે, જેમણે હજારો હિંદુઓનું કતલ કર્યું હતું. જો કોંગ્રેસની એવી માંગ હોય કે આ બંનેને સમાન સન્માન આપવામાં આવે, પણ મહારાષ્ટ્ર અને દેશ આવી બાબતો સહન કરશે નહીં. છત્રપતિ શિવરાય અને ટીપુ સુલતાનની તુલના કરતા હર્ષવર્ધન સપકાળને શરમ આવવી જોઈએ, તેઓ કઈ શાળામાં ભણ્યા છે? ■

### ■ ટીપુ સુલતાન શ્રી રામના નામવાળી વીંટી પહેરતા હતા: ઓવૈસી

મુંબઈ: ટીપુ સુલતાન અંગ્રેજો સામે લડતા શહીદ થયા હતા. દેશને અંગ્રેજોથી મુક્ત કરાવવા માટે ટીપુએ તલવાર ઉઠાવી હતી અને અંગ્રેજો સામે લડતા તેમને વીરગતિ પ્રાપ્ત થઈ હતી. બ્રિટિશ સેના ટીપુ સુલતાનથી એટલી ડરતી હતી કે જ્યારે ટીપુનું મૃત્યુ થયું ત્યારે સેના તેમની નજીક જવાની હિંમત કરતી નહોતી. ટીપુના મૃતદેહ પાસે સોનાની એક વીંટી મળી હતી, જેના પર 'રામ' લખેલું હતું, તેમ કહીને અસદુદ્દીન ઓવૈસીએ ટીપુના હિન્દુ ધર્મ પ્રત્યેના પ્રેમને પરોક્ષ રીતે રેખાંકિત કરવાનો પ્રયાસ કર્યો હતો. આગળ જતાં ટીપુ સુલતાનની 'શ્રી રામ' લખેલી એ વીંટીની હરાજી થઈ હતી, તેમ પણ ઓવૈસીએ જણાવ્યું હતું.એપીજે અબ્દુલ કલામે તેમના પુસ્તક 'વિંગ્સ ઓફ ફાયર'માં લખ્યું છે કે આજે ભારતમાં જે કંઈ પણ મિસાઇલ ટેકનોલોજી અને રોકેટ ટેકનોલોજી છે, તેના દ્વારા આપણે ટીપુના સપના પૂરા કરી રહ્યા છીએ, શું આ જૂઠું છે? ગાંધીજીએ તેમના 'યંગ ઈન્ડિયા' મેગેઝિનમાં લખ્યું હતું કે ટીપુ સુલતાન હિન્દુ-મુસ્લિમ એકતાનું પ્રતીક છે... શું આ જૂઠું છે? આવા સવાલો ઓવૈસીએ ભાજપ અને હિન્દુત્વવાદી સંગઠનોને પૂછ્યા હતા. ■

### ■ સપકાળની જીભ કાપી નાખનારાને ₹૧૦ લાખ ફાંસી આપનારાને બે લાખ - ભાજપના નેતાઓની ઓફર

અહિલ્યાનગરમાં ભાજપે હર્ષવર્ધન સપકાળની જીભ કાપી નાખનાર વ્યક્તિને ૧૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. તેમ જ ભાજપના નેતા નારાયણ કુચેએ સપકાળના મોં પર કાળો રંગ લગાવનાર વ્યક્તિને બે લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. અહિલ્યાનગરના છત્રપતિ શિવાજી મહારાજ સ્મારક સામે ભાજપે 'જૂતા મારો' આંદોલન શરૂ કર્યું હતું, જેમાં અનેક લોકો સહભાગી થયા હતા. સપકાળ દ્વારા આપવામાં આવેલા નિવેદનના જાલનામાં પણ પ્રત્યાઘાત પડ્યા હતા. અહીં ભાજપના પદાધિકારીઓએ સપકાળ વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કરીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. ધારાસભ્ય નારાયણ કુચે અને ભાસ્કર દાનવેના નેતૃત્વમાં કોંગ્રેસના સાંસદ કલ્યાણ કાળેની ઓફિસ સામે સપકાળ વિરુદ્ધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ■



જાગરૂકતા: ગ્લોબલ વોર્મિંગની સમસ્યાથી વિશ્વ પીડાઈ રહ્યું છે ત્યારે પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા દાખવવાની અપીલ કરતું અદ્ભુત ભીંત ચિત્ર ભાયખલાના રાણીબાગની દીવાલ પર આદિવાસી કલાકારો દિનેશ બરાપ અને આકાશ ભોઈર દ્વારા બનાવવામાં આવ્યું છે. (અમય ખરાડે)

# હવે અજિત પવાર જૂથના પ્રધાન ઝીરવળ 'નોટ-રિચેબલ'

મુંબઈ: અજિત પવારના મૃત્યુ પછી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં મોટી ઉથલપાથલ થઈ રહી છે.

શરદ પવાર જૂથ એનસીપીના બંને જૂથોને એક કરવા માટે ગતિવિધિઓ કરી રહ્યું છે. બીજી તરફ અજિત પવાર જૂથના સુનીલ તટકરે, પ્રફુલ પટેલ અને છગન ભુજબળ જેવા નેતાઓનો તેનો વિરોધ છે. એક તરફ જ્યારે વિલિનિકરણ અંગે ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે માહિતી સામે આવી છે કે મંત્રી નરહરિ ઝીરવળ 'નોટ-રિચેબલ' છે.

હકીકતમાં મંત્રાલયના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગમાં લાંચ કેસને કારણે રાજ્યનું રાજકારણ ગરમાયું છે. આ કેસમાં નરહરિ ઝીરવળનું નામ સામે આવ્યું છે અને તેઓ ઘણી મુશ્કેલીમાં મૂકાયા છે. નોંધનીય છે કાર્યવાહી થઈ ત્યારથી ઝીરવળ નોટ-રિચેબલ રહ્યા છે, જેના કારણે રાજકીય વર્તુળોમાં ગરમાગરમ ચર્ચાઓ શરૂ થઈ છે.

લાંચનો મામલો પ્રકાશમાં આવ્યા બાદ નરહરિ ઝીરવળે શનિવારના તેમના તમામ આયોજિત કાર્યક્રમો રદ કર્યા.

નાશિકમાં યોજાનાર પ્રથમ રાજ્ય સ્તરીય આદિવાસી સાહિત્ય અને સાંસ્કૃતિક સંમેલનનું ઉદ્ઘાટન કરવાનું હતું. જોકે યોગ્ય સમયે તેમની ગેરહાજરીથી આયોજકો માટે મોટી સમસ્યા ઊભી થઈ. ■

# ૧૦ વર્ષથી કાર્યરત યુટીએસ થશે બંધ

મુંબઈ: મુંબઈકર છેલ્લા ઘણા વર્ષોથી લોકલ ટિકિટ ખરીદવા માટે યુટીએસ એપનો ઉપયોગ કરી રહ્યા છે. આનાથી લોકલ ટિકિટ, પાસ અને અનરિઝર્વ્ડ ટિકિટ બુક કરવી પણ ખૂબ જ સરળ બની ગયું હતું, પરંતુ એક માર્ચથી મુસાફરો માટે આ એપ કાયમ માટે બંધ થઈ જશે.

હાલમાં આ એપથી પાસ બુકિંગ સેવા કાયમ માટે બંધ થઈ ગઈ છે અને થોડા દિવસોમાં બધી સેવાઓ બંધ થઈ જશે.

ભારતીય રેલવેએ ૨૭ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ યુટીએસ (અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ) એપ લોન્ચ કરી હતી. શરૂઆતમાં ફક્ત ભારતીય રેલવે માટે ઉપલબ્ધ હતી. આ એપ ધીમે ધીમે બધા શહેરોમાં લોન્ચ કરવામાં આવી હતી. મુંબઈ લોકલ ટિકિટ ખરીદવા માટે આ એક શ્રેષ્ઠ વિકલ્પ હતો, પરંતુ હવે આ એપ બંધ થઈ ગયા પછી, મુંબઈકરોએ રેલવન ઍપ તરફ વળવું પડશે. ■

# દેવલાલીમાં 'વ્રજધામ' હવેલીનું ભૂમિપૂજન સંપન્ન



મુંબઈ: દેવલાલીની પવિત્ર ભૂમિમાં પુષ્ટિ પરિવાર (મુંબઇ)ના તત્ત્વધનમાં અવામ વૈષ્ણવાચાર્ય શ્રી યદુનાથજી મહોદયશ્રીની અધ્યક્ષતામાં નિર્માણ થવા જઇ રહેલી શ્રીનાથજીની દિવ્ય હવેલી 'વ્રજધામ' કે જેમાં પુષ્ટિ માર્ગના પંચતત્ત્વો બિરાજમાન થશે. આ હવેલીનું ભૂમિપૂજન ૧૪ ફેબ્રુઆરીના દિવસે આચાર્ય પરિવાર, હવેલી નિર્માણ ટીમ તથા નાશિક અને મુંબઇના વૈષ્ણવોની વિશાળ હાજરીમાં સંપન્ન થયું. દેવલાલીમાં આ પ્રથમ હવેલી હોવાથી આ પંથકના વૈષ્ણવોને બહુ સુંદર લાભ મળશે. નાશિક જિલ્લાને એક વધુ ધામ મળશે.

## દેશ વિદેશ

# બાંગ્લાદેશની નવી સરકારના શપથ સમારંભમાં ઓમ બિરલા હાજરી આપશે

ઢાકા: બાંગ્લાદેશ નેશનલ પાર્ટી (બીએનપી) એ બાંગ્લાદેશમાં ચૂંટણીમાં પ્રચંડ વિજય મેળવ્યો છે. સામાન્ય ચૂંટણીમાં બીએનપીએ ૨૯૭ બેઠકોમાંથી ૨૦૯ બેઠકો જીતી હતી. આ જીત સાથે તારિક રહેમાન નવા વડાપ્રધાન બનશે. ભારત સરકારે સ્પષ્ટતા કરી છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી શપથ ગ્રહણ સમારોહમાં સામેલ થશે નહીં. તેમના સ્થાને લોકસભાના સ્પીકર ઓમ બિરલા મંગળવારે ઢાકામાં યોજાનારી બાંગ્લાદેશની નવી સરકારના શપથ ગ્રહણ સમારોહમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ સમારોહ બીએનપી અધ્યક્ષ તારિક રહેમાનના નેતૃત્વ હેઠળની નવી સરકાર ઔપચારિક શપથ ગ્રહણ લેશે.

અનેક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે બાંગ્લાદેશની નવી સરકારે ઢાકામાં યોજાનાર શપથ ગ્રહણ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપ્યું છે. વિદેશ મંત્રાલયે રવિવારે જણાવ્યું હતું કે લોકસભાના સ્પીકર ઓમ બિરલા ભારત સરકાર તરફથી તારિક રહેમાનના નેતૃત્વ હેઠળની નવી બાંગ્લાદેશ સરકારના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે. રહેમાનના નેતૃત્વ હેઠળની બાંગ્લાદેશ રાષ્ટ્રવાદી પાર્ટીએ બાંગ્લાદેશ સંસદીય ચૂંટણીમાં જંગી વિજય મેળવ્યો છે.

મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે આ મહત્વપૂર્ણ સમારોહમાં લોકસભાના અધ્યક્ષની ભાગીદારી ભારત અને બાંગ્લાદેશના લોકો વચ્ચેની ઊંડી મિત્રતાને પ્રતિબિંબિત કરે છે અને આપણા બંને દેશોને બાંધતા લોકશાહી મૂલ્યો પ્રત્યે ભારતની મજબૂત પ્રતિબદ્ધતાની પુષ્ટી કરે છે.

મુખ્ય ચૂંટણી કમિશનર એએમએમ નાસિક ઉદ્દીન સવારે ૧૦ વાગ્યે નવા ચૂંટાયેલા સંસદ સભ્યોને શપથ લેવડાવશે તેવી શક્યતા છે, જ્યારે રાષ્ટ્રપતિ મોહંમદ શહાબુદ્દીન બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના નવા અધ્યક્ષ તારિક રહેમાનની નવી કેબિનેટને સાંજે ૪ વાગ્યે શપથ લેવડાવશે. બાંગ્લાદેશના ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, રહેમાનના નેતૃત્વ હેઠળની બીએનપીએ ૨૯૭ બેઠકોમાંથી ૨૦૯ બેઠકો જીતી છે, જ્યારે જમાત-એ-ઇસ્લામે ૬૮ બેઠકો જીતી છે. ■

# લોકસભાના સ્પીકર સામેના અવિશ્વાસ પ્રસ્તાવ પર નવમી માર્ચે ચર્ચા અને મતદાન પણ થશે

નવી દિલ્હી: કેન્દ્રીય સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજૂએ રવિવારે જણાવ્યું હતું કે લોકસભાના સ્પીકર ઓમ બિરલાની વિરુદ્ધમાં વિપક્ષ દ્વારા લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન નવમી માર્ચે થશે. તેમણે વિપક્ષોને ચેતવણી પણ આપી હતી કે જો તેઓ સત્રના પહેલા ભાગની જેમ વિરોધ પ્રદર્શન ચાલુ રાખશે તો તે આખરે તેમના માટે નુકસાનકારક રહેશે. રિજિજુએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે સંસદના બજેટ સત્રનો બીજો ભાગ નવમી માર્ચથી બીજી એપ્રિલ સુધી ચાલશે અને સ્પીકર સામે લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવ પર નવમી માર્ચે જ લોકસભામાં ચર્ચા થશે, કારણ કે નિયમો અનુસાર, અવિશ્વાસ પ્રસ્તાવ પર સત્રના પહેલા દિવસે ચર્ચા થાય છે અને ચર્ચા પછી મતદાન થશે.

કિરેન રિજિજૂએ જણાવ્યું હતું કે લોકસભા સ્પીકર સામેના અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન ૯ માર્ચે હાથ ધરવામાં આવશે. નિયમો અનુસાર ઝડપી સમીક્ષા હાથ ધરવામાં આવશે. કોંગ્રેસના સાંસદોએ ઓમ બિરલા સામે ૧૧૮ સાંસદો દ્વારા સહી કરાયેલ અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યા પછી ચર્ચા કરવામાં આવશે. વિપક્ષના સાંસદોએ અધ્યક્ષ સ્પષ્ટપણે પક્ષપાતી વર્તનનો આરોપ લગાવ્યો હતો અને વિપક્ષી પક્ષોના નેતાઓને બોલવા દેવામાં આવ્યા ન હોવાનો આરોપ લગાવ્યો હતો.

જોકે, આ પહેલીવાર નથી જ્યારે વિપક્ષ દ્વારા અધ્યક્ષ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હોય. અગાઉ ૨૦૨૪માં વિપક્ષે તત્કાલિન રાજ્યસભા અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સામે સમાન પ્રસ્તાવ રજૂ કર્યો હતો. સ્વતંત્રતા પછી ઇતિહાસમાં ઓછામાં ઓછા ત્રણ એવા કિસ્સાઓ નોંધાયેલા છે જ્યારે સ્પીકરને દૂર કરવા માટે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. પહેલો પ્રસ્તાવ ૧૯૫૪માં પ્રથમ લોકસભા સ્પીકર જી.વી. માવલંકર વિરુદ્ધ હતો, જ્યારે સાંસદ વિજ્ઞેશ્વર મિશ્રાએ આરોપ લગાવ્યો હતો કે સ્પીકર નિષ્પક્ષ નથી. ■

# ભારત સદ્ભાવના અને સામાજિક સંવાદિતાનું વૈશ્વિક કેન્દ્ર છે: સંઘના વડા

ગોરખપુર: ભારત સદ્ભાવના અને સામાજિક સંવાદિતાનું વૈશ્વિક કેન્દ્ર છે. દેશની સાંસ્કૃતિક પ્રકૃત્તિ વ્યવહારિક સંબંધોને બદલે એકતા અને પરસ્પર જોડાણની ભાવના પર આધારિત છે. આ વાત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના વડા મોહન ભાગવતે કહી હતી.

ભાગવતે સંગઠનના ૧૦૦ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે આયોજિત એક સભાને સંબોધતા જણાવ્યું કે સમાજની ઓળખ પરસ્પર બંધન દ્વારા થાય છે, સ્વાર્થ દ્વારા નહીં. તેમણે કહ્યું કે ઘણા દેશોમાં સંબંધોને વ્યવહાર તરીકે જોવામાં આવે છે. આપણા દેશમાં માનવ સંબંધો પોતાનાપણાની ભાવના પર આધારિત છે.

તેમણે કહ્યું કે ભારત સદ્ભાવના અને સામાજિક સંવાદિતાનું વૈશ્વિક કેન્દ્ર છે. દેશની સાંસ્કૃતિક પ્રકૃત્તિ વ્યવહારિક સંબંધોને બદલે એકતા અને પરસ્પર બંધનની ભાવના પર આધારિત છે. ભારતની વિવિધતા પર ભાર મૂકતા ભાગવતે કહ્યું કે રિવાજો, પોશાક અને પરંપરાઓમાં તફાવત વિભાજન પેદા કરતા નથી, કારણ કે અંતર્ગત સાંસ્કૃતિક એકતા હોય છે.તેમણે કહ્યું કે આપણે ભારતને આપણી માતા માનીએ છીએ. આપણા બધામાં એક જ દૈવી ચેતના વસે છે. આ બંધન આપણને અલગ અલગ ઓળખ હોવા છતાં સંગઠિત રાખે છે. તેમણે વધુમાં કહ્યું કે માત્ર કાયદાનું પાલન જ નહીં, પરંતુ સામાજિક એકરાગ પણ સમાજને ટકાવી રાખે છે.

# રશિયા પાસેથી ઑઇલની ખરીદી: જયશંકરે સીધો જવાબ આપવાનું ટાળ્યું

મ્યુનિક: મ્યુનિક સુરક્ષા પરિષદમાં ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતા અને રશિયન તેલ આયાત વિશે ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં વિદેશ પ્રધાન એસ. જયશંકરે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ભારત સ્વતંત્ર નિર્ણય લેવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે વ્યૂહાત્મક સ્વાયત્તતા ભારતના ઇતિહાસ અને રાજકીય પરંપરાનો અભિન્ન ભાગ છે અને તે કોઈ એક સરકાર સુધી મર્યાદિત નથી. પરિષદ દરમિયાન એક પ્રશ્નના જવાબમાં જયશંકરે જણાવ્યું હતું કે આજે ઊર્જા બજાર અત્યંત જટિલ છે, અને તેલ કંપનીઓ પોતાના હિતમાં નિર્ણયો લેવા માટે ઉપલબ્ધતા, ખર્ચ અને જોખમનું મૂલ્યાંકન કરે છે. નોંધનીય છે કે અમેરિકાની ડોનલ્ડ ટ્રમ્પ સરકાર સતત દાવો કરી રહી છે કે ભારતે ટૅરિફમાં ઘટાડો અને ટ્રૅડ ડીલના બદલામાં રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. શનિવારે જર્મનીમાં મ્યુનિક સિક્યોરિટી કોન્ફરન્સમાં અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ આ વાતને ફરીવાર કહી હતી. જોકે, ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે તે જ દિવસે કોન્ફરન્સમાં તેમના અલગ સત્રમાં સીધો જવાબ આપવાનું ટાળ્યું હતું. નોંધનીય છે કે હાલમાં દેશમાં વિપક્ષ અમેરિકા સાથે ટ્રૅડ ડીલને લઈને મોદી સરકાર પર નિશાન સાધી રહ્યો છે. જયશંકરે કહ્યું હતું કે ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતા માટે પ્રતિબદ્ધ છે. નોંધનીય છે કે ડોનલ્ડ ટ્રમ્પે બીજી ફેબ્રુઆરીએ અમેરિકા સાથે કરારને લઈને ફ્રેમવર્કની જાહેરાત કર્યા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પુષ્ટિ કરી હતી.ટ્રમ્પે યુક્રેનમાં યુદ્ધ હોવા છતાં ભારત દ્વારા રશિયન તેલ ખરીદવા માટે પેનલ્ટી તરીકે લાદવામાં આવેલા પચીસ ટકા ટૅરિફ હટાવી દીધો હતો અને તેમના આદેશમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે ભારત હવે રશિયા સાથે તેલ ન ખરીદવા માટે સહમત થયું છે. ■

## પુણ્યતિથી



**સ્વ. ગણેશલાલ દાવરા**

**મરણ : ૧૬.૦૨.૧૯૮૦**

(આપણી અણધારી વિદાયને આજે ૪૬ વર્ષ પુરા થાય છે) અમે સૌ તમને અશ્રુભિની આંખે શ્રદ્ધાંજલી આપીએ છીયે.

જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ અને શીતલતા બક્ષે છે તેમ આપ બાળપણાથી જીવનના અંત સુધી તનતોડ મેહનત કરી અમને સુખમાં તરતા મુકી ગયા. આપનો નિડર સ્વભાવ, પ્રામાણિકતા અને ધંધાકીય સૂઝનો વારસો અમારા માટે માર્ગદર્શન બની રહેશે. આપના અધુરા અરમાનો પૂર્ણ કરવાની ઈશ્વર અમને શક્તિ આપે અને તમારા પવિત્ર આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**લિ. એસડી પેઈન્ટસ લિમિટેડ**

# આજે વડા પ્રધાન ઇન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ એક્સ્પોનું ઉદ્ઘાટન કરશે

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે ભારત મંડપમ ખાતે ઇન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ એક્સ્પો ૨૦૨૬નું ઉદઘાટન કરશે. આ જાણકારી વડા પ્રધાન કાર્યાલયે આપી હતી.

પીએમઓ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવ્યા અનુસાર ઇન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ એક્સ્પો ૨૦૨૬ એ ૧૬ થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન ભારત મંડપમ ખાતે ઇન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ સમિટ સાથે યોજાશે. આ પ્રદર્શન એઆઇના એક્શનનું રાષ્ટ્રીય પ્રદર્શન હશે. જ્યાં પોલિસી પ્રેક્ટિસને મળે છે, ઇનોવેશન સ્કેલને મળે છે અને ટેક્નોલોજી સામાન્ય નાગરિકને મળે છે.

નિવેદનમાં જણાવાયું છે કે વડા પ્રધાન મોદી આજે સાંજે પાંચ વાગ્યે ભારત મંડપમ ખાતે ઇન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ એક્સ્પો ૨૦૨૬નું ઉદ્ઘાટન કરશે. ૭૦,૦૦૦ ચોરસ મીટરથી વધુ વિસ્તારને આવરી લેતા ૧૦ વિસ્તારોમાં ફેલાયેલા આ એક્સ્પોમાં વૈશ્વિક ટેક્નોલોજી ફર્મ, સ્ટાર્ટઅપ્સ, શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ, કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકારો અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો એકસાથે જોવા મળશે.


આ એક્સ્પોમાં ૧૩ દેશોના પેવેલિયન પણ હશે. ■

# અમેરિકામાં ગુમ થયેલા ભારતીય વિદ્યાર્થીનો મૃતદેહ મળ્યો

ન્યૂ યૉર્ક: અમેરિકામાં ગુમ થયેલા ભારતીય વિદ્યાર્થીનો છ દિવસ બાદ મૃતદેહ મળ્યો છે. કર્ણાટકનો રહેવાસી બાવીસ વર્ષીય સાકેત શ્રીનિવાસૈયા યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયામાં પોસ્ટ ગ્રેજ્યુએશનનો વિદ્યાર્થી હતો. તે નવમી ફેબ્રુઆરીથી ગુમ હતો. સૅન ફ્રાન્સિસ્કોમાં ભારતીય કોન્સ્યુલેટે તેમનો મૃતદેહ મળ્યાની પુષ્ટિ કરી છે.ભારતીય કોન્સ્યુલેટે જણાવ્યું કે કોન્સ્યુલેટ જણાવતા દુઃખ અનુભવે છે કે સ્થાનિક પોલીસે ગુમ થયેલા ભારતીય વિદ્યાર્થી સાકેત શ્રીનિવાસૈયાનો મૃતદેહ મળ્યાની પુષ્ટિ કરી છે. અમે સાકેતના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છીએ.

મિશને વધુમાં જણાવ્યું કે અમે પરિવારને તમામ જરૂરી સહાય પૂરી પાડવા માટે તૈયાર છીએ. જેમાં સ્થાનિક અધિકારીઓ સાથે સંકલન અને વહેલી તકે તેના પાર્થિવ દેહને ભારત પરત લાવવાની વ્યવસ્થા કરવાનો સમાવેશ થાય છે.

મિશને જણાવ્યું કે અમારા કોન્સ્યુલેટ અધિકારીઓ પરિવાર સાથે સીધા સંપર્કમાં છે અને તેમને બધી જરૂરી ઔપચારિકતાઓ અને સેવાઓમાં મદદ કરશે. ■



## ક્લાસિફાઈડ

### ૬. પરચુરણ

**પરોણીગર**
મોતી પિરોવાવાળા પટવા, સોની દાગીના સુધારાવો પરોણીગર - સંપર્ક 9821369617/9324805010. (એસડીબી-૩૦૬૯)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૭૦૩૯)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Tours Private Car Himachal Kashmir Ladakh Uttaranchal Rajasthan Kerala Goa Vietnam Dubai Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હૉટેલ Travel Insurance ARRHAM HOLIDAY 9769977466 / 9892534488 / 9326373672. (બી-૧૭૦૭૦)

### ૧૭. જગ્યા આપવી છે

**ભાડેથી 3 બેડરૂમ**
**બોરીવલી જાંબલી ગલ્લી દેરાસર સામે ફુલ્લી ફર્નિશ્ડ ડુપ્લેક્સ પહેલા માળે ટૂંક સમય માટે આપવાનો છે કેતનભાઈ: 91378 69496. (૮૦૭-એ)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**મસ્જીદબંદર (વેસ્ટ)**
**સૅમ્યુઅલ સ્ટ્રીટમાં દુકાન / શોરૂમ લાયક જગ્યા - રોડ ટચ, ગ્રાઉન્ડ ફ્લોર, એરીયા ૮૦૦/ ૧૨૦૦/૨૦૦૦ સ્કવેર ફીટ લેવા મળો. મહેશ શાહ - 9820253026. (એસડીબીજી-૩૦૮૪)**

**મસ્જીદબંદર (વેસ્ટ)**
**કાજીસૈયદ સ્ટ્રીટ, સૅમ્યુઅલ સ્ટ્રીટ, દુકાન/ગોદામ લાયક જગ્યા - રોડ ટચ, ગ્રાઉન્ડ ફ્લોર, એરીયા ૭૫૫/ ૮૮૦ વેચાતી લેવા / આઉટ રાઈટથી લેવા મળો. મહેશ શાહ - 9820253026. (એસડીબીજી-૩૦૮૩)**

**CHURCHGATE**
Two Offices for Sale 230 and 239 Carpet Adjacent Single or Joint Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines. Whatsup 7021831500. (B-17099)

**CHURCHGATE**
Office 230 Carpet Fully Furnished for Sale Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 7021831500. (B-10798)

**MAROL - JAYANTARIKSH. Commercial Office for Sale (4 Cr.) / Lease. Area 1900 Bup. Glass Bldg. Owner. Manav Properties 9223200776. (SDB-3096)**

**SHOPS FOR SALE / L & L. Restaurant / Bank etc. area 440 / 700 / 1000 / 1400 Near Maxus Multiplex, Zoom LT Road Extn. Gorai, Borivali West. Owner 9223200776. (SDB-3095)**

### ૨૫. શૈક્ષણીક

**JOB ABROAD**
10th, 12th, Fail can Do Job India - Abroad. 7039618990. (812-A)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**
જુના જાણકાર ઘેરબેઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (હોમવિઝિટ) 9765396401. (મુંબઈ). (બી-૧૭૦૫૭)


# બોગસ ડિગ્રી કેસમાં લૉ કૉલેજનાં ભૂતપૂર્વ વાઈસ પ્રિન્સિપાલ દોષમુક્ત

મુંબઈઃ કૉલેજમાં પ્રવેશ મેળવવા માટે બીએની બોગસ ડિગ્રીનો કથિત રીતે ઉપયોગ કરવાના ૨૦૦૭ના કેસમાં કોર્ટે મુંબઈની એક લૉ કૉલેજનાં ભૂતપૂર્વ મહિલા વાઈસ પ્રિન્સિપાલને દોષમુક્ત કર્યાં હતાં. દસ્તાવેજોમાં ચેડાંના કોઈ પુરાવા ન હોવાની નોંધ કોર્ટે કરી હતી.

આરોપી વકીલ વિરુદ્ધ ખોટા દસ્તાવેજો તૈયાર કર્યાનું ધારી કોર્ટમાં આરોપનામું દાખલ કરવામાં આવ્યું હતું, પરંતુ તેમની વિરુદ્ધ આરોપ ઘડવા માટે કોઈ મહત્ત્વપૂર્ણ પુરાવા નથી, એવી નોંધ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ (એસ્પ્લેનેડ કોર્ટ) વિનોદ રામરાવ પાટીલે ચુકાદામાં કરી હતી.

ફરિયાદ પક્ષે આરોપ કર્યો હતો કે ચિત્રા સાળુંખેએ સિદ્ધાર્થ લૉ કૉલેજમાં એલએલબી અને એલએલએમમાં એડ્મિશન લેતી વખતે બેચલર ઑફ આર્ટ્સ (બીએ)ની ડિગ્રીમાં ચેડાં કર્યાં હતાં. સાળુંખેએ પ્રવેશ મેળવવા માટે ખોટું અને ચેડાં કરેલું સર્ટિફિકેટ રજૂ કર્યું હતું. તેમણે બીએની પરીક્ષા પાસ કરી નહોતી અને તેથી છેતરપિંડી અને ફોર્જરી કરી હતી, એવો આરોપ પોલીસે લગાવ્યો હતો. આ કેસ પછી સાળુંખેને કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ પદેથી દૂર કરાયાં હતાં.

સાળુંખેએ પોતાના વકીલ મારફત એવી દલીલ કરી હતી કે તેમની વિરુદ્ધના આરોપ પાયાવિહોણા છે. અમુક ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા આ ગુનામાં તેમને ખોટી રીતે ફસાવવામાં આવ્યાં છે.

કોર્ટે નોંધ કરી હતી કે તપાસ અધિકારી ચેડાં કરેલું ડિગ્રીનું સર્ટિફિકેટ જપ્ત કરવા અથવા રજૂ કરવામાં નિષ્ફળ ગયા છે. તેથી આરોપીએ દસ્તાવેજોમાં ચેડાં કર્યાં હોવાનું સૂચવતા કોઈ પુરાવા નથી.

આરોપીએ ખોટા દસ્તાવેજો તૈયાર કર્યા હોવાની પૂર્વધારણા રાખી આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોવાનું અવલોકન પણ કોર્ટે કર્યું હતું. (પીટીઆઈ)

# દક્ષિણ મુંબઈમાં ઘર-ગલીઓના પુનર્વિકાસનો પ્રયોગ સફળ

## સમગ્ર મુંબઈમાં પ્રોજેક્ટ અમલમાં મૂકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની સાંકડી અને અસ્વચ્છ ૧,૬૮૦ ઘર-ગલીનો પુર્નવિકાસ કરીને તેની રચનામાં ફેરફાર કરવાનો નિર્ણય મુંબઈ મહાનગરપાલિકાએ લીધો છે. ઘર-ગલીઓમાં રહેલી ગંદકીને કારણે થતા ઉંદરનો ત્રાસ ઘટાડવા માટે દક્ષિણ મુંબઈમાં સફળ પ્રયોગ બાદ હવે સમગ્ર મુંબઈમાં આવી ઘર-ગલીનો પુનર્વિકાસ કરવામાં આવવાનો છે, તે માટે ૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે.

દક્ષિણ મુંબઈના 'સી' વોર્ડમાં ચિરાબજાર, નળબજાર, ભુલેશ્વર અને આસપાસના પરિસરમાં આવેલી સાંકડી ઘર-ગલીઓમાં હાથ ધરવામાં આવેલા પ્રાયોગિક પ્રોજેક્ટને સફળતા મળ્યા બાદ પાલિકા પ્રશાસને હવે સમગ્ર મુંબઈમાં તેનો અમલમાં મૂકવાનો નિર્ણય લીધો છે. મુંબઈ શહેર અને તેની આજુબાજુના વિસ્તારમાં મોટી સંખ્યામાં ચાલીઓ બિલ્ડિંગો એકબીજાને અડીને આવેલી છે. બે ઈમારતો વચ્ચે માંડ એકથી દોઢ ફૂટનું અંતર હોય છે. સાંકડી જગ્યામાંથી પીવાના પાણીની સાથે જ ગટરની પણ લાઈન પસાર થતી હોય છે. જગ્યા ઓછી હોવાથી ત્યાં સફાઈનો અભાવ હોય છે. આમાંની અનેક ચાલીઓ બ્રિટીશ કાળની છે.

ચાલીઓમાં મોટાભાગના લોકો આ ઘર-ગલીમાં જ કચરો ફેંકતા હોય છે અને તેને કારણે ઘરગલીમાં કચરાનું પ્રમાણ વધતું જાય છે. સાંકડી જગ્યામાં અંદર જઈને સફાઈ કરવાનું પાલિકાના સફાઈ કર્મચારીઓને પણ શક્ય હોતું નથી. દિવસને દિવસે ત્યાં ગંદકી વધવાને કારણે ઉંદરનો ત્રાસ વધી જતો હોય છે. ઉંદરો પાણીથી તથા સીવરેજની લાઈનને અમુક વખત કોતરી જતા હોય છે, તેને કારણે સીવરેજની લાઈનમાં ગળતર થવાનું પ્રમાણ વધી જાય છે.

# તેજસ ઠાકરેની તબિયત લથડતા ત્રણ દિવસથી હૉસ્પિટલમાં દાખલ

મુંબઈઃ રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના પુત્ર તેજસ ઠાકરેની તબિયત લથડતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ છેલ્લાં ત્રણ દિવસથી મુંબઈમાં સારવાર લઈ રહ્યા છે. તેમના સ્વાસ્થ્યમાં સુધારો થઈ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તેજસ ઠાકરે બુધવારથી મુંબઈની એક હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. બુધવારે તેમની તબિયત લથડ્યા બાદ તેમને ગિરગામની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારથી તેમની સારવાર ચાલી રહી છે અને હવે તેમના સ્વાસ્થ્યમાં સુધારો થયો હોવાનું જાણવા મળી રહ્યું છે. રશ્મી ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે સહિત ઠાકરે પરિવારના અન્ય સભ્યોએ પણ તેજસ ઠાકરેને મળી ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા વ્યક્ત કરી હતી.

છેલ્લા પાનાનું ચાલુ

### ચવતમાળ અને

એટીએસની કાર્યવાહીથી ફરી ચર્ચામાં આવ્યો છે.

એટીએસની ટીમ દ્વારા શકમંદોના મોબાઈલ ફોન્સ, વાંધાજનક દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ગેઝેટ્સ જપ્ત કરી તેની તપાસ કરવામાં આવી રહી છે. એ સિવાય સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યાં છે. રવિવારની મોડી સાંજ સુધી કોઈનીય ધરપકડ કરાઈ નહોતી, એમ અધિકારીનું કહેવું છે.

### નેપીયન સી રોડમાં

કૉંક્રીટીકરણના કામનો પહેલા તબક્કાનું કામ પૂરું કરવાનું આયોજન છે.

તત્કાલીન મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ૨૩ જુલાઈ, ૨૦૨૨ના ૧૭,૦૦૦ કરોડના ખર્ચે રોડના કૉંક્રીટીકરણ પ્રોજેક્ટને બે વર્ષમાં પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૩માં શરૂ કરવામાં આવેલા આ પ્રોજેક્ટમાં અત્યાર સુધી સરેરાશ ૬૩ ટકા કામ પૂર્ણ થયું છે, જેમાં પહેલા તબક્કામાં નિર્ધારીત કરેલા કામમાંથી ૭૭ ટકા કામ પૂરું થયું છે. તો બીજા તબક્કામાં બાવન ટકા કામ પૂર્ણ થયું છે.

### મહારાષ્ટ્રમાં

તાપમાનનો પારો હજી થોડો ઊંચો જવાની શક્યતા વ્યક્ત કરી છે. ઉત્તર ભારતમાં સતત આવી રહેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે દેશ સહિત રાજ્યમાં હવામાનમાં સતત ફેરફાર થઈ રહ્યો છે. આગામી ૧૭ અને ૧૮ના મહારાષ્ટ્રના અમુક વિસ્તારમાં વરસાદના હળવા ઝાપટાંની શક્યતા છે. હવામાન વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગરમાંથી આવતા ભેજવાળા પવનોને કારણે જમીન પર ઓછા દબાણનો પટ્ટો તૈયાર થાય છે. તેના પરિણામે રાજ્યમાં અમુક ઠેકાણે વરસાદની શકયતા છે.

### આગમાં પાંચ

હતો. બિલ્ડિંગમાં ઉપરના માળા પર રહેતા તમામ રહેવાસીઓ પણ જીવ બચાવવા બિલ્ડિંગની બહાર દોડી આવ્યા હતા. આગ ઉપરના માળા સુધી ફેલાય તે પહેલા જ ફાયરબ્રિગેડને તેને નિયંત્રણમાં લાવવામાં સફળતા મળી હતી. કલ્યાણ-ડોંબિવલી પાલિકાના ચીફ ફાયર ઓફિસર નામદેવ ચૌધરીએ જણાવ્યા હતું કે આગમાં પાર્કિંગમાં લાગેલી આગમાં એક મહિલા દાઝી ગઈ હતી. તો એક યુવક પહેલા માળા પરના ફ્લેટમાંથી નીચે કુદકો મારતા તે દાઝ્યો હતો. તો અન્ય ત્રણ લોકોને મામૂલી ઈજા થઈ હતી. આ તમામ લોકો પહેલા માળા પર રહેતા હતા. તેમને તરત નજીક આવેલી ખાનગી હૉસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. આગમાં પાર્કિંગમાં રહેલી લગભગ ૪૦ ટુ વ્હીલર બળીને ખાખ થઈ ગઈ હતી. બેઝમેન્ટમાં લાગેલી આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ ફાયરબ્રિગેડના કહેવા મુજબ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

### આધુનિક પદ્ધતિથી

હતી. ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તાજેતરના ગાળામાં વાહનચોરીની ઉપરાછાપરી ફરિયાદો મળતાં ક્રાઈમ બ્રાન્ચે પણ આ કેસની તપાસ હાથ ધરી હતી. ઘટનાસ્થળ નજીકના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે પોલીસે આરોપીને ઓળખી કાઢ્યો હતો. આરોપી મોહમ્મદને કલ્યાણથી તાબામાં લેવાયો હતો. તેની વિરુદ્ધ રાજ્યનાં વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૫૩થી વધુ ગુના નોંધાયેલા હોવાનું તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું. આરોપીએ આપેલી માહિતી પરથી પોલીસે ગુજરાતના ગાંધીનગર જિલ્લાના માનસા ખાતેથી શર્માને પકડી પાડવામાં આવ્યો હતો. સીસીટીવી ફૂટેજ અને આરોપીએ કરેલી કબૂલાતથી પોલીસ પણ ચોંકી ગઈ હતી. આરોપી પોતાની સાથે ડિજિટલ લૉકની ચાવી બનાવવા સ્કૅનર મશીન લઈને ફરતો હતો. રસ્તાને કિનારે પાર્ક કારને તે ટાર્ગેટ કરતો. ડ્રાઈવરની બાજુની સીટ તરફના દરવાજાનો કાચ હથોડીની મદદથી તોડી તે દરવાજાને સ્પર્શ કર્યા વિના કારમાં ઘૂસતો હતો. દરવાજાને અડતાં જ સાઈરન વાગતી હોવાથી તે આ તરકીબ અજમાવતો હતો. કારમાં ઘૂસ્યા પછી આરોપી ટૂલ બૉક્સ ઑપન કરીને ડીસીએમ સર્કિટ ડિસકનેક્ટ કરતો. પછી કારનું બૉનેટ ઑપન કરીને સાયરન મૉડને ડિસકનેક્ટ કરતો અને પછી ફરી કારમાં જઈને ઓસીએમ સર્કિટ બનાવતો અને એક્સટર્નલ વાયરથી બૅટરી ફ્યૂઝ બૉક્સ જોડીને આધુનિક પદ્ધતિના સ્કૅનર મશીનને વાયફાય કનેક્ટ કરતો. પછી તેની મદદથી કારની સ્વીચ ઑન-ઑફ કી પર ચાવી મૂકીને કોડ ડિકોડ કરતો. આ રીતે ડુપ્લિકેટ ચાવી બનાવીને કાર સાથે રફુચક્કર થઈ જતો. આશ્ચર્યની વાત એટલે આ બધી કામગીરી તે માત્ર પાંચથી દસ મિનિટમાં જ કરી નાખતો હતો. તેની વિરુદ્ધ મુંબઈની કોર્ટે પ્રોક્લેમેશન વૉરન્ટ પણ જારી કર્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

### કેન્દ્રએ

અને અપગ્રેડેશનને પણ સમાવેશ થાય છે. નાશિકના પશ્ચિમ ભાગમાં અંબાડ અને સાતપુરની આસપાસ, મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા વિકસિત ઔદ્યોગિક વસાહતો હતી અને આ વિસ્તારમાં ભારે ટ્રાફિક હતો. હાલમાં આ ટ્રાફિક નાશિક શહેરમાંથી એનએચ-૮૪૮ દ્વારા પસાર થાય છે, જેના કારણે શહેરી રસ્તાઓ પર દબાણ વધી રહ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત એનએચ-૧૬૦-એ ના અપગ્રેડેશનથી આ ઔદ્યોગિક વિસ્તારોમાંથી ત્ર્યંબક થઈને વૈકલ્પિક માર્ગ મળશે, જે શહેરને બાયપાસ કરશે અને ભીડ ઘટાડશે.

### સભ્યો ફરિયાદ-પ્રશ્ન

નિર્ણયો પર સવાલ ઉઠાવવાનો અધિકાર છે. હાઈ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ સભ્ય છેતરપિંડી, હિંસા, ભંડોળનો દુરુપયોગ અથવા એવી વર્તણૂક કે જેનાથી સોસાયટીનું કામ અટકી પડે જેવું કાર્ય કરી સોસાયટીને ગંભીર નુકસાન પહોંચાડે તોજ તેની હકાલ પટ્ટી થઇ શકે. પુણેના કોથરુડમાં આવેલી સોસાયટીમાં પાંચ સભ્યોએ ૨૦૧૭ થી ૨૦૨૧ ની વચ્ચે ફ્લેટ ખરીદ્યા હતા. સમય જતાં તેમણે મેનેજિંગ કમિટીના કેટલાક નિર્ણયો પર સવાલ ઉઠાવ્યા હતાં, સભ્યો એ સહકારી વિભાગ અને પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સમક્ષ ફરિયાદો નોંધાવી હતી.

### મુલુંડમાં મેટ્રોના

દરમિયાન સુરક્ષાનાં યોગ્ય પગલાં લેવામાં ન આવતાં હોવાની ફરિયાદ અગાઉ પણ થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

દરમિયાન આ કેસમાં મુલુંડ પોલીસે શનિવારની મોડી સાંજે મિલન રોડ બિલ્ડટેકના પ્રોજેક્ટ ડિરેક્ટર હરીશ ચૌહાણ, પ્રોજેક્ટ મૅનેજર કુલદીપ સકપાળ, એન્જિનિયર સૌરભ સિંહ સુપરવાઈઝર પ્રશાંત ભોઈર અને ડીબી હિલ એલબીજીના પ્રોજેક્ટ મૅનેજર અવધુત ઈનામદારની ધરપકડ કરી હતી. પાંચેય આરોપીને કોર્ટે ૧૮ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. પોલીસ ફરિયાદ અનુસાર મુલુંડ પશ્ચિમમાં એલબીએસ રોડ પર જૉન્સન ઍન્ડ જૉન્સન કંપની સામે મેટ્રો-ચારનું કામ ચાલી રહ્યું હતું. શનિવારની બપોરે ૧૨.૩૫ વાગ્યાની આસપાસ મેટ્રોના બ્રિજને કિનારે લગાવવામાં આવેલું કૉન્ક્રીટ પ્રિકાસ્ટ પૅરાફિટ અચાનક તૂટી પડ્યું હતું. વજનદાર પૅરાફિટ બ્રિજ નીચેના રસ્તા પરથી પસાર થનારી રિક્ષા અને કાર પર પડ્યું હતું, જેને કારણે બન્ને વાહનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ ઘટનામાં મહિલા સહિત ચાર ગંભીર રીતે ઘવાયાં હતાં, જેમને મુલુંડની હૉસ્પિટલમાં લઈ જવાયાં હતાં. ફરજ પર હાજર તબીબે ગંભીર જખમી રામધની બાબાપ્રસાદ યાદવ (૪૯)ને મૃત જાહેર કર્યો હતો. જખમી ત્રણને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસે જ ફરિયાદી બની આ પ્રકરણે ગુનો નોંધ્યો હતો. એફઆઈઆર અનુસાર બ્રિજ પર ટર્ન બકલની મદદથી ગુરુવારે જ પૅરાફિટ બેસાડવામાં આવ્યું હતું. પૅરાફિટ બેસાડતી વખતે યોગ્ય રીતે કૉન્ક્રીટાઈઝેશન ન કરીને કામ અધકચરું રાખવાને કારણે પૅરાફિટ તૂટી પડ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું.

### મુંબઈ મહાગનરપાલિકાની

નગરસેવકને આપવામાં આવતું હોય છે. સોમવારે, ૧૬ ફેબ્રુઆરીના થનારી સામાન્ય સભા (હાઉસ)માં સ્થાયી સમિતિમાં કોને મોકલવામાં આવશે તે સભ્યોના નામની જાહેરાત કરવામાં આવવાની છે.

સંયુક્ત શિવસેના હતી અને ભાજપ સાથે જયારે તેમની યુતિ હતી ત્યારે ભાજપને કોઈ પણ વખત સ્થાયી સમિતિનું અધ્યક્ષ પદ મળ્યું નહોતું. ફક્ત સુધાર સમિતિનું અધ્યક્ષ પદ ભાજપને આપવામાં આવતું હતું. તો શિક્ષણ અને બેસ્ટ સમિતિનું અધ્યક્ષ પદ અમુક વર્ષ શિવસેના તો અમુક વર્ષ ભાજપ પાસે રહ્યું હતું. જોકે હવે ભાજપની વર્ષો જૂની મુરાદ પૂરી થવાની છે, જેમાં સ્થાયી સમિતિ ભાજપ અને સુધાર સમિતિનું અધ્યક્ષ પદ શિંદેસેનાને મળવાની શક્યતા છે.

સોમવારે મુંબઈ મહાનગરપાલિકાની પહેલી સામાન્ય સભા થવાની હોવાથી તેમાં સભાગૃહ નેતા અને વિરોધીપક્ષ નેતાના નામની જાહેરાત થશે. મુંબઈ મહાગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ ૮૯ બેઠકો જીતીને સૌથી મોટો પક્ષ તરીકે બહાર આવ્યો હતો. તેથી ભાજપના ગ્રૂપ લીડર ગણેશ ખણકર એ સભાગૃહ નેતા બનશે અને તેમના નામની જાહેરાત પહેલી સામાન્ય સભામાં થશે. તો વિરોધી પક્ષ તરીકે સૌથી મોટો પક્ષ શિવસેના (ઠાકરે)ના ગ્રૂપ લીડર કિશોરી પેડણેકરનું નામ વિરોધીપક્ષ નેતા તરીકે જાહેર થશે. આ સમયે જ સ્થાયી સમિતિમાં દરેક પક્ષ તરફથી કોને તક આપવામાં આવવાની છે, તેમના નામ પણ જાહેર કરવામાં આવશે.સ્થાયી સમિતિમાં કુલ ૨૬ સભ્ય હોય છે. તો શિક્ષણ સમિતિના અધ્યક્ષ એ સ્થાયી સમિતિમાં પણ સભ્ય હોય છે. આ વખત શિંદે સેનાએ બંને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ સાથે ગ્રૂપ સ્થાપ્યું છે, તેથી તેમને સ્થાયી સમિતિમાં ચાર જગ્યા મળશે. કુલ ૨૬માંથી ભાજપને ૧૦, ઠાકરેની સેનાને સાત, કૉંગ્રેસને ત્રણ, એઆઈએમઆઈએમને એક, મનસેને એક સભ્યપદ મળશે. એ પ્રમાણે જ સુધાર સમિતિમાં પણ પક્ષના સભ્યોની સંખ્યા હશે.

મુંબઈ મહાનગરપાલિકામાં સંબંધિત તમામ આર્થિક ખર્ચના પ્રસ્તાવ, મોટા પ્રોજેક્ટના પ્રસ્તાવ મંજૂરી માટે સ્થાયી સમિતિ પાસે આવે છે. સ્થાયી સમિતિના અધ્યક્ષ પાસે અધિકારી હોય છે. તેથી આ પદ માટે મોટા પ્રમાણમાં રસીખેંચ સ્પર્ધા રહેતી હોય છે.

## હિન્દુ મરણ

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**
ગામ મઉં હાલ વિદ્યાવિહાર સ્વ. કરુણાશંકર (નાથાલાલ) નર્મદાશંકર જોષીના ધર્મપત્ની શારદાબેન (માલીબેન) મંગળવાર, તા. ૧૦-૨-૨૬ના એકલિંગજી શરણ પામ્યા છે. તે સ્વ. હરેશભાઇ તથા દક્ષાબહેનના માતા. જીતેન્દ્રકુમાર મહેતાના સાસુ. મયંકના નાની. સ્વ. કાંતાબહેન મનહરલાલ જોષીના બહેન. તે દેશોતર નિવાસી સ્વ. નાથીબેન મહાશંકર જોષીની દીકરી. સ્વ.નું બેસણું તા. ૧૯-૨-૨૬ ગુરુવારના રાખેલ છે. સાંજે ૪થી ૬. ઠે. વિરેશ્વર હોલ, વિરજી મદનજી ભગીરથી ટ્રસ્ટ, વિદ્યાવિહાર (ઇસ્ટ) પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે. રડવાની પ્રથા બંધ છે.

**હાલાઇ ભાટીયા**
અ. સૌ. શિલાબેન કિરીટકુમાર નેગાંધી (ખટાલાલજીવાળા) (ઉં. વ. ૬૬) તે સ્વ. માણેકબેન જીવણદાસ નેગાંધીના પુત્રવધૂ. કિરીટકુમાર (બીપીનભાઇ)ના ધર્મપત્ની. હર્ષિદાના માતુશ્રી. તે સ્વ. મંજુલાબેન કલ્યાણજી આશરના પુત્રી તા. ૧૫-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૨-૨૬ના મંગળવારે ૪થી ૬. ઠે. ભાટીયા ભાગીરથી, દાદીશેઠ અગિયારી લેન, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**
દીવ નિવાસી (મોઠા) હાલ કાંદિવલી રંજનબેન શશીકાંત પારેખ (ઉં. વ. ૭૫) તા. ૧૪-૨-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે શશીકાંતભાઇના ધર્મપત્ની. કેસરબેન તથા ભગવાનદાસ પુરુષોતમદાસ પારેખના પુત્રવધૂ. રશ્મિ કમલેશ ચાવડા, અમિત, પરેશના માતુશ્રી. તે ઉમંગ, ઇશાન, જીનિશા, વંશ, યશના બા. પુનિતા, દીપ્તિ, કમલેશના સાસુ. સીમર નિવાસી મોસાળ પક્ષ જાધવજી જીવરાજ ચૌહાણની પુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**
મૂળ ગામ હડિયાણા હાલ બોરીવલી ગં. સ્વ વર્ષાબેન સતિષભાઈ માણેક (ઉં. વ. ૭૦) તે સ્વ. સુશીલાબેન તથા સ્વ. રતિલાલ માણેકના પુત્રવધૂ. નીરજના માતુશ્રી. સ્વ. જયંતીભાઈ તથા સ્વ. ધીરુભાઈના ભાભી. મનેશ રણછોડદાસ કુટમુટિયાના બહેન, કાજલના સાસુ. તે ૧૩/૨/૨૬ ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૬/૨/૨૬ ના ૪ થી ૬ કલાકે વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ બોરીવલી વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**
વેળાવદર નિવાસી હાલ અંધેરી અ.ની સોની શાંતિલાલભાઈ દામોદરભાઈ ધકાણ ના ધર્મપત્ની રસીલાબેન (ઉં. વ. ૮૯) તે ૧૨/૨/૨૬ ના અક્ષર નિવાસી થયેલ છે. તે જનક તથા વર્ષા વિજયભાઈ ઝવેરી, જયશ્રી સુનિલભાઈ સાગર, મીના સંજયભાઈ સાખરકર, સોનલ તથા દક્ષાના માતુશ્રી. ભાવનાના સાસુ. પુષ્કરના દાદી, પીઠવડીવાળા વીરાભાઇ ભગવાનભાઇ ધોરડાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે ૧૨૪/૧૨ મેં માળે, અમિત એસ્ટેટ બિલ્ડીંગ, સ્વામીસમર્થ નગર, લોખંડવાલા કોમ્પ્લેક્સ અંધેરી વેસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**
જૂનાગઢ નિવાસી હાલ બોરીવલી અરવિંદકુમાર ભગવાનજી નિર્મળ (ઉં. વ. ૮૮) તે ૧૩-૨-૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ભાનુબેનના પતિ. સ્વ. રતિલાલ ઓધવજી પડિયાંના જમાઈ. સ્વ. મુળજીભાઈ જાધવજી પડિયાંના ભાણેજ. ભારતી જયંત આશરા, ચંદ્રેશ તથા ભરતના પિતા. મનીષા તથા અલ્પાના સસરા. તેમની પ્રાર્થનાસભા ૧૬/૨/૨૬ ના રોજ ૪ થી ૬ કલાકે વર્ધમાન સ્થા જૈન શ્રાવક સંઘ, પારેખ ગલ્લી કોર્નર, એસ.વી. રોડ કાંદિવલી વેસ્ટ. રાખેલ છે.

**લુહાર સુથાર**
ગામ ભદ્રાવડી હાલ મલાડ આનંદભાઈ વનમાળીદાસ મિસ્ત્રી ઉંમર ૮૦ તે કલ્પેશ સંજય તથા નીતિનના બાપુજી સ્વ. નંદલાલભાઈના ભાઈ, હસમુખભાઈ નંદલાલ રાઠોડ ના કાકા. ૧૩/૨/૨૬ ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૬/૨/૨૬ ના રોજ ૫ થી ૭ લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩ અંબા માતા મંદિર પાસે બોરીવલી ઈસ્ટ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**
મુંબઈ કાંદીવલી નિવાસી ગં. સ્વ વર્ષાબેન વસંતરાય દક્ષિણી ઉંમર વર્ષ ૭૬ તે સ્વ. ચુનીલાલ માવજી દક્ષિણીના પુત્રવધુ સ્વ. હરિલાલ મનજી નાગ્રેચા ની દીકરી દીપ્તી દીપેશ પારેખ, વૈશાલી રચિત વ્યાસ પ્રીતિ રાકેશ મોદીના માતૃશ્રી સ્વ શાંતિભાઈ, સ્વ.કનૈયાલાલ, સ્વ મુક્તાબેન હિમતલાલ મરચન્ટ, સ્વ. વનિતા ધીરજલાલ ભલ્લા ગં. સ્વ કૌશલ્યાબેન રતિલાલ રાજાના ભાભી દીશી, કેયા નિવાન દેવાંશ દર્શના નાની તે તારીખ ૧૩/૨/૨૬ ના શ્રીજી ચરણ પામેલ છે. પ્રાર્થના સભા ૧૬/૨/૨૬ ના રોજ પાંચ થી છ કલાકે લોહાણા મહાજન વાડી બીજે માળે શંકર મંદિરની પાસે એસવી રોડ કાંદીવલી વેસ્ટ મુકામે રાખેલ છે

**હાલાઈ લોહાણા**
મૂળ ગામ મોટી વેરાવળ (જામનગર) હાલ થાણા નિવાસી વીણાબેન વસંતરાય ખાખરીયા (ઠક્કર) (ઉં.વ.૭૮) તે શુક્રવાર તા. ૧૩/૦૨/૨૬ ના શ્રીજી ચરણ પામેલ છે. તે વસંતરાય ગોકલદાસ ખાખરીયા ના પત્ની. તે સ્વ.ગોકલદાસ ખીમજી ખાખરીયા ના પુત્રવધુ. તે સ્વ.કમળાબેન વિશનજી રાયઠઠા ના દીકરી. તે હર્ષદ, ચેતન, રીટા રસિક નથવાણી, દીપા રમેશ રૂપારેલિયા, રૂપલ કિશોર કટારીયા, ના માતૃશ્રી. તે સ્વ. પ્રભુદાસ ભાઈ, કિશોરભાઈ, સ્વ. દેવીબેન રતિલાલ સોમૈયા, સ્વ.જયાબેન દ્વારકાદાસ દાવડાના ભાભી. પ્રાર્થના સભા સોમવાર તા.૧૬/૦૨/૨૬ ના રોજ સાંજે ૪.૩૦ થી ૬. ઠે. શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન વાડી, રઘુવંશી હોલ, ખારકર આલી, થાણા વેસ્ટ માં રાખેલ છે (લૌકિક પ્રથા બંધ છે)

**નવગામ ભાટીયા**
મૂળ ગામ રાજકોટ, હાલ પુણે નિવાસી હિતેશભાઈ રમેશચંદ્ર આસર, ઉં. ૬૨, ૧૨-૨-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે શૈલાબેનના પતિ, સરલાબેન રમેશચંદ્ર આસરના પુત્ર, સ્વ. સિદ્ધાર્થભાઈ અને મયંકભાઈના પિતા, મેનાબેન નટુભાઈ પોપટલાલ આસર (પાલઘર)ના જમાઈ. સ્વ. રાજુભાઈ, ઉમેશભાઈના ભાઈ.

**હાલાઇ લોહાણા**
વસઇ નિવાસી ગં. સ્વ. ભાનુમતીબેન (ઉં. વ. ૮૫) તે સ્વ. રમેશકુમાર રામજીભાઇ ભગદેવના પત્ની. ગં. સ્વ. મુક્તાબેન કાકુભાઇ અનડકટના દીકરી. સ્વ. મહેન્દ્રભાઇ, ધીરજબેન, મૃદુલાબેન અને નયનાબેનના મોટાબેન તા. ૧૫-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**
પોરબંદર નિવાસી હાલ મીરારોડ સ્વ. દામોદર અમીચંદ આણંદપરા તથા સ્વ. ગુલાબબેન દામોદર આણંદપરાના પુત્ર સ્વ. ગુણવંતરાય (ઉં. વ. ૭૬) તે સ્વ. ગીતાબેનના પતિ. તે સ્વ. ચંપકલાલ ખુશાલદાસ પારેખ, સ્વ. યમુનાબેન ચંપકલાલ પારેખના જમાઇ. તે રવિ, હીનાના પિતા. તે નેહાબહેન, મહેશભાઇના સસરા. તે સ્વ. પ્રાણલાલ, સ્વ. શાંતિલાલ, લલીતભાઇ, સ્વ. કિશોર, સ્વ. કીરીટ, નરેન્દ્રભાઇ તથા સ્વ. પુષ્પા દીનકરરાય શેઠ, સ્વ. જયમતી મનસુખલાલ ભુપતાણી, સ્વ. મધુકાન્તા અમૃતલાલ શેઠ, સ્વ. હેમલતા હરકીશનદાસ રાજકોટીયાના ભાઇ તા. ૧૮-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**ઘોઘારી વિસા શ્રીમાળી જૈન**
પાલીતાણાના હાલ કલકત્તા ગં. સ્વ. મધુકાંતાબેન કાંતિલાલ પ્રેમચંદ શાહ (ઉ. વ. ૮૬) તા. ૧૪-૨-૨૬ ના અરિહંતશરણ પામ્યાં છે. તે અલકા કિરીટકુમાર બખાઈ, ઈલા રાજેનકુમાર જવેરી, હીતેશ, પંકજ, હેમેન્દ્ર, ચેતન, અમી અતુલકુમાર શાહના માતા. ભાવિની, કોશા, રેખા, શીલાના સાસુ. સ્વ. સૌભાગ્યબેન મનસુખલાલ, સ્વ. ચંદ્રાબેન મણિલાલ, સ્વ. મુક્તાબેન ભોગીલાલ, સ્વ. ઈંદુબેન છોટાલાલ, ઈંદુબેન ધીરજલાલ, આશાબેન ચંદ્રકાંત, રંજનબેન ધનવંતરાય, અરુણાબેન હર્ષદરાયના ભાભી. સ્વ. પુષ્પાબેન વ્રજલાલ, સ્વ. જુલાબેન ભુપતરાય, સ્વ. કિરણભાઈ, અજીતભાઈ, ભરતભાઈના બેન, જીમીત - રુચિતા, મનન, સિધ્ધાર્થ, વિશાલ - વિરતી, યશ - માનસી, કિંજલ, શ્રેયા, દેવાંશી, દ્રષ્ટિના દાદી. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૭-૨-૨૬ સવારે ૯ કલાકે એસ વી હોલ, ભવાનીપુર, કલકત્તા.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**
જામનગર નિવાસી, હાલ વિલે પાર્લે સ્વ. શાંતાબેન મનહરલાલ શાહના પુત્ર. અશોક મનહરલાલ શાહ, (ઉં. વ. ૭૮) તા. ૧૪/૦૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે શોભનાબેનના પતિ. આભા તથા મિલનના પિતાશ્રી, તથા વિનોદભાઈ અને ભાવિતાના સસરા. તે સ્વ. કલાવતી અને સ્વ. રતિલાલ લીલાધર શાહના જમાઈ. તે સ્વ. અરવિંદ ભાઈ, વિરેન્દ્ર ભાઈ, વિદ્યાબેન અને પૂનમબેનના ભાઈ. સાદડી - તા. ૧૬/૦૨/૨૬ ના ૫:૦૦ થી ૬:૩૦, શ્રી ગુર્જર સમાજ વિશ્વકર્મા બાગ, પહેલો માળો, વિલે પાર્લે વેસ્ટ.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**
જામનગર નિવાસી, હાલ વિલેપાર્લે.સ્વ. શાંતાબેન મનહરલાલ શાહના પુત્ર અશોક (ઉં.વ ૭૮) તા. ૧૪/૦૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે શોભનાબેનના પતિ. આભા તથા મિલનના પિતાશ્રી. તથા વિનોદભાઈ અને ભાવિતાના સસરા. તે સ્વ. કલાવતી અને સ્વ. રતિલાલ લીલાધર શાહના જમાઈ. તે સ્વ. અરવિંદભાઈ, વિરેન્દ્રભાઈ, વિદ્યાબેન અને પૂનમબેનના ભાઈ. તે સ્વ. સૂર્યકાંત - ગ. ઇન્દિરાબેન, સ્વ. લક્ષ્મીકાંત- સ્વ. વાસંતી, ગં. સ્વ. મૃદુલા - વિનોદચંદ્ર, સ્વ. અરુણા - ભુપેન્દ્ર, ગ. સ્વ. આશા - ઉપેન્દ્ર અને દીપા- ભરતના બનેવી. સાદડી તા. ૧૬/૦૨/૨૬ ના ૫ થી ૬:૩૦. ઠે. શ્રી ગુર્જર સમાજ વિશ્વકર્મા બાગ, પહેલો માળો, વિલે પાર્લે (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
આધોઇના દેવજી શાહ (ઉં.વ. ૬૩) તા.૧૨-૨-૨૬ના અવસાન પામેલ છે. વાલીબેન પોપટલાલ કલ્યાણજી શાહના સુપુત્ર. ચંપાબેનના પતિ. નયન, મોક્ષદાના પિતાશ્રી. સ્વ. લક્ષ્મી, ગોમતી, સ્વ. જયંતિલાલ, દામજીના ભાઇ. ગં.સ્વ. પુનઈબેન રાજા મુરજી નિસરના જમાઈ. પ્રાર્થના શ્રી વ. સ્થા. જૈન શ્રાવક સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર (વે) સમય ૧૦.૩૦ થી ૧૨.૦૦.

ડુમરાના મુરજી નથુભાઇ કારાણી (ઉં.વ. ૮૦) તા. ૧૨-૨-૨૬ દેશમાં અવસાન પામેલ છે. હાંસબાઇ નથુ નાગપારના પુત્ર. મંજુલાબેનના પતિ. ટીના, ભારતી, રશ્મી, દિપકના પિતા. લખમશી, રતનશી, નવલબેનના ભાઇ. શેરડીના આસબાઇ શામજી નાગજી વીરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મુરજી નથુ કારાણી, ગાલા એપાર્ટમેન્ટ, ડુમરા, કચ્છ-૩૭૦૪૯૦.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
તળાજા નિવાસી હાલ મુલુંડ સ્વ. ગિરધરલાલ નાનજીભાઇ શાહના સુપુત્ર પ્રવીણભાઇ (ઉં. વ. ૮૩) તા. ૧૪-૨-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. તથા હિરેન-દીપલ, મીનલ ભાવેશકુમાર વોરાના પિતા. સ્વ. સૂરજબેન હિંમતલાલ ગાંધી, સ્વ. પ્રભાબેન ચંપકલાલ લાખાણી, સ્વ. ભોગીલાલ શાહના ભાઇ. મીત-દિશા, દિયા, દિશા અને રાજના દાદા-નાના. તથા સસુર પક્ષે કૃષ્ણલાલ ચુનીલાલ દોશી તળાજાવાળાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ફ્લેટ નંબર ૧૦, કૈલાશ આશિષ બિલ્ડિંગ, આંબેડકર રોડ, આઇસીઆઇસીઆઇ બેન્કની સામે, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડી વીસા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**
વઢવાણ શહેરના નિવાસી મણીલાલ હરખચંદ શાહના પુત્રવધૂ રંજનબેન મહાસુખલાલ શાહ (હાલ મુંબઇ) (ઉં. વ. ૮૩) તે મહાસુખલાલ મણીલાલ શાહના ધર્મપત્ની. ધર્મેશ, જતીન, મનીષાના માતુશ્રી. હિંમતલાલ તારાચંદ દોશીના સુપુત્રી. નીષા, શીતલ, વિપુલકુમારના સાસુ. નીહાર, માહિર, પ્રેજ્ઞા અભિનવ ગર્ગના દાદી. વત્સલ ધ્વનીના નાની તા. ૧૩-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૯-૨-૨૬ના ગુરૂવાર સવારે ૧૦થી ૧૨, માનવ સેવા સંઘ, સાયન (વેસ્ટ).

## મુસ્લિમ મરણ

**ખીરસરા (વિંઝાણ)**
અબડાસા હિંગોરા હનીફાબાઇ મામદ (ઉં.વ.૯૦) તે મરહુમ. હાજીઅબ્રેમાનના પત્ની. ઇશા મ. કાસમ, મુસા, લતિફ, હસન, મર્હુમ યુનુસના માતાજી. અસલમ અલી મામદ (મુતવલી ખીરસરા જમાત) અને યાસીન ઉસ્માનગનીના નાનીમા તા. ૧૦-૨-૨૬ના મંગળવારના વફાત થયા છે. તેમની જીયારત સાદગીથી તા. ૧૩-૨-૨૬ શુક્રવારના રાખેલ હતી. હવે તેમનું દસમાં માટે કુરાન ખ્વાની તા. ૧૮-૨-૨૬ ઇશા નમાઝ બાદ ખીરસરા વિં. હુસૈની મસ્જિદ મધ્યે રાખેલ છે.

# ધર્મતેજ

## મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

## હૃદયના આશ્રયે રહેલી કામનાનો અંત



સામાન્ય રીતે એમ કહેવામાં આવે છે કે કામનાઓનું આશ્રયસ્થાન મન છે. ઇન્દ્રિયો પોત પોતાના વિષયોમાં રાગ અને દ્વેષ અનુભવે છે, આની પાછળ મનમાં સંગ્રહાયેલી વૃત્તિની અસર મહત્ત્વની છે. સ્વતંત્ર રીતે ઇન્દ્રિયોની કોઈ પસંદ નથી કે નથી હોતી કોઈ નાપસંદ. સ્વતંત્ર રીતે ઇન્દ્રિયમાં નિર્ણય શક્તિ નથી. ઇન્દ્રિયોની શક્તિ તથા પ્રેરક મન છે. મનમાં ઉદ્ભવતા તરંગ પ્રમાણે ઇન્દ્રિયો કાર્યરત થાય છે. મનની ધારણા મુજબ તે ખેંચાણ અનુભવે અથવા વિરોધ નોંધાવે. ઇન્દ્રિયો એ મનના સામ્રાજ્યનો વિષય છે. અહીં બૃહદારણ્યક ઉપનિષદમાં આ માટે હૃદયની વાત કરવામાં આવી છે. આ પણ યોગ્ય છે.

અંતઃકરણની ચાર અવસ્થામાં હૃદયનું સ્થાન નથી. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, આ ચારના સમૂહમાં હૃદયનો સમાવેશ નથી થતો. દર્શનશાસ્ત્રમાં આ ચારનો વિસ્તારથી ઉલ્લેખ થયો છે. તે મનોમય અસ્તિત્વના મુખ્ય અંગ ગણાય છે. મન એ વિચારશીલતાનું કેન્દ્ર છે. ઇન્દ્રિયોને પ્રેરિત કરી તેમની પાસેથી મળતી માહિતીને એકત્રિત કરી મન તેને યોગ્ય માળખામાં ગોઠવે છે. ખાવાનું જોઈને રસેન્દ્રિય ખાવા માટે પ્રેરિત થાય તે પ્રમાણેની મન ગોઠવણ કરે. તે ખાદ્ય પદાર્થો યોગ્ય છે કે નહીં તે નિર્ણય કરવાનું કામ બુદ્ધિનું છે. બુદ્ધિ વિવિધ વસ્તુઓનું વિશ્લેષણ કરી, અર્થઘટન, તર્ક અને મૂલ્યને આધારે નિર્ણય લે છે. બુદ્ધિને જ્ઞાન તથા વિવેકનો આધાર માનવામાં આવે છે.

ચિત્ત એ સંસ્કાર અને ભાવનાનું સંગ્રહસ્થાન છે. જન્મોથી ચાલી આવતી સ્મૃતિ ચિત્તમાં જળવાયેલી રહે છે. એમ કહેવાય છે કે મૃત્યુ વખતે પવન જેમ સુગંધને એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જાય તેમ ચિત્ત આ જન્મના સંસ્કારને બીજા જન્મ સુધી ખેંચી જાય. અહંકાર એ ‘હું’ અને ‘મારું’નો ભાવ છે. દરેક અસ્તિત્વની પોતાની ઓળખ હોય છે અને આ ઓળખ પ્રત્યેનો લગાવ એટલે અહંકાર. દરેક વ્યક્તિ અન્યથી ભિન્ન હોય છે, આ ભિન્નતા માટેનું મમત્વ એટલે અહંકાર. અસ્તિત્વ ટકી રહેવાનું મૂળ કારણ અહંકાર છે. અહંકારને કારણે વર્ચસ્વ સ્થાપિત કરવાનો પ્રયત્ન થાય છે, પોતાના અસ્તિત્વ પ્રત્યે લગાવ જન્મે છે, સૃષ્ટિના દરેક તત્વથી, દરેક સર્જનથી જાતને ખાસ જોવાનો પ્રયત્ન થાય છે. આ હું છું અને આ મારું છે - અસ્તિત્વનું મૂળ આ ધારણા છે.

હૃદય આ બધાંથી ભિન્ન છે. હૃદય સત્ય છે. હૃદય સત્યની સાબિતી છે. હૃદય સત્યને પામી શકવાની આશા છે. હૃદય કશું જ નથી કરતું, છતાં પણ મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર તેને કારણે કાર્યરત રહે છે. હૃદયને કારણે મન જે તે પ્રકારનું ખેંચાણ અનુભવે છે. હૃદય છે એટલા માટે બુદ્ધિ તર્કબદ્ધ નિર્ણય લઈ શકે છે. હૃદયની હાજરીને કારણે ચિત્તમાં એકત્રિત થયેલ સંસ્કાર અસર છોડે છે. અહંકાર ટકી રહે છે કારણ કે હૃદય કાર્યરત છે. હૃદય કશું જ નથી કરતું, પરંતુ તે સર્વનું કારણ છે કારણ કે તેમાં પરમાત્માનો વાસ છે.

હૃદય તો એ વાસ્તવિકતા છે કે જ્યાં ઈશ્વરનો વાસ છે. ગીતામાં પણ જણાવાયું છે કે સર્વસ્ય ચાહં હૃદિ સન્નિવિષ્ટો અર્થાત હું સર્વના હૃદયમાં સ્થિત છું. હૃદય ચૈતન્યનું સ્થાન છે. હૃદય અસ્તિત્વનું કારણ છે. હૃદય છે, કાર્યરત છે, આત્મા સહિત છે એટલા માટે સ્થૂળ તેમજ સૂક્ષ્મ બાબતો અસ્તિત્વમાં આવે છે. હૃદયમાં રહેલ પુરુષ કારણ અસ્તિત્વનું કારણ છે, બાકીની બધી પરિસ્થિતિ પ્રકૃતિનાં સ્વરૂપ છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, બધાં જ નિષ્ક્રિય બની રહે, જો ચૈતન્ય હૃદયનો ત્યાગ કરી દે.

જો બધું જ હૃદયને આધારે હોય તો સ્વાભાવિક છે કે અંતઃકરણની પ્રત્યેક સ્થિતિ હૃદયને કારણે છે. અંતઃકરણ જે જે સ્વરૂપ ધારણ કરે છે, જે જે કારણથી સ્વરૂપ ધારણ કરે છે, તેના અસ્તિત્વ માટે જે જે પરિબળો કારણભૂત છે, તે બધાંનાં મૂળમાં હૃદય છે એમ કહી શકાય. વાસ્તવમાં હૃદયમાં કામના હોતી જ નથી પણ હૃદયમાંથી કામના છૂટવી એટલે અંતઃકરણના દરેક સ્વરૂપમાંથી કામનાની બાદબાકી થવી. અંતઃકરણનું દરેક સ્વરૂપ જ્યારે સ્વમાં પરત ફરે ત્યારે આપમેળે હૃદયની કામના શૂન્યતાને પામે. અહીંયા સમજવાનો શબ્દ કામના છે. જ્યાં રહેતી હોય ત્યાં, તેનું જે સ્વરૂપ હોય તે, તેની પાછળ જે પરિબળો કાર્યરત હોય તે, તેનો જે હેતુ હોય તે, તેનું જે પરિણામ આવતું હોય તે, તેનો આધાર જે હોય તે - આ એટલું મહત્વનું નથી જેટલું તેનો નાશ મહત્ત્વનો છે. અહીં હોય કે ત્યાં, કામનાનો અંત આવે એટલે જીવનની મુક્તિ. ગીતામાં પણ કહેવાયું છે કે કામનાથી મુક્તિ એટલે વાસ્તવિક મુક્તિ. એમ કહેવાય છે કે કામના બાકી રહે અને શ્વાસ પૂરાં થાય તો મૃત્યુ આવે અને કામના પૂરી થઈ જાય અને શ્વાસ બાકી રહે તો જીવતાં જ મુક્તિની અનુભૂતિ મળી શકે.

જે પ્રમાણે પ્રવાહ ચાલુ હોય તે પ્રમાણે કામનાના સ્થાન માટે ક્યારેક મન તો ક્યારેક બુદ્ધિ, ક્યારે અહંકાર તો ક્યારેક ચિત્ત, ક્યારેક હૃદય તો ક્યારેક પ્રકૃતિનો સંદર્ભ ટાંકવામાં આવે. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં આ સ્વીકૃત બાબત છે. શબ્દ મહત્વનો નથી, તેની પાછળનો અર્થ ગૂઢ મહત્ત્વનો છે. બૃહદારણ્યક ઉપનિષદનું આ વિધાન છે. અહીં કહેવામાં આવ્યું છે કે જ્યારે મર્ત્ય મનુષ્યના હૃદયનો આશરે કરીને રહેલી બધી કામનાઓ છૂટી જાય, ત્યારે એ અહીં જ બ્રહ્મરૂપ અર્થાત અમર બની જાય. ■

# જગતનું કલ્યાણ એ શિવ શબ્દનો અર્થ છે, એથી જેમને શિવ પ્રિય હશે તે કલ્યાણકારી કાર્યો કરશે

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



બાપ! તમે રામને, કૃષ્ણને, પરમ વૈષ્ણવી સિદ્ધાંતને માનતા હો, છતાં શંકરના ભાવને નહિ છોડો. નહીંતર રામભક્તિ, કૃષ્ણભક્તિ, કોઈ પણ અવતારની ભક્તિ પ્રાપ્તિ નથી થતી. એ કહેવડાવવી ભક્તિ થશે. ફરી એકવાર કહું કે સંપ્રદાયોની જટિલતાએ, કુટિલતાએ દેશના અધ્યાત્મને બહુ નુકસાન કરી દીધું છે. ક્યાં મહાદેવ? છે કોઈ દેવ એવા?

**सदा शिव सर्व करदाता, बर हो तो ऐसा हो,**

**हरे सब दुःख भक्तनका, दिलावर हो तो ऐसा हो।**

**शिरोको काटकर अपने, किया जब होम रावणने,**

**तो दिया सब राज दुनिया का, दिलावर हो तो ऐसा हो।**

છે કોઈ એવા? ખૂબ ભોળા છે. પાર્વતી કદી કદી ધમકાવે છે. તમે બહુ ભોળા છો, રાક્ષસોને વરદાન આપો છો, પછી રાક્ષસો આપને પરેશાન કરે છે, મને પણ પરેશાન કરે છે. બ્રહ્માજી કદી કદી ધમકાવે, વિષ્ણુ ભગવાન પણ ધમકાવે, આપ બધી ગરબડ કરો છો, પછી મને પોકારો છો, મારે આવીને પછી આપને મદદ કરવી પડે છે. જરા બુદ્ધિથી વિચાર કરીને વરદાન આપો ને? શંકરજી કહે છે કે બુદ્ધિથી વરદાન આપું તો તો પછી મને ભોળા કોણ કહેશે? બ્રહ્માજીને કહે કે બુદ્ધિવાળા પક્ષનું હું ક્યાં વિચારું ? મારે તો કોઈ આર્ત આવે કે પછી આપી દઉં છું.

તો બાપ ! એ અકાટ્ય સિદ્ધાંત છે, રામ, કૃષ્ણ, કોઈની પણ ભક્તિ કદાચ પ્રાપ્ત કરવી હોય તો પણ મહાદેવ વિમુખને ભક્તિ નહિ મળતી. કોઈ પણ વેશમાં, કોઈ પણ દેશમાં, કોઈ પણ કુળમાં તમે પેદા થયા હો, પણ કેવળ કલ્યાણની જ ભાવના તમારા મનમાં હો, તો તમે જ્યાં છો, ત્યાં રામેશ્વર છે, ત્યાં સ્વર્ગ છે. ‘રામચરિતમાનસ’માં ગોસ્વામીજી કહે છે-

**संकर प्रिय मम द्रोही सिव द्रोही मम दास।**

**ते नर करहिं कलप भरी घोर नरक महूं बास।।**

શંકર પ્રિય, જેને કલ્યાણ પ્રિય હો, સમાજનું કલ્યાણ કરવાનું છે, સમાજની સેવા કરવાની છે, અહીં જગતનું કલ્યાણ એ શિવનો અર્થ છે. કેટલાક લોકો એવા છે જે સમાજની સેવા કરવામાં રુચિ રાખે છે, સારી વાત છે, પણ શંકર પ્રિય મમ દ્રોહી- મમ દ્રોહી એટલે રામનો દ્રોહી, મમ દ્રોહી એટલે આત્મકલ્યાણનો વિરોધી. સમાજકલ્યાણ કરો, પણ તમે આત્મકલ્યાણ ન કરો તો તમે અધૂરા છો. સમાજકલ્યાણ કરવું જોઈએ, પણ આત્મકલ્યાણ સાથે સાથે કરો. કેટલાયે લોકો કહે છે કે અમે મંદિરે નથી જતા, અમે તો સમાજની સેવા કરીએ છીએ. કરો, સારી વાત છે. પણ મંદિરે નથી જતા, એનો અહંકાર કેમ કરો છો ? મંદિરની વચ્ચે આ મમદ્રોહી કેમ થાઓ છો ? બંને વસ્તુ કરો. સમાજકલ્યાણ કરવું જ જોઈએ. જન જનકી સેવા કરવી જોઈએ.

દેહાતોમાં, નગરોમાં જોયું, હવે તો બેંક થઈ ગઈ. પણ ગામોમાં, પેઢીઓ પર જે શેઠ રહે છે, લેણદેણ કરે છે, એ પોતાની રૂપિયાની થેલી સવારમાં ભરીને આવે છે. પછી એના ગ્રાહકો આવે, એને લોન આપે છે, આમ કરે છે, આપતા જાય છે. તેમ તમે આત્મકલ્યાણની ઝોળી ન ભરી, તો તમે સમાજકલ્યાણ કેવી રીતે કરી શકશો? પહેલાં ભજન અર્જિત કરો. સાધુસંત રાત્રિએ ભજન કરી લે છે, પછી દિવસમાં આવનારાઓની પાસે લૂંટાવી દે છે, લૂંટાતા રહે છે. પાછી રાત્રિ થઈ, મોહનિસા થઈ, દુનિયા સૂઈ જાય પછી મહાત્મા લોકો પાછા ભજનની કમાણી કરતાં રહે છે. પાછા સવારે લૂંટાતા રહે છે. તમે આત્મકલ્યાણ ન કરો, તો લૂંટાવી કેમ શકશો ? તમારી પાસે કંઈ હશે તો જ તમે આપી શકો. બાકી શું આપી શકાય? તેથી અહીં સેતુબંધ છે, વ્યાસગાદીની સમજમાં-શંકરપ્રિય, મમદ્રોહી. જે વિશ્વ કલ્યાણની વાતો કરશે, એ બહુ અદ્ભુત વાત છે, એને પરમ વંદન, પણ આત્મકલ્યાણે કરો.

ગાંધીજીએ વિશ્વ પર બહુ ઉપકાર કર્યા, પણ આત્મકલ્યાણ છોડ્યું નહિ, સવાર-સાંજની પ્રાર્થના નિયત સમયે થતી જ હતી. ચાહે બડા વાઈસરોય સાથે, ભારતની આઝાદીની મહત્ત્વની મિટિંગ કેમ ન હોય, ગાંધીજી પ્રાર્થના સમયે પ્રાર્થના કરતાં જ હતા.

આત્મકલ્યાણ વિના સમાજકલ્યાણ કરવું અધૂરું છે. શંકરપ્રિય મમદ્રોહી, પણ બીજો પક્ષ શિવદ્રોહી મમ દાસ-અહીં મમ દાસ, ‘મમ’ માને મમતા. જે મમતાનો ગુલામ છે અને લોકનું કલ્યાણ નથી કરતો, સ્વાર્થી છે. મારા બચી જાય, બીજાનું જે થવાનું હોય તે થાય, મારું બચી જાય, એને પણ નર્કમાં નિવાસ કરવો પડશે. આત્મકલ્યાણ ન કરે ને ફક્ત સમાજકલ્યાણ કરે એ અધૂરો છે. જનકલ્યાણ ન કરે, ફક્ત મમ, મારું જ બચી જાય, એવું જે ઈચ્છે, મારી વાત, મારી વાત બસ બની જાય, એ પણ નર્કનો ભોગી બનશે.

સમાધિમાં બેસવાવાળા પણ વિશ્વની, રાષ્ટ્રની ઉન્નતિમાં પોતાની રીતે યોગદાન આપી શકશે. છતાં, સમાજકલ્યાણનો પણ એક પક્ષ છે, એની પણ જગા છે. બંને પોતાની જગ્યાએ બરાબર છે. એટલે હું કહું છું. ભજન કરો, ભોજન કરાવો.

**संकर प्रिय मम द्रोही मम दास।**

ભજન કરો, ભોજન કરાવો, યાને આત્મકલ્યાણ પણ કરો, સમાજકલ્યાણ પણ કરો, એ બંને કરો. જન જન જો આ આત્મસાત કરી લે તો કેટલી અદ્ભુત ક્રાંતિ થાય. હું એ ક્રાંતિમાં બહુ વિશ્વાસ નથી કરતો. મેં કેટલી યે વાર કહ્યું છે કે-રાષ્ટ્રમાં ક્રાંતિ યે હોવી જોઈએ, રાષ્ટ્રમાં શાંતિ યે હોવી જોઈએ અને રાષ્ટ્રમાં ભક્તિ યે હોવી જોઈએ.

તો બંને સંકલ્પો કરો. મારા ઘરમાં રસોઈ બનશે, એ કેવળ ‘મમદાસ’ ભાવથી નહિ બને. મારા ઘરમાં કોઈ અભ્યાગતના રૂપમાં શંકર આવશે, તો એના માટે પણ હશે. આ દેશમાં અસલમાં લોકો ગો ગ્રાસ કાઢતા હતા, શ્વાન ગ્રાસ નીકળતા હતા, અતિથિ ગ્રાસ કાઢતા હતા, આ દેશની તો એ પરંપરા રહી. હં... આ અર્થમાં સેતુબંધની પ્રતિષ્ઠાનો ભાવ સમજો. સમજવું જોઈએ. પહેલાના વખતમાં તો સાધુ સંત પણ જેટલી કમાઈ કરતા હતા, એટલી લૂંટાવી દેતા હતા. રાજા પણ જેટલું એની તિજોરીમાં ભૌતિક રૂપમાં આવતું, એ વર્ષમાં લૂંટાવી દેતા હતા. મારાં ભાઈ-બહેનો, આપણે શિવના ભક્ત હોઈએ અને રામનો દ્રોહ કરીએ, રામના ભક્ત હોઈએ અને શિવનો દ્રોહ કરીએ, તો તેવા માણસની દુર્ગતિ થશે. એણે શાંતિ નહીં મળે. જે મમતાનો ગુલામ હશે, અને વૈશ્વિક વિચારધારાનો વિરોધી હશે અને તે જો આત્મકલ્યાણ ચુકી જશે તો નરકગામી થશે. શિવ પ્રિય અને રામ દ્રોહી, કૃષ્ણ દ્રોહી અને રામ પ્રિય, કૃષ્ણ પ્રિય પરંતુ શિવ દ્રોહી, તો એણે શાંતિ નહીં મળે. જેના કેન્દ્રમાં કલ્યાણ હશે તે શાંતિ મેળવી શકશે.

- સંકલન : જયદેવ માંકડ

# તમે કાલ છો તો હું મહાકાલ છું, શરણાગતની રક્ષા કરવી મારું કર્તવ્ય છે...

## શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com



દેવર્ષિ નારદ બ્રહ્માજીનો સંદેશ લઈ ઋષિ મૃકુંદ પાસે પહોંચે છે અને સંદેશ આપતાં કહે છે, ‘મને સંદેશ આપતા દુઃખ થાય છે, હે ઋષિવર, તમારી અનિચ્છાએ ગર્ભવતી બનેલી તમારી પત્ની સુતપા ફક્ત પાંચ વર્ષ છ મહિનાના આયુષ્ય ધરાવતા બાળકને જન્મ આપશે.’ આટલું સાંભળતાં જ ઋષિ મૃકુંદ કલ્પાંત કરી ઊઠે છે અને કહે છે ‘દેવર્ષિ આવો સંદેશ મોકલી બ્રહ્માજી શું સંદેશ આપવા માંગે છે?’ દેવર્ષિ નારદ તેમને સમજાવતાં કહે છે, ‘તમારા આ પ્રશ્નમાં જ બ્રહ્માજીના સંદેશનો ઉત્તર સમાયેલો છે. થોડીક ધીરજ ધરી બ્રહ્માજીના સંદેશનો વિચાર કરો, તમને ઉત્તર અવશ્ય મળી જશે.’ દુઃખી મૃકુંદ ઋષિ પોતાની કુટિરમાં પ્રવેશ કરતાં જ જુએ છે કે પત્ની સુતપા કલ્પાંત કરતી નજર પડે છે. સુતપાઃ ‘સ્વામી શું કરું? માતા પાર્વતીએ આપેલા આશિર્વાદ અને તમે કરેલી શિવ આરાધનાનું ફળ શું આ અલ્પઆયુ પુત્ર છે? શું પૂજા-આરાધનાનું ફળ આવું હોઈ શકે?’ સમજાવતાં ઋષિ મૃકુંદ કહે છે કે ‘આપણા જીવનમાં આવનારી વિપદાને આપણે મક્કમતા અને હિંમતથી સ્વીકારવી રહી. આવનાર બાળકને એના જીવનમાં વધુમાં વધુ પ્રેમ આપી એની દરેક ઈચ્છા પૂર્ણ કરવી આપણી જવાબદારી છે. કદાચ વિધાતાની આવી જ કોઈ ઇચ્છા હશે.’ દુઃખી સુતપા કહે છે. ‘તમે જે પણ વિચારતા હો તે મને માન્ય નથી, હું વિધાતાની ક્રૂરતાનો જવાબ આપવા જઈ રહી છું.’ ઋષિ મૃકુંદ કહે છે, ‘ભગવાન શિવના સાક્ષાત દર્શન અને ત્યારબાદ તેમની આજ્ઞા હતી કે પતિ ધર્મ નિભાવી તમારી આકાંક્ષાઓને પૂર્ણ કરવી. એ આજ્ઞાથી મને તમારી ભક્તિ અને સમર્પણતા માટે ગર્વ થયો હતો, એ ગર્વને ખંડિત ન કરો. આજ સુધી વિધાતા સાથે કોઈ લડી નથી શક્યું. સંદેશ આપતી વખતે દેવર્ષિ નારદે કહ્યું હતું કે, ઋષિ મૃકુંદ તમે પતિ-પત્ની શિવ શક્તિના પરમ ભક્ત છો. ભગવાન શિવ અને માતા પાર્વતી પ્રેમ કરતાંય વધુ સમર્પણથી પ્રસન્ન થાય છે. વિધાતાને દોષ આપી કંઈ લાભ નહીં થાય. ભગવાન શિવ અને માતા પાર્વતીને સમર્પિત થાઓ તમારી બધી મનોકામના પૂર્ણ થશે. બ્રહ્માજીનો સંદેશ મોકલવાનો ગર્ભિત ઈશારો એ હોવો જોઈએ કે હવે આપણે સમય વ્યતિત ન કરતાં શિવઆરાધના કરવી જોઈએ અને આવનારા પુત્રને પ્રેમથી સહર્ષ સ્વીકારી તેનો ઉછેર કરવો જોઈએ. માતા પાર્વતીએ તમને આશિર્વાદ આપ્યાં હતાં કે સમાજ અને જગતનું કલ્યાણ કરનાર પુત્ર પ્રાપ્ત થશે. તો તેમના આશિર્વાદ ક્યારેય મિથ્યા નહીં થાય. શિવ ભક્તિ જ આપણા પુત્રને અલ્પઆયુથી દિર્ઘાયુષ્ય તરફ લઈ જશે.’ ઋષિ મૃકુંદની વાત યોગ્ય લાગતાં બંને પતિપત્ની શિવઆરાધનામાં વ્યસ્ત થઈ ગયા અને યોગ્ય સમય થતાં જ સુતપાએ પુત્રને જન્મ આપ્યો. ઋષિ મૃકુંદના આશ્રમમાં આનંદ વ્યાપી ગયો. તેમણે એ બાળકનું નામ માર્કંડેય રાખ્યું. સમય વ્યતીત થવા માંડયો. બાળક ધીમે ધીમે મોટો થવા માંડયો. ભયભીય ઋષિ મૃકુંદ અને સુતપા પુત્રના લાલન-પાલન અને શિવભક્તિમાં તરબોળ થઈ ગયાં.

---

સમય વિતતો જતો હતો, માર્કંડેયના જન્મને આજે પાંચ વર્ષ છ મહિના પૂર્ણ થવાના છે. માર્કંડેય નિદ્રામાં છે એવું સમજી રડતાં રડતાં સુતપા કહે છેઃ ‘સ્વામી આજે માર્કંડેય પાંચ વર્ષ છ મહિનાનો થઈ ગયો છે આજે એના આયુષ્યનો છેલ્લો દિવસ છે, હું મારું આયુષ્ય એને આપી દેવા તૈયાર છું. હું શું કરું...’

ઋષિ મૃકુંદઃ ‘સુતપા શાંત થાઓ, ભગવાન શિવ અને માતા પાર્વતીના આશિર્વાદ આપણી સાથે છે. મને ખાતરી છે કે માર્કંડેયને કંઈ નહીં થાય.’

ઋષિ મૃકુંદના સાંત્વનથી સુતપા નિદ્રાધીન થઈ જાય છે અને ત્યારબાદ ઋષિ મૃકુંદ પણ પોઢી જતાં માર્કંડેય ઉઠે છે અને સરોવર કિનારે જઈ શિવલિંગ પાસે આવી ‘ૐ નમઃ શિવાયઃ’ પંચાક્ષરી જાપની શરૂઆત કરે છે. એ સમયે આકાશ માર્ગથી જઈ રહેલા દેવર્ષિ નારદ તેને જુએ છે.

દેવર્ષિ નારદઃ ‘બાળ માર્કંડેય આટલી રાત્રે જાપ કરી રહ્યા છો.’

માર્કંડેય પોતાની આરાધના ચાલુ રાખતાં કોઈ જવાબ આપતાં નથી.

દેવર્ષિ નારદઃ ‘પુત્ર શું તમને તમારી અલ્પઆયુ વિશે ખબર છે? અને આટલી રાત્રે કુટિરની બહાર બેસવું જંગલી જાનવરથી તમને ડર નથી લાગતો?’

માર્કંડેયઃ ‘હે મહાન મુની જેવા લાગતા આપશ્રી તમે કોણ છો એ મને ખબર નથી, પણ તમને એટલી તો ખબર જ હશે કે, જે ભગવાન શિવની શરણે હશે તેને જંગલી જાનવર તો દૂર, કાળ (મૃત્યુ)નો પણ ડર હોતો નથી.’

દેવર્ષિ નારદઃ ‘હે ભોળેનાથ! તમારી લીલા અપરંપાર છે, હું ઇચ્છું છું કે આજનો સૂર્યોદય અલ્પઆયુ માર્કંડેયના જીવનમાં નવો અધ્યાય લખનારો આવે.’

આટલું કહી દેવર્ષિ નારદ ત્યાંથી વિદાય લે છે.

***

પરોઢ થતાં પહેલાં જ યમદેવ તેમના યમદૂતોને માર્કંડેયના પ્રાણ હરવાનો આદેશ આપે છે.

યમદૂતો માર્કંડેયને શોધતાં શોધતાં ઋષિ મૃકુંદની કુટિર પાસે પહોંચે છે, તેઓ જુએ છે કે માર્કંડેય શિવ આરાધનામાં લીન છે.

યમદૂતઃ (બીજા યમદૂતને) ‘મિત્ર આ બાળક તો ભગવાન શિવની આરાધના કરી રહ્યો છે, આરાધના દરમિયાન યમપાશનો ઉપયોગ કરી શકાય?’

બીજો યમદૂતઃ ‘માર્કંડેયની આયુ સમાપ્ત થઈ ગઈ છે, યમરાજનો આદેશ છે તેના પ્રાણ હરવાનો. હવે શિવ આરાધના આપણા કર્તવ્યને નહીં રોકી શકે. આપણે યમદેવની આજ્ઞાનું પાલન અવશ્ય કરવું જોઈએ.’

એક યમદૂત માર્કંડેય પર યમપાશ ફેંકતાં જ શિવલિંગમાંથી એક અગ્નિની તરંગ નીકળી અને એ યમદૂતને મૂર્છિત કરી દીધો. એ જોઈ બીજા યમદૂતે પણ યમપાશ માર્કંડેય પર ફેંક્યો. યમપાશ માર્કંડેય તરફ આવતા ફરી શિવલિંમાંથી એક અગ્નિતરંગ નીકળી અને બીજા મયદૂતને જોજન દૂર ફેંકી દીધો. ફંગોળાયેલો યમદૂત યમલોક પહોંચે છે.

યમરાજઃ ‘દૂત! મેં તમને માર્કંડેયના પ્રાણ હરવા મોકલ્યા હતા, માર્કંડેયનો પ્રાણ ક્યાં છે? અને તમે એકલા કેમ આવ્યા છો? બીજો દૂત ક્યાં છે?’

યમદૂતઃ ‘યમરાજ હું અને મારો સહકારી દૂત અમે બંને માર્કંડેયના પ્રાણ હરવા ગયા હતા, માર્કંડેય ભગવાન શિવની આરાધનામાં લીન હતો અમે બંનેએ યમપાશ ફેંકયા, પણ.... શિવલિંગમાંથી નીકળતાં તરંગોએ મારા સહકારી દૂતને મૂર્છિત કરી દીધો અને મને જોજન દૂર ફેંકી દીધો.’

યમરાજઃ ‘તો એમ છે, હું જોઉં છું કે માર્કંડેયના પ્રાણ હરતા મને કોણ અટકાવે છે, ચાલો દૂત.’

યમરાજ અને તેના દૂત સૌ સાથે મળી મૃકુંદ ઋષિના આશ્રમ પહોંચ્યા, માર્કંડેય ફરી શિવ આરાધનામાં લીન હતો. ક્રોધિત યમરાજના ભયાનક રૂપને જોઈ બાળક માર્કંડેય ગભરાય જાય છે અને શિવલિંગને વળગી જાય છે અને ‘ૐ નમઃ શિવાયઃ’ જાપ ચાલુ રાખે છે. ક્રોધિત યમરાજ પોતાની ગદાનો પ્રહાર કરવા જતાં જ ભગવાન શિવ અને માતા પાર્વતી ત્યાં પ્રગટ થાય છે અને યમરાજ સહિત તેમની ગદાને બંદી બનાવે છે.

ભગવાન શિવઃ ‘શિવ આરાધના કરતા બાળક પર પ્રહાર કરવાનું સાહન તમે કંઈ રીતે કરી શકો યમરાજ?’

યમરાજઃ ‘પ્રભુ હું તો મૃત્યુના અટલ નિયમોનું પાલન કરનારો છું, ચિત્રગુપ્તના લેખનમાં માર્કંડેયની આયુ આજની રાત જેટલી જ દાખવી છે.’

ભગવાન શિવઃ ‘તમે નિયતીના સંચાલન માટે નિયુક્ત છો, તમે કાલ છો તો હું મહાકાલ છું. શરણાગતની રક્ષા કરવી મારું કર્તવ્ય છે. મારી ભક્તિની ચરમસીમા પર પહોંચેલા બાળકને કઈ રીતે મારી શકાય? જે જીવાત્મા પોતાનું જીવન મારા માટે સમર્પિત કરે છે એ મને પ્રિય છે. નિયતીના લેખનમાં માર્કંડેય દ્વારા મારી ભક્તિ બાદ અમરતાનું વરદાન પણ લખવામાં આવ્યું છે, ચિત્રગુપ્તના લેખનમાં ત્રુટી રહી ગઈ છે, તમે પરમજ્ઞાની છો તમને એટલું તો જ્ઞાત હોવું જ જોઈએ કે તમારા પાશ તૂટવા પાછળ કોઈ કારણ હોવું જોઈએ.’

યમરાજઃ ‘પ્રભુ! આ દાસ પર કૃપા કરો અને કહો મારે શું કરવાનું છે?’

ભગવાન શિવઃ ‘માર્કંડેયની અલ્પઆયુનો શ્રાપ સમાપ્ત થઈ ગયો છે, માર્કંડેય હવે અમરતાનું વરદાન મેળવી સંસારના કલ્યાણ માટે કાર્ય કરશે. તમે યમલોક જઈ તમારા કાર્યને પાછું સંભાળી લો.’

માતા પાર્વતીઃ ‘માર્કંડેય તમે ફક્ત શિવ કૃપાના જ પાત્ર નથી, તમે મારા પુત્ર કાર્તિકેય અને ગણેશની જેમ દેવ છો. હું તમને મારા પુત્રોની જે સ્નેહ અને સિદ્ધિઓ પ્રદાન કરીશ.

(ક્રમશ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# ધુમાડો - રાખ - ગરમી - પ્રકાશ



આ એક જ ક્રિયાનું પરિણામ છે. કોઈપણ પદાર્થનું દહન થાય, અગ્નિ સાથે જ્યારે તેનો સંયોગ થાય ત્યારે ઊર્જા સ્વરૂપે ગરમી અને પ્રકાશ અને ભૌતિક પરિણામ સ્વરૂપે ધુમાડો અને રાખ સર્જાય. જીવનની પ્રત્યેક પ્રક્રિયા માટેનું આ પ્રતીક બની શકે. કોઈપણ પદાર્થ સળગે ત્યારે તેમાં જે સુષુપ્ત ગુણ હોય, તેની જે સ્થાપિત પ્રકૃતિ હોય, તેનું જે બંધારણ હોય તે ચાર સ્વરૂપે રૂપાંતરિત થાય. અદશ્ય ઊર્જા સ્વરૂપે ગરમી, દશ્ય ઉર્જા સ્વરૂપે પ્રકાશ, પ્રક્રિયા દરમિયાન ઉપ-ઉત્પાદન સ્વરૂપે ધુમાડો અને પદાર્થના અંતિમ અવશેષ તરીકે રાખ. દહન પ્રક્રિયા ચાલુ હોય ત્યાં સુધી પ્રકાશ, ગરમી અને ધુમાડાનો પ્રભાવ હોય પણ જ્યારે પદાર્થ રાખમાં રૂપાંતરિત થાય ત્યારે માત્ર રાખ બાકી રહે. અમુક સમય સુધી તેમાં પણ ગરમી હોય પણ તે તો ક્ષણિક વચગાળાની પરિસ્થિતિ કહેવાય.

પદાર્થનું દહન થાય ત્યારે તેમાં જે તે કણના અપૂર્ણ દહનથી કાર્બન એટલે કે કોલસાના નાનાં નાનાં કણ વાયુ અને ભાપ સાથે મિશ્રિત થતાં ધુમાડો સર્જાય. આ કણો સૂક્ષ્મ હોવાથી હવામાં તરતાં રહે. ધુમાડો ક્યારેક સ્વાસ્થ્યને હાનિ પણ પહોંચાડે. જ્યારે પદાર્થ સંપૂર્ણ બળી જાય પછી જે અદહ્ય બળી ન શકે તેવો અંશ રહી જાય તે રાખ, જે ક્યારેક મૂળ પદાર્થ વિશે જાણકારી આપી શકે. વ્યવહારમાં, ધર્મમાં અને આધ્યાત્મમાં રાખની એક વિશેષ ઉપયોગીતા પણ હોય છે. દહનની પ્રક્રિયામાં પદાર્થના અણુઓ ઊર્જામાં રૂપાંતરિત થતાં હોય જેને કારણે વધેલા તાપમાનની, ગરમીની પ્રતીતિ થાય. ગરમીની અનુભૂતિ હોય તે દ્રશ્યમાન ન થાય. અહીં પદાર્થની અવસ્થા બદલાઈ શકે જેમ કે ઘન પદાર્થ દ્રવ્યમાં અને દ્રવ્ય વાયુમાં રૂપાંતરિત થાય. પ્રકાશ એ દહન ક્રિયામાં ઉત્પન્ન થતી ઊર્જાનું બીજું સ્વરૂપ છે, જેને જોઈ શકાય. એમ કહી શકાય કે દહન ક્રિયા પાછળનું મૂળ હેતુ કાં તો ગરમી પ્રાપ્ત કરવાનો કાં તો પ્રકાશ પ્રાપ્ત કરવાનો હોય. ધુમાડો અને રાખ ઉપ-ઉત્પાદન કે બાય-પ્રોડક્ટ કહેવાય.

દહનની પ્રક્રિયાના આ ચાર પરિણામ આધ્યાત્મના ક્ષેત્રમાં પ્રતિકાત્મક રીતે કેટલીક અગત્યની વાત દર્શાવી શકે. ધુમાડાને અસ્પષ્ટતા, આવરણ, અજ્ઞાન, મલીનતા, અંધકાર, અપૂર્ણતાનું પ્રતીક કહી શકાય. ધુમાડાથી ઘણી વાર વાસ્તવિક સ્વરૂપ નજરે ન ચડતું હોવાથી મોહ માટે પણ તેની ઉપમા અપાતી હોય છે. એમ કહી શકાય કે જ્યારે મન અશાંત હોય, અપાર કામનાઓને કારણે અસંતોષ હાવી થયો હોય, જ્ઞાન ઉપર વાદળ સમાન અજ્ઞાનનું આવરણ છવાઈ ગયું હોય, સત્ય વિશે કોઈ સ્પષ્ટતાની સંભાવના ન હોય ત્યારે ધુમાડા સમાન સ્થિતિ છે તેમ કહી શકાય. જ્યારે રાખ એ અંતિમ અવશેષ છે જે દર્શાવે છે કે સૃષ્ટિની દરેક ભૌતિક વસ્તુ નાશ પામે છે અને અંતે રાખમાં રૂપાંતરિત થાય છે. જીવનની નાશવંતતા અને અનિત્યતાનું આ પ્રતીક છે. સૃષ્ટિના આ સત્ય વિશે જાગૃતિ કેળવાતાં આપમેળે અહંકાર, મમતા, મોહ, લોભ જેવી બાબતોથી મુક્તિ મળવાની સંભાવના વધી જાય. એમ કહી શકાય કે રાખ વૈરાગ્ય માટેની સચોટ પ્રેરણા સન્માન માધ્યમ બની શકે. રાખને કારણે નિત્ય અને અનિત્ય બાબતોની પ્રતીતિ થઈ શકે. અંતિમતા અને નિષ્પ્રાણ અવસ્થા માટેનું તે પ્રતિક હોવાથી, શિવજીની ભસ્મ-ભભૂતિ સ્વરૂપે તે, આત્મ જાગૃતિ માટેની શરૂઆત બની શકે.

ગરમીને જીવનશક્તિ, ઉત્સાહ, આશા, હૂંફ, પ્રેમ, પ્રેરણા તથા ભાવનાત્મક ચેતના સાથે સરખાવી શકાય. આધ્યાત્મના ક્ષેત્ર માટે એમ કહી શકાય કે અપાર શ્રદ્ધા અને આત્મબળ આધારિત 'તપ'ના દહનથી જે ગરમી ઉત્પન્ન થાય તેનાથી સંસારી મલિનતા નષ્ટ થવાની સંભાવના ઊભી થાય. જીવનના અસ્તિત્વ માટે તો શરીરના તાપમાનનું અમુક સ્તર જરૂરી છે જ, પરંતુ સાથે સાથે સૂક્ષ્મ તેમજ કારણ સ્તર ઉપર આંતરિક ઊર્જાનો સંચાર પણ સકારાત્મક 'સૂક્ષ્મ' ગરમી સ્થાપિત કરી શકે. જ્યારે, પ્રકાશ એ દૃશ્યમાન ઊર્જા હોવાથી તેની સરખામણી દીવા સાથે થતી હોય છે. આમ પણ આત્માના પ્રતીક તરીકે દીવાની જ્યોતનો જ ઉલ્લેખ થતો હોય છે. આ દીવાની જ્યોતની સંપૂર્ણ સ્થિરતા એટલે જીવનનાં પ્રત્યેક આવેગનું પૂર્ણતામાં શમન. આત્માના પ્રકાશ વિશે અનુમાન માટે પ્રકાશ ઊર્જાનું ઉદાહરણ લેવાતું હોય છે. પ્રકાશ કોઈ દિવસ મલીન ન થતો હોવાથી તેને પવિત્ર, શુદ્ધ, સાત્ત્વિક તેમજ સંપૂર્ણ અસ્તિત્વ માનવામાં આવે છે. અંધકાર દૂર કરનાર પ્રકાશ આધ્યાત્મિક પ્રેરણાનું પ્રતીક છે. પ્રકાશ એટલે જ્ઞાન. પ્રકાશ એટલે આત્માની પ્રતીતિ. પ્રકાશ એટલે નિર્દોષ, નિર્લેપ, નિરાકાર, નિષ્કલંક અસ્તિત્વ એટલે કે બ્રહ્મનું એક પ્રતીક. મોક્ષમાર્ગ ધ્યાનમાં આવે, નજરે ચડે, તે માટે આ પ્રકાશની આવશ્યકતા છે. જ્ઞાનનો પ્રભાવ હોય, દૈવી ઉપસ્થિતિ હોય, આત્માના અસ્તિત્વની પ્રતીતિ હોય, સ્વ-ચૈતન્યની અનુભૂતિ હોય ત્યારે પ્રતિકાત્મક રૂપે પ્રકાશનું સામ્રાજ્ય છે તેમ કહેવાય. ધુમાડો એટલે અજ્ઞાનની સ્થિતિ જ્યાં સત્ય છુપાયેલું રહે, રાખ એટલે સૃષ્ટિની દરેક સ્થૂળ અસ્તિત્વની અંતિમ સ્થિતિ, ગરમી એટલે તપસ્યા, શ્રદ્ધા કે સાધના જેવી આધ્યાત્મિક પ્રવૃત્તિથી પ્રાપ્ત સતી ઊર્જા અને પ્રકાશ એટલે અંતિમ પરમ-સત્યની, પરમ-જ્ઞાનની, પરમ-આનંદની અનુભૂતિ. આ ચારેય વિવિધ પ્રકારનાં આધ્યાત્મિક પ્રતીક સૂચિત કરે છે.

દરેક વ્યક્તિનું જીવન સતત દહનની પ્રક્રિયામાંથી પસાર થતું હોય છે. તેના પરિણામ સ્વરૂપ ક્યાંક આવરણ સમાન ધુમાડો ઉત્પન્ન થાય, અંતિમ વાસ્તવિકતા સમાન રાખ બને, જીવનના અસ્તિત્વ માટે જરૂરી ઊર્જા ગરમી સ્વરૂપે મળતી રહે અને સમગ્ર પ્રવાસને અંતે પ્રકાશની સંભાવના જાગે. વ્યક્તિની રુચિ શેમાં છે અને તેનું ધ્યાન શેના પર કેન્દ્રિત થાય છે, તેના આધારે નક્કી થાય કે ચારમાંથી શેનું પ્રભુત્વ રહેશે. સંભાવના બધી જ છે. ■

# સફળતા માટેની ચેષ્ટા

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com



ગત અંકમાં સિદ્ધિ માટે સાધનોની ચર્ચા કરીને હવે ભગવાન કૃષ્ણ સિદ્ધિના ચૌથા કારણ એવા 'ચેષ્ટા' એટલે પ્રયત્ન અને ક્રિયા ઉપર ભાર મૂકે છે, તેને સમજીએ.

સફળતા સૌનું સ્વપ્ન છે. સિદ્ધિ દરેકનું ધ્યેય છે. જીવનમાં પ્રત્યેક વ્યક્તિ ઊંચે ચડવા, આગળ વધવા અને પોતાની ઓળખ બનાવવાની ઇચ્છા રાખે છે. પરંતુ સફળતા સહજ રીતે કોઈને પ્રાપ્ત થતી નથી. તેના માટે અથાક પ્રયત્ન અને અવિરત ચેષ્ટા કરવી જ પડે છે. પ્રયત્ન એ સફળતાનો પાયો છે. પ્રયત્ન વિના કોઈ કાર્ય સિદ્ધિ સુધી પહોંચી શકતું નથી.

જેમ જમીન ખેડ્યા વિના ધાન ઊગી શકતું નથી તેમ કાર્ય કર્યા વિના ફળ મળી શકતું નથી. પ્રયત્ન એ જ જીવનમાં ઊર્જાનો પ્રવાહ છે. સતત પ્રયત્નથી જ મનુષ્ય પોતાના અવરોધો દૂર કરી શકે છે. ઘણીવાર પ્રથમ પ્રયત્નમાં સફળતા મળતી નથી, પરંતુ સતત ચેષ્ટા અને હિંમતથી જ અંતે લક્ષ્ય સિદ્ધ થાય છે.

ઈતિહાસ સાક્ષી છે કે જે કોઈ મહાન બન્યા છે તે તેમના અવિરત પ્રયત્નોથી જ બન્યા છે. એડિસને વીજદીવો શોધ્યો ત્યારે હજારો વાર નિષ્ફળ પ્રયાસ કર્યા, પરંતુ તેણે પ્રયત્ન છોડ્યા નહીં. તેનું પરિણામ એ છે કે આજે સમગ્ર વિશ્વ પ્રકાશમય બન્યું છે.

શાસ્ત્રો પણ કહે છે કે માણસનું ભવિષ્ય તેના કર્મ અને ચેષ્ટા પર આધારિત છે. હા, ફળ મેળવવાનું માનવીના હાથમાં નથી, પરંતુ પ્રયત્ન કરવાનું સંપૂર્ણપણે તેના હાથમાં છે.

પ્રયત્નથી માણસનું વ્યક્તિત્વ વિકસે છે, તેની અંદર આત્મવિશ્વાસ અને ધીરજ વધે છે. પ્રયત્ન વિના મનુષ્ય આળસુ બની જાય છે, જ્યારે સતત ચેષ્ટા કરતો મનુષ્ય મજબૂત મનોબળ ધરાવે છે અને કોઈપણ મુશ્કેલીને હરાવી શકે છે.

મહંત સ્વામી મહારાજ કહે છે કે સિદ્ધિ માટે આવશ્યક છે કે આપણે સતત પ્રયત્ન કરીએ, નિષ્ફળતાને શીખવા માટેનો પાઠ માનીએ અને નવી ઊર્જા સાથે આગળ વધીએ. એક બીજાને વારંવાર પાડ્યા પછી પણ જે માણસ ઊભો થઈ આગળ વધે છે, તે જ સાચો વિજેતા બને છે.

સમજણા થયા ત્યારથી આપણે ઘરમાં જોતાં આવ્યા છીએ કે પિતા ક્યાંક નોકરીએ જાય છે કે ધંધો કરે છે. માતા સવારથી જ કામે વળગે છે. નોકરી, ધંધો, ઑફિસ, મજૂરી, મહેનત આ બધું પ્રયત્ન છે, ચેષ્ટા છે.

ખરી વાત તો એ છે કે, કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. જે પ્રજા સફળ થઈ છે તેણે સૌથી પહેલાં આળસને તગેડી મૂકી છે ને કાળઝાળ ગરમીમાં પણ મહેનત કરી શરીર તોડી નાખ્યું છે.

હા, આવી ખુમારી સાચા પુરુષાર્થીઓની હોય છે. વિશ્વામિત્ર, પાણિનિ, ભગીરથ કે ધ્રુવ - બધાએ પ્રબળ તપ, પ્રબળ શ્રદ્ધા અને પ્રબળ પુરુષાર્થથી અસાધારણ સફળતા પ્રાપ્ત કરી હતી. પુરુષાર્થ કરવાની દઢતાએ માણસને આદિવાસીમાંથી અવકાશયાત્રી બનાવ્યો છે. આદિમાનવમાંથી આધુનિકમાનવ બનાવ્યો છે. એ કોણ નથી જાણતું?

ઉપનિષદમાં કહ્યું છે ને, **चरैवेति चरैवेति।** 'સતત પ્રયત્ન કરતા રહો'

જે બેઠા છે તેનું ભાગ્ય પણ બેસી રહે છે. જે ઊભા રહે છે તેનું ભાગ્ય પણ ઊભું થાય છે. જે ચાલવા માંડે છે તેનું ભાગ્ય પણ ચાલવા માંડે છે. જે દોડે છે તેનું ભાગ્ય પણ દોડે છે.

મિત્રો, ચેષ્ટા વગર ધ્યેયસિદ્ધિ અશક્ય છે. 'સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય.' પુરુષાર્થી માણસો ચટ્ટાન જેવા હોય છે. આંધીઓ એમને ઉડાડી શકતી નથી. ઊધઈઓ એમને કોરી શકતી નથી. પુરુષાર્થથી શું ન થાય? માણસ જે ધારે તે થાય.

શું છે આ પુરુષાર્થ? એ મનને તપાવી-તપાવીને શુદ્ધ કરતી ભઠ્ઠી છે. સફળતાના માર્ગે ચાલતા યાત્રીઓની અંગારયાત્રા છે. પરંતુ એક વાત યાદ રહે કે ઊંડા ઊતરીને મોતી મેળવવા માટે મરજીવા થવું પડે છે. અને ખાલી ખાલી છલકવું હોય તો પાણીના ઘડા થવું પડે છે.

આજે મરજીવાઓ મોતી જેટલા જ મોંઘા બની ગયા છે.


મિત્રો, ઈતિહાસ એક મહાસાગર છે. જે તેના કિનારાનાં છીપલાંમાં જ રમે છે તેને જીવડાં કહે છે. આપણે શોધી કાઢીએ કે મને શેમાં રસ છે, છીપલાંમાં કે મોતીમાં ? અંતમાં કહી શકાય કે સફળતા માટે પ્રયત્ન અને ચેષ્ટા અનિવાર્ય છે. પ્રયત્ન એ જ જીવનનો શણગાર છે. ચેષ્ટા એ જ જીવનનો ઉત્સાહ છે. અને જે મનુષ્ય આ બન્નેને પોતાની જીવનયાત્રામાં ધારણ કરે છે, તેને સફળતા ચોક્કસ પ્રાપ્ત થાય છે. ■

# શરીર, આત્મા ને તેની ભવોભવની યાત્રા- શાસ્ત્રો શું કહે છે?

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

શ્રીમદ ભગવદ ગીતા, માત્ર ધર્મગ્રંથ જ નથી, પણ અર્જુનની જેમ વિષાદમય થયેલા અનેક લોકો માટે માનસશાસ્ત્રીની ગરજ સારે તેવો ગ્રંથ છે. મૃત્યુથી ભય પામવાના બદલે તેને જાણવાનો અદભુત સંદેશ આ ગ્રંથમાં છે. આપણે કદી મૃત્યુ પામતા નથી. કારણકે આપણે આ શરીર નથી, પણ તેમાં રહેલો આત્મા છીએ, તે વાત સરળ શબ્દોમાં શ્રી કૃષ્ણે સમજાવી છે.



શ્રીમદ ભગવદ ગીતાના અધ્યાય બીજામાં અર્જુનને શ્રી કૃષ્ણ કહે છે,

ન જાયતે મ્રિયતે વા કદાચિન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ
અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે

અર્થાત, આત્મા ક્યારેય જન્મતો કે મરતો નથી, તે શાશ્વત, નિત્ય અને સનાતન છે, અને શરીર નાશ પામે તો પણ તે નષ્ટ થતો નથી. આ આત્મા જન્મ-મરણના ચક્રથી મુક્ત છે.

સનાતન ધર્મની આ સુંદર ફિલસૂફી આદિ શંકરાચાર્યએ 'નિર્વાણ ષટકમ'માં પણ કહી છે. આપણે તેને આત્મષટકમ તરીકે પણ ઓળખીએ છીએ.

તો આત્માનું શું થાય છે? શ્રી કૃષ્ણ સ્વયં તેનો ઉત્તર આપે છે.

વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ
તથા શરીરાણિ વિહાય જીર્ણાન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી

અર્થાત જેવી રીતે મનુષ્ય જૂનાં વસ્ત્રો ત્યાગીને નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેવી જ રીતે આત્મા જૂનું શરીર છોડીને નવું શરીર ધારણ કરે છે.

આ પ્રશ્ન સહુને થાય છે કે જો આત્મા અમર હોય, તો જૂના શરીરના ત્યાગ અને નવા શરીરને ધારણ કરવા વચ્ચે તેની શું અવસ્થા હોય છે? તેની યાત્રા કરી રીતે આગળ વધે છે? સનાતન ધર્મમાં તેનું વિગતે વર્ણન આપણને 'ગરુડ પુરાણ'માં મળે છે.

ગરુડ પુરાણ મૃત્યુ પછી શું થાય છે તે વિશે સમજાવે છે. તે ગરુડ રાજ (ભગવાન વિષ્ણુના વાહન) અને ભગવાન વિષ્ણુ વચ્ચેની વાતચીતના સ્વરૂપમાં છે. શ્રી ગરુડ ભગવાન વિષ્ણુ પાસે આવે છે અને કહે છે કે તેમણે બધા લોકની યાત્રા કરી છે અને તેઓ પરેશાન છે કારણ કે તેઓ દરેક જગ્યાએ દુઃખ જુએ છે. ભગવાન વિષ્ણુ ગરુડને કહે છે કે આ દુઃખ ખરેખર લોકોનાં ખરાબ કાર્યોની સજા છે.

ગરુડ પુરાણ અનુસાર, લોકો વર્તમાન અથવા પાછલા જન્મોમાં કરેલાં કાર્યોને કારણે આ દુનિયામાં દુઃખ ભોગવે છે. આ ફિલસૂફીને જ આપણે કર્મનો સિદ્ધાંત કહીએ છીએ. શાસ્ત્રો અનુસાર, બેતાળીસ લાખ પ્રકારના નરક છે જ્યાં આત્માઓને તેમના પાછલા જન્મ દરમિયાન કરેલાં પાપોની સજા ભોગવવા માટે મોકલવામાં આવે છે. ગરુડ પુરાણમાં વિવિધ નરકોની યાદી આપવામાં આવી છે અને જણાવવામાં આવ્યું છે કે આત્માને તેમના ભૂતકાળનાં કર્મો અનુસાર કેવા પ્રકારની સજા અથવા પુરસ્કાર મળશે.

વ્યક્તિના મૃત્યુ પછી, તેનો આત્મા શરીરથી મુક્ત થઈ જાય છે અને તેના પર ફરતો રહે છે. તે સમજે છે કે તે મરી ગયો છે અને ફરીથી મૃત શરીરમાં પ્રવેશવાનો પ્રયાસ કરે છે. ક્યારેક મૃત શરીરના ચહેરા અથવા અંગો પર એક ચમકાર આવે છે. આ એવા સંકેતો છે કે મૃતકનો આત્મા શરીરમાં ફરીથી પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યો છે. મોટાભાગના કિસ્સાઓમાં, તેઓ આમ કરવામાં નિષ્ફળ જાય છે કારણ કે આત્માને બીજા ક્ષેત્રમાં લઈ જવા માટે એક દ્વાર ખુલે છે. ભાગ્યે જ કોઈ કિસ્સાઓમાં, આત્મા શરીરમાં ફરીથી પ્રવેશ કરે છે, અને મૃત માનવામાં આવતી વ્યક્તિ જાગી જાય છે. તમે સમાચારપત્રોમાં આવી ઘટનાઓ વિશે વાંચ્યું હશે. આને મૃત્યુ નજીક અનુભવો (નીઅર ડેથ એક્સપિરિયન્સ) કહેવામાં આવે છે.

ભગવદ્ ગીતામાં બીજા અધ્યાયની શરૂઆત સિવાય સ્વર્ગ અને નર્ક વિશે કોઈ ઉલ્લેખ નથી. ભગવાન કૃષ્ણ અર્જુનને કહે છે કે જો અર્જુન યુદ્ધ લડે છે અને મૃત્યુ પામે છે, તો તેને વીર કહેવામાં આવશે અને તે સ્વર્ગમાં જશે. સમગ્ર ભગવદ્ ગીતામાં સ્વર્ગનો આ એકમાત્ર ઉલ્લેખ છે. આત્મા વિશે ભગવદ ગીતા ત્યાં સુધી કહે છે કે, સૃષ્ટિના વિસર્જન પછી પણ, જ્યારે પુનઃનિર્માણ થાય છે, ત્યારે આ આત્માઓ ફરીથી પ્રગટ થશે અને જન્મ લેશે જ્યાં સુધી તેઓ ભગવાનનો સાક્ષાત્કાર ન કરે અને મોક્ષ (જન્મ અને મૃત્યુના સમુદ્રમાંથી મુક્તિ) પ્રાપ્ત ન કરે.

સ્વામી વિવેકાનંદે પણ પોતાનાં કાર્યોમાં સ્વર્ગ અને નર્કની વિભાવના વિશે વધુ વાત કરી નથી. તેમણે આત્મા તેના જીવનકાળ દરમિયાન શું થાય છે તેના આધારે વિવિધ લોકનો ઉલ્લેખ કર્યો છે. સ્વામી વિવેકાનંદે બે શરીર અને એક આત્માની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે એક ભૌતિક શરીર છે જેને આપણે જોઈ શકીએ છીએ અને એક સૂક્ષ્મ શરીર છે જેને આપણે જોઈ શકતા નથી. જ્યારે ભૌતિક શરીર મૃત્યુ પામે છે, ત્યારે સૂક્ષ્મ શરીર થોડા દિવસો સુધી જીવતું રહે છે.

સૂક્ષ્મ શરીર સ્થૂળ શરીરમાંથી આત્મામાં ચેતના અને જીવનની છાપનું સ્થાનાંતર સરળ બનાવે છે. પછી સૂક્ષ્મ શરીર પણ મૃત્યુ પામે છે, અને આત્મા ફરીથી જન્મ લેવા માટે મુક્ત થાય. તેમણે કહ્યું કે જન્મ અને મૃત્યુનું આ ચક્ર ત્યાં સુધી ચાલુ રહે છે જ્યાં સુધી આત્મા ભગવાનને ઓળખે અને તેમની સાથે એકરૂપ ન થાય.

ગરુડ પુરાણમાં આત્માની યાત્રાની જે સમજ આપી છે, તેની વાત આપણે પછીથી કરીશું. ■

# કિસ્મતને દોષ દેતા પહેલા આત્મનિરીક્ષણ જરૂરી

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com



સંત કબીરજી કહે છે. 'સહજ મિલે અવિનાશી...!

અવિનાશી અર્થાત્ પરમાત્મા-પરમતત્ત્વ તો આપણને સહજ જ મળેલ છે. સહજ અર્થાત્ જન્મની સાથે જ. પ્રત્યેક જીવને જન્મની સાથે જ તેના ચરમ વિકાસની બધી સંભાવનાઓ લઈને જ પરમાત્મા આ અસ્તિત્વમાં મોકલે છે.

* આ સંભાવનાઓના વિકાસ માટે જો તેણે કાંઈ કરવાનું હોય તો એટલું જ કે તે સહજ રહે.

* પરંતુ જીવ પોતાને પરમાત્મા તરફથી જે મળે છે તેમાં સંતુષ્ટ રહેતો નથી.

* તેની દૃષ્ટિ હંમેશાં પોતાને જે મળેલું નથી તેના પર મંડરાયેલી રહે છે.

* પરિણામે પોતાને મળેલ પરમાત્માના પ્રસાદના લાભથી તે વંચિત રહી જાય છે.

- સદ્ગુરુ ગોરખના આ બોધવચનો પણ સામે યાદ કરવાં યથાર્થ લાગશે.

સહજ મિલે સો દૂધ બરાબર,
માગી મિલે સો પાની,
બધું ખરાબ જાણી લિજે
જામે ખિંચાતાની...

* જે સહજ રીતે મળેલું છે તે જ આપણા માટે પોષક અને કલ્યાણકારી નીવડે છે.

* જેને મેળવવા માટે ખેંચતાણ કરવી પડે, નક્કી માનજો તે ક્યારેય હિતકારક હોતું નથી.

જીવનમાં ક્યારેય કોઈ વાતમાં નિષ્ફળતા જણાય, કોઈ વાતનો અભાવ ખટકે તો ભાગ્યને- કિસ્મતને દોષ દેતાં પહેલાં થોડું આત્મનિરીક્ષણ કરશો તો સમજાઈ જશે કે-

* જીવનની શ્રેષ્ઠ પળો છે તે તો સહજ રીતે જીવવાથી જ પ્રાપ્ત થાય છે.

* જીવનને સહજ-સરળ રાખીએ તો નક્કી માનજો કે પરમાત્મા (ઈશ્વર-અલ્લાહ) આપણી સાથે જ હશે.

સનાતન સત્યઃ

જટિલતા છોડીને જીવનમાં સહજતા સ્વીકારશો તો હસી - ખુશીનું ઝરણું તમારા અંતરમાં હંમેશાં વહેતું રહેશે.

* જે સહજ છે તે જ સુંદર છે.

- કબીરજી યથાર્થ કહે છે - સાધે, સહજ સમાધિ ભલી.

ઉપવનનાં પુષ્પોઃ

* કામ કરતાં પહેલા વિચાર કરો.
* હૈયું બાળશો નહીં.
* હૃદય એ ભગવાનનું મંદિર છે.
* હૃદય સિંહાસન પર ભગવાન બિરાજે છે તેથી મંદિર બાળવાનું પાપ લાગે છે.
* હિસાબ ન મળે તો પ્રભુનું નામ લો.
* લાલાને થાળ ધરાવી, બહાર જવાથી લાલો ભોજન આરોગતો નથી.
* પ્રભુ સામે હાથ જોડી કીર્તન કરી આરોગવા કહો.
* જ્યાં પ્રેમ છે ત્યાં ભૂખ છે. પ્રેમ નથી ત્યાં પકવાન તુચ્છ છે, એમ ભગવાન માટે સમજો.
* દાન લેનાર હલકો છે એમ સમજીને દાન આપે તેનું દાન સફળ થતું નથી.
* દાન આપ્યા પછી નમન કરવું જોઈએ.
* જે હૃદયથી નમે છે તે પ્રભુને ગમે છે.


આજનો સંદેશ

* મનુષ્ય તો મુનિમ છે, માલિક નથી.
* શરીરનો માલિક જીવ નથી. માલિકનો હુકમ થતાં જ શરીર છોડવું પડે છે.
* સેવક થવું અતિ કઠિન છે. જ્ઞાની થવું, યોગી થવું અતિ સરળ છે. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# આણંદરામનું ગુરુ મહિમા ગાન



સંત શ્રી મોરાર સાહેબ

રવિભાણ પરંપરાના મૂળ અને કુળ સંદર્ભે છેલ્લાં ઘણાં વર્ષોથી અભ્યાસ ચાલે છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિ હતો ત્યારે કનુભાઈ આચાર્યને ડીસા મળવાનું બને અને ભાણસાહેબ સંદર્ભે એમનો અભ્યાસ સાંભળવા મળે. ભાઈ નિરંજન સાથે તો ઈ.સ.૧૯૭૮થી રવિભાણ પરંપરાના ભજનો, દંતકથાઓ સાંભળતો રહ્યો છું. જયમલ્લભાઈ, રાજુલ દવે, નરોત્તમ પલાણ, નાથાલાલ વિદ્યાર્થીઓ હંસાબહેન, ગોધાવિયાબહેન, વેગડા, જેતપરિયા અને છેલ્લે મહેશ મકવાણા.

મૂળ તો મહંત રાધિકાદાસજી રચિત ભાણચરિત્ર પ્રકાશ (ઈ.સ.૧૯૫૧) શ્રદ્ધેય છે. હમણાં રવિસાહેબ કૃત ભાણપરચરી સંપાદન હાથ પર લીધું છે અને જીવાભગત રચિત ભાણપરચરી ભાઈ જેતપરિયાના સૌજન્યથી પ્રાપ્ત થઈ. આ બધા પ્રારંભિક સ્ત્રોતને આધારે સ્પષ્ટ રીતે ભાણસાહેબના દીક્ષા ગુરુ તો દુધરેજના ષષ્ટમદાસને જ માનવાના રહે. અને રામભક્તિ પરંપરાનું મૂળ પણ એમાં તથા કબીરસાહેબની સાધનાધારાનું પોતાને લાધેલું રૂપ એમને આગવા-અનોખા પંથ-દીક્ષા દર્શન લાધે, એ સત્વરૂપે પરંપરામાં પ્રચલિત થયું. સાહેબ ઉપરાંત દાસ ભક્ત તો બરાબર, પરંતુ પાછળથી રામ સંજ્ઞા જોડાઈ એનું રૂપ રામ ભક્તિની પ્રારંભકાલીન પરંપરા સાથેનું અનુસંધાન હોય એમ હું માનું છું.

રવિસાહેબના શિષ્ય મોરારસાહેબના શિષ્યો બહુધા દાસ સંજ્ઞા નામછાપમાં પ્રયોજે છે. કેટલાક રામ, આણંદરામ, આનંદરામ નામછાપ પણ મળે છે. ઓગણીસમી સદીનો પૂવાર્ધ એમનો જીવનકાળ જ્ઞાતિએ તેઓ રાજપૂત હતા. મૂળ પડધરીના વતની. થોડો સમય જીવાભગત સાથે પણ સત્સંગ માટે રહેલા. આણંદરામની ગુરુભક્તિ અને ગુરુજી મોરારસાહેબ પરત્ત્વેની અપાર શ્રદ્ધાનો પરિચય કરાવતું પદ આસ્વાદીએ.

**રે સદ્‌ગુરુ તુમ લગ મેરી દોર;**
**અવર ન સૂઝત ઠોર રે.. (ટેક) ...૧**

**માતા પિતા સબ તુમ હો મેરે;**
**તુમ બિન સગો નહિ ઓર, સદ્‌ગુરુ ...૨**

**તુમ હો પ્રિતમ પ્રાણ પ્યારે;**
**તુમ હો શિર કો મોડ રે, સદ્‌ગુરુ ...૩**

**તીર્થ વ્રત ઓર સાધના સંયમ;**
**તુમ હો મુક્તિ કો પોર, સદ્‌ગુરુ ...૪**

**કામ ક્રોધ લોભ અરુમમતા;**
**તા કો ત્યાં નહિ જોર, સદ્‌ગુરુ ...૫**

**આનંદરામ ગુરુ મોરાર કે બલસે;**
**કેદ કિયો મન ચોર, સદ્‌ગુરુ ...૬**

આણંદરામ ગાય છે કે સદ્‌ગુરુ તમારી સાથે મારો દોર જોડાયો છે. એટલે હવે બીજું કશું સુઝતું નથી. તમે જ મારા માતા, પિતા એમ બધું જ તમો છો તમારા સિવાય અન્ય કોઈ મારું સગુ વહાલું નથીી. પ્રિયતમ તમે જ પ્રાણથી મને પ્યારા છો. તમે જ મારા માથાના મુગટ સમાન છો. તીર્થ, વ્રત, સંયમ સાધના પણ તમારામાં જ હું ભાળું છું. એટલે મારી મુક્તિનું સાધન-મુક્તિ અપાવનાર પણ તમે જ છો. તમારે આશીષને કારણે તમારા આશીર્વાદથી કામ, ક્રોધ, મોહ, લોભ અને મમતાનું જોર અહીં મને સ્પર્શતું નથી.

આણંદરામ માને છે કે મોરારસાહેબ જેવા ગુરુના બળથી ચોર રૂપી મનને સંયમમાં કેદ કરી શકાયું છે. સદ્‌ગુરુ તમારી સાથે સબંધ રચાયો એટલે મારાથી આ બધું શક્ય બન્યું છે.

આણંદરામની ગુરુ કૃપા બળે જ સાધના શક્ય બન્યાની પ્રતીતિની વિગત અહીં પદ ભજનમાં પ્રસ્તુત થઈ છે. મૂળભૂત બાબત તો આખી સાધના ગુરુમુખી સાધના છે. કશું શિષ્યે કરવાનું નથી. સિદ્ધ ગુરુની કૃપાથી સાધક શિષ્ય સક્ષમ બનીને સાધનાક્રિયાને પોતાના દ્વારા શક્ય બનાવે છે. આ શક્ય બન્યા પછી એને પ્રતીતિ થાય છે કે મારાથી જે શક્ય જ ન હતું એ ગુરુકૃપાથી શક્ય બન્યું. આ કારણ ગુરુ પરત્ત્વે વિશેષ પ્રકારનો સમર્પણભાવથી મનમાં દૃઢ થાય છે.

મનને મનાવવાનું, મેંદા જેવું કુણું - માખણ બનાવવાનું કપરું છે. મનને સ્થિર કરવું આ સાધના ક્રિયાની ધારા અહીંથી ઉદ્‌ઘાદિત થાય છે, આણંદરામ હંમેશાં સત્સંગ-સાધના અને ગુરુ સેવામાં જ રત રહ્યા. એમની પ્રકૃતિ જાણીને મોરારે એમને ક્યાંય વહીવટ, વ્યવસ્થા કે વિહારમાં જોડ્યા નહીં પોતાની મસ્તીમાં, સાધનામાં લીન આણંદરામ આવા કારણે આપણાં અભ્યાસનો વિષય બને છે.

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# ‘ઈસરા સો પરમેસરા




જ્ઞાન, વેદાન્ત, તત્ત્વચિંતન અને ભક્તિની વિવિધ ધારાઓ જેમની શતાધિક કાવ્ય રચનાઓમાંથી આપણને સાંપડે છે. એવા ચારણી સાહિત્યના આદિકવિ ઈસરદાસજીનો જન્મ ઈ.સ.૧૪૫૯/ સં.૧૫૧૫માં મારવાડ પ્રદેશના બાડમેર પરગણાના ભાદરેસ ગામે ચારણ જ્ઞાતિમાં થયેલો. (ઈ.સ. ૧૪૫૯-૧૫૬૬)ગુરુનું નામ પિતાંબર ભટ્ટ, અવસાન ઈ.સ.૧૫૬૬ વિ.સં.૧૬૨૨ ચૈત્ર સુદ ૯ (સંચાણા, જિ. જામનગર) પિતા સુરાજી બારહઠ અને માતા અમરાબાઈના ભક્તિસંસ્કારોનો ઉજળો વારસો મેળવીને ઈસરદાસજીએ બાળપણથી જ પોતાના કાકા આશાનંદજી પાસે કાવ્યરચનાનું પ્રાથમિક શિક્ષણ મેળવેલું.

પવિત્ર ધાર્મિક સંસ્કારો ધરાવતાં દેવલબાઈ નામના સતી નારી સાથે એમના વિવાહ થયા. પણ થોડા સમય પછી ઝેરી વીંછીના ડંખથી દેવલબાઈનું અવસાન થયું. ઈસરદાસજી વિહ્‌વળ થઈ ગયા. મનની શાંતિ માટે યાત્રા અર્થે નીકળી ગયા. સૌરાષ્ટ્રમાં, જૂનાગઢ, ગિરનાર, સોમનાથ, પોરબંદર, દ્વારકા વગેરે પવિત્ર યાત્રાધામોની યાત્રા કરીને પુષ્કર, વ્રજ, ગયા અને ઉત્તરહિંદનાં તમામ મુખ્ય તીર્થસ્થળોએ ફર્યા. કહેવાય છે કે કવિ આશાજી પણ આ યાત્રામાં સાથે હતા. એ પછી કચ્છના કાવ્યપ્રેમી રાજવી રાવળ જામના સંપર્કમાં ઈસરદાસજી આવ્યા. ત્યાં તેમને સંસ્કૃત કાવ્યશાસ્ત્રના, ધર્મગ્રંથોના અને છંદશાસ્ત્રનાના વિદ્વાન પંડિત પિતાંબર- ભટ્ટનો ભેટો થયો. પિતાંબરભટ્ટને ગુરુપદે સ્થાપીને ઈસરદાસજીએ અભ્યાસ શરૂ કર્યો. કચ્છના રાજ્યકવિ તરીકે સ્થાપીને રાવળજામે કચ્છનું ‘ચડોપરી’ તથા સૌરાષ્ટ્રનું ‘સચાણા’ ગામો અર્પણ કર્યા. કવિ તરીકેની ખ્યાતિ વધતાં સૌરાષ્ટ્રના અનેક રાજવીઓએ પોતાને ત્યાં ઈસરદાસજીને અનેકવાર નિમંત્રેલા. જેમાં અમરેલીના ઠાકોરવજાજી સરવૈયાએ કવિને પોતાની અતિમૂલ્યવાન ઘોડી ‘છોગાળી’ અને ‘ઈશ્વરિયા’ તથા ‘વરસડા’ એ બે ગામ આપેલાં. સાહિત્યના ક્ષેત્રમાં ઈસરદાસજીનું પ્રદાન વિપુલ છે.

‘હરિરસ’, ‘દેવિયાણ’, ‘ગુણવૈરાટ’, ‘ગરુડ પુરાણ’ અને ‘નિંદાસ્તુતિ’ ઉપરાંત રામાયણ, શ્રીમદ્ ભાગવત અને અન્ય પુરાણોના કેટલાક પ્રસંગો વિશે નાના-મોટાં અનેક કાવ્યો તેમણે રચ્યાં છે. એ રચનાઓમાં કર્મ, ઉપાસના, જ્ઞાન, યોગ, ભક્તિ અને ઉપદેશ જેવાં તત્ત્વો નિરૂપાયાં છે. પ્રભુમહિમા, ગુરુમહિમા, બ્રહ્મદર્શન, આત્મસાક્ષાત્કાર, સૃષ્ટિની ઉત્પત્તિ, સર્જન, સગુણસાકાર અને નિર્ગુણ-નિરાકારની ઉપાસના વગેરે વિષયો ઉપર દોહા, ગાથા, બીઆખરી, મોતિદમ, છપ્પય, કવિત, ભૂજંગ- પ્રયાત, કળશ, આરજા, ઝપતાલ વગેરે તમામ ચારણી છંદ પ્રકારોમાં કવિ ઈસરદાસજીએ જુદી જુદી રચનાઓ આપી છે. નાથપંથી યોગસાધના પણ ઈસરદાસજીના યોગવિષયક ગ્રંથ અને અન્ય છૂટક કાવ્યોમાંથી સાંપડે છે. આમ કોઈ એક જ પ્રકારની ઉપાસના કે સંપ્રદાય પરંપરાના બંધનમાં બંધાયા વિના મુક્ત રહીને વિવિધ સાધનાધારાઓ અને અધ્યાત્મ વિચારણાઓમાં વિહરનારા તથા સમન્વયવાદી વિચારસરણી દ્વારા તમામ ધર્મ-પંથ-સંપ્રદાયોની એકતા સાધનારા આ સંતકવિ સૌરાષ્ટ્રના ચારણી સાહિત્યમાં દૈદીપ્યમાન નક્ષત્રની જેમ પોતાની ઝળહળતી પ્રતિભા વડે લોકહૈયામાં પોતાનું અમર સ્થાન મૂકી ગયા છે.

*કશા કરવ હોં મહલ, મહલ ગિરિ મેર કહાવે,*
*કશા ગાવ હોં ગુણબ, ગુણબ જ્યોં તુમ્મર ગાવે;*
*મેલાં કિં ધનમાલ, સીરિ જી ચરણાં આગે,*
*કશા પખાળાં પાંવ, પવિત્ર નખ ગંગા લાગૈ;*
*કિં પૂહપ ચઢાવાં શિર પરૈ, પારિજાત વ્રખ તુજ ધરે;*
*રાજાધિરાજ કિં રિઝવાં, કવિ શંકર સેવા કરૈ.*

અખિલ બ્રહ્માંડના ધણીની વિરાટ સત્તા સામે માનવી કેવો ક્ષુદ્ર અને અલ્પ છે એ વાત આપણા તમામ સંત-કવિઓએ પોતાની વાણીમાં પોકારીને કહી છે. ઈસરદાનજીએ પણ ગાયું છે : સચરાચરના પાલક, પોષક અને સંહારક એવા પરમતત્ત્વ પરિબ્રહ્મની સેવા-પૂજા કે ઉપાસના કેવી રીતે કરવી એની મૂંઝવણ તમામ જ્ઞાની, વેદાંતી, યોગી, સિદ્ધ, સંત કે ભક્તને થતી રહી છે. ‘જેના મેરુ પર્વતો જેવાં મંદિરો હોય એનું મંદિર હું કેવી રીતે ચણાવું ? હું તમારા ગુણ કઈ રીતે ગાઉ? તમારાં ગુણગાન તો યક્ષો, કિન્નરો ને દેવતાઓ સમેત ઋષિ-મુનિઓ દ્વારા ગવાય છે. સાક્ષાત લક્ષ્મીજી તમારાં ચરણો ચાંપે છે તો તમારી સામે શું દક્ષિણા મૂકું? પતિતપાવનની ગંગા તમારા નખોમાંથી નીકળે છે ને પાવન થાય છે, પારિજાત-કલ્પવૃક્ષ તમારે સેવા કરે છે એવા અનંત, અક્ષરાતીત જગદાધાર વિશ્વવ્યાપી કરૂણાવતાર પ્રભુ તમારી સેવા-પૂજા હું કઈ રીતે કરું?’ ચારણી સાહિત્યની ભગવદ્‌ગીતા સમાન મનાતા અધ્યાત્મ-ભક્તિના અજોડ ગ્રંથ ‘હરિરસ’માં ડિંગળી- ચારણી કાવ્યસાહિત્યના સમર્થ અને તેજસ્વી સર્જક ભક્ત-કવિ ઈસરદાસજીએ પરમતત્ત્વનો મહિમા આ રીતે ગાયો છે. લોકસમુદાયમાં ‘ઈસરા સો પરમેસરા’ કહીને બિરદાવવામાં આવેલા આ ભક્તકવિના જીવન અને કવન ઉપર એકથી વધુ વખત પીએચ.ડી. કક્ષાના સંશોધન-મહાનિબંધો લખાઈ ચૂક્યા છે, જે એમની તેજસ્વી કવિપ્રતિભાનાં ઘોતક છે.

**નારાયણ રો નામ તો, ભૂંડા હી ભલ વાંણ;**
**ચોપડિયો ચંગો થિયો, જહડો તહડો ખાંણ.**

દેવીભક્ત ઈસરદાસજીની શક્તિ ઉપાસનાએ ‘દેવિયાણ’માં આ રીતે કલાદેહ ધારણ કર્યો છે :

*ઘમ ઘમંત ઘૂઘરી, પાય નેઉરી રણંઝણ,*
*મ ડમંત ડાકલી, તાલ તાલી બજ્જે તણ;*
*પાય સિંહ ગલ અડે, ચક્ર ઝલહલે ચઉદહ,*
*મળે ક્રોડ તેતીસ ઉદો સુરિચંદ અણંદહ;*
*અદ્‌ભુત રૂપ શક્તિ અકળ, પ્રેરૂ દૂત પાળંતિયં,*
*ગહ ગહે વાર ડમરૂ ડહક, મહમાયા આવંતિયં.*


‘ગુણ વૈરાટ’માં સગુણ-નિર્ગુણ બ્રહ્મનું સ્વરૂપ અને પરમાત્માના જુદા જુદા અવતારોનાં લોકકલ્યાણનો મહિમા ગવાયો છે. શૂન્યમાં તદાકાર એવા પરિબ્રહ્મને કોઈ આકાર નથી, રંગ, રૂપ, ગંધ નથી, ધરતી, બીજ પ્રકૃતિ ને કર્મોથી પર એવા નિરક્ષર બ્રહ્મમાંસ્ત્રી પુરુષનો કોઈ ભેદ નથી.

*લંગ ન ભંગ, અનંગ ન અંગ,*
*તરંગ ન ગંગ, વિહંગ ન રંગ,*
*વિરંગ ન પંગ,સરંગ સુચંગ,*
*તઈ એક તું એક આતમ અસંગ.* ■

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombaysamachar.com

# વિષ્ણુનું મહત્ત્વ કેમ ઘટતું ગયું?



સ્કન્દ પુરાણના ભાગવત માહાત્મ્ય પ્રકરણમાં કહ્યું છે: રાધિકા શ્રીકૃષ્ણનો આત્મા છે, તેની સાથે તે રમણ કરે છે. તેથી ગૂઢને જાણનાર બુદ્ધિમાન વિદ્વાનો તેમને આત્મારામ કહે છે. અહીં રાધા માટેના મંત્રો, જપવિધિ, પૂજા, સ્તોત્ર વગેરેની ઘણી વિગતો મળે છે. રાધાનો ઉલ્લેખ સમ્મોહિની, પરાદેવતા, સર્વલક્ષ્મીમયી, મહાશક્તિ વગેરે રૂપે મળે છે. રાધા કૃષ્ણને પ્રાણોથી પ્રિય છે, રાધાની પ્રથમ પૂજા કર્યા સિવાય વૈષ્ણવોએ કૃષ્ણની પૂજા ન કરવી. દેવીભાગવત અનુસાર મહાવિષ્ણુની ઉત્પત્તિ રાધાથી થઈ છે. બ્રહ્મવૈતવર્તપુરાણ પ્રમાણે સાવિત્રી, દુર્ગા, પાર્વતી વગેરે વિશ્વની બધી દૈવી શક્તિઓનું ઐકય રાધા સાથે છે. ઈશ્વરનું ચતુર્ભુજ તેજ કુંજભવનમાં રાધિકામાં લીન થાય છે. તેથી રાધિકા ‘પરિપૂર્ણતા’ કહેવાય છે અને શ્રીકૃષ્ણ તો ‘પૂર્ણાવતાર.’

આપણી સંસ્કૃતિના પ્રાચીનતમ ગ્રંથો - ઋગ્વેદ, સામવેદ અને અથર્વવેદના અમુક મંત્રોમાં એ વખતના સર્વોચ્ચ સર્વશક્તિમાન દેવાધિદેવ ઈંદ્ર માટે ‘રાધસ્’ ગુણવિષયક શબ્દો વપરાયા છે. દા.ત. ‘રાધાનાંપતે’ વગેરે. વેદના અઘરા અગમ્ય શબ્દોના અર્થ સમજાવતા ગ્રંથ નિઘંટુમાં ‘રાધસ્’ શબ્દનો અર્થ છે જે ધર્મ આદિ પુરુષાર્થોને સિદ્ધ કરે. ધનસંપત્તિ વગેરે માટે પણ એ વપરાયો છે. દેવ સવિતા (સૂર્ય)ની સ્તુતિ છે - દાતા રાધાંસિ શુંભતિ. વેદોમાં સૌથી વધારે મંત્રો ઈંદ્રો માટે છે. ત્યારે વિષ્ણુનું મહત્ત્વ ખાસ ન હતું. તેથી બહુ જ ઓછા મંત્રો દેવ વિષ્ણુ માટે રચાયા છે. કાળાંતરે આ વૈદિક દેવસૃષ્ટિમાં પરિવર્તન થયું. સમાજવ્યવસ્થા પ્રમાણે દેવોનું મહત્ત્વ બદલાતું રહ્યું છે. વૈદિક કાળના ઘણાં બધાં દેવીદેવતાઓ તો આજે સાવ ભુલાઈ ગયાં છે. અને નવાં પણ આવી ગયાં છે. પરિવર્તન વિશ્વનો નિયમ રહ્યો છે. ધીરે ધીરે ઈંદ્રપૂજાનો અસ્ત થવા લાગ્યો. જેના વેદમાં પણ અછડતા ઉલ્લેખો મળે છે. વૃંદાવનમાં શ્રીકૃષ્ણે ઈંદ્રપૂજા બંધ કરાવી, કોપાયમાન ઈંદ્રે દિવસો સુધી અનરાધાર વૃષ્ટિ કરી પણ છેવટે તેણે હાર માનવી પડી. ગોવર્ધનધારી કૃષ્ણની મહત્તા વધી. શ્રીકૃષ્ણ ઈંદ્રને હરાવી સ્વર્ગમાંથી પારિજાત વૃક્ષ પૃથ્વી પર લઈ આવ્યા અને છેવટે ઈંદ્રએ પણ પોતાની હાર માની. શ્રીકૃષ્ણનું ઉપરીત્વ સ્વીકાર કરવું પડ્યું હતું. બદલાતી દેવપૂજાનું આ પ્રતીક છે.

વેદમાં વિષ્ણુના મંત્રોમાં ગોપ, તેના ઊર્ધ્વલોકમાં ‘ભૂરિશ્રૃંગા ગાવો’ ગોલોક, વ્રજ વગેરેના ઉલ્લેખ છે. ગોવિંદ નામ કેવી રીતે થયું તે શ્રીધર પંડિતે સમજાવ્યા પ્રમાણે - ગા ઈંદ્રત્વેન વિંદતિ ગોવિંદ - ગાયોના ઈંદ્ર; ગાં સ્વર્ગ ઈંદ્રત્યેન વિદતિ - સ્વર્ગના ઈંદ્ર. ગો એટલે કિરણ. કાળના ૯૪ અંશને વિષ્ણુએ ચક્રની જેમ ઘુમાવ્યા એવું પણ વર્ણન છે. ધીરે ધીરે સૂર્ય પણ વિષ્ણુમાં સ્થપાયા. યાદવો તો સૂર્યપૂજક હતા. સત્રાજિતને સ્યમંતક મણિ સૂર્યે પ્રસન્ન થઈને આપ્યો હતો. ધીરે ધીરે વિષ્ણુનું મહત્ત્વ વધતું ગયું. ઈંદ્રનું સ્થાન ગૌણ થતું ગયું. ત્યારે સ્વાભાવિક રીતે ઈંદ્રના ગુણોનું આરોપણ વિષ્ણુમાં થવા લાગ્યું. એટલે ‘રાધસ્’ ગુણ પણ જોડાઈ ગયો. શ્રીકૃષ્ણ તો વિષ્ણુના અવતાર એટલે આ ગુણ અહીં પણ આવી ગયો. રાધાનાં પતિ વગેરે. તે સાથે વૈદિક વિષ્ણુના ગોલોક, ગોપ, વ્રજ, ગાયો વગેરે શ્રીકૃષ્ણ સાથે નિકટતાથી જોડાઈ ગયા. દા.ત. ગોવિંદ, ગોપીકાંત, ગવામીશ, ગોષ્ઠસ્થ, ગોપાલ વગેરે કૃષક અને પશુપાલક સમાજમાં આ તરત અપનાવાઈ ગયા.

રાધ્ - આરાધયતિ એટલે આરાધના, અર્ચના એટલે રાધા શબ્દ સાથે ભક્તિ આવે જ. રાધોપનિષદ પ્રમાણે રાધ્નોતિ સાધયતિ કાર્યાણિ - સાધકોનાં કાર્યોને સિદ્ધ કરનારી એમ કહેવામાં આવ્યું છે. રા એટલે કોટિકોટિ જન્મોનાં અશુભ ફળનો નાશ કરનાર; આ એટલે આવાગમન (પુનર્જન્મ)માંથી મુક્તિ અપાવનાર, ધ એટલે દીર્ઘાયુ આપનાર - એ રાધા. કૃષ્ણેન આરાધ્યતે ઈતિ રાધા, કૃષ્ણં સમારાધયતિ સદા ઈતિ રાધિકા - કૃષ્ણ દ્વારા આરાધ્યા રાધા. જે સ્વયં હંમેશાં કૃષ્ણની આરાધના કરે. બ્રહ્મવૈવર્તપુરાણના અર્થ પ્રમાણે (૧) રા એટલે વિષ્ણુ અને ધા એટલે ધાત્રી, માતા, ઈશ્વરી મૂળ પ્રકૃતિ (૨) રા એટલે દાન આપવું, રાધા પોતે જ મોક્ષ-નિર્વાણ આપે (૩) રા એટલે રાસમાં ઉપસ્થિત અને ધા એટલે શ્રીહરિને ધારણ કરે (૪) રા શબ્દના ઉચ્ચારણથી ભક્તને મુક્તિ મળે અને ધા શબ્દ એટલે ઈશ્વરના ચરણે સત્વર ગતિ. બૃહદ બ્રહ્મસંહિતામાં કહ્યું છે - ત્વયા ચ આરાધિતો યસ્માદહં કુંજમહોત્સવે, રાધિતો નામ વિખ્યાતા રાસલીલાવિધાયકા - તારા દ્વારા કુંજમહોત્સવમાં મારી આરાધના કરવામાં આવી, રાસલીલાની રચનારી તારું નામ રાધા.

વૈષ્ણવ આચાર્યોના મત પ્રમાણે ભાગવતપુરાણમાં જે ‘અનયા આરાધિતો નૂનં ભગવાન્’ વાક્ય છે તેનો અર્થ થાય કે રાધયતિ આરાધતિ ઈતિ શ્રી રાધેતિ નામકરણં ચ - એટલે અહીં રાધા નામ છે એવું તેમનું મંતવ્ય છે. નિંબાકાચાર્યના અનુયાયી શુકદેવ ‘રાધિત’ શબ્દનો અર્થ કર્યો - રાધાથી સંયુકત. કૃષ્ણના વિહારમાં રાધા જ હેતુરૂપ હોય છે. ભાગવતમાં શુકદેવ કથા શરૂ કરતાં પહેલાં સ્તુતિ કરે છે - નિરસ્ત સામ્યાતિશયેન રાધસા. રાધસ્ એટલે શક્તિ કે ઐશ્વર્યવાચક. વલ્લભાચાર્યના મતે ભગવાનની જ કોઈ સિદ્ધિ.

વિષ્ણુ-કૃષ્ણ પરમ દેવરૂપે સ્થાપિત થયા ત્યારે જે મૂળ પ્રકૃતિ સનાતની વિષ્ણુમાયા કહેવાય છે જે શ્રીકૃષ્ણની પ્રાણની અધિષ્ઠાત્રી દેવી છે, તેનું રાધામાં રૂપાંતર થઈ ગયું. નારદપુરાણ પ્રમાણે હરિ અને તેમની શક્તિ સમસ્ત જગતમાં વ્યાપ્ત થઈને રહે છે. આ શક્તિને પરા તથા પ્રકૃતિ પણ કહેવામાં આવે છે. આ પરાશક્તિ જગતની રચના વગેરે કાર્ય કરે છે, અને પ્રકટ કે અપ્રકટ રૂપે જગતમાં રહેલી છે. તે જ લક્ષ્મી, સરસ્વતી, સાવિત્રી, દુર્ગા વગેરે મહાદેવીઓ કહેવાય છે. તે જ આદિમાતા, શક્તિરૂપા, સંપદદાત્રી હ્‌લાદિની શક્તિ. રાધા તો કૃષ્ણની પરમ હ્‌લાદિની શક્તિ છે. શ્રીકૃષ્ણનાં લીલામાં નામ થયાં. રાધેશ્વર, રાધાકાન્ત, રાધિકેશ્વર, કિશોરીપ્રાણનાથ, રાધિકાત્મા, રાધાપ્રાણ, રાધાધન આદિ ગર્ગાચાર્યે તો બાળકૃષ્ણની નામકરણવિધિ વખતે ગર્ગસંહિતા પ્રમાણે એ પરમપ્રભુસ્વરૂપ બાળકને ‘રાધાપતિ’ તરીકે સંબોધન કર્યું. બ્રહ્મવૈવર્તપુરાણ પ્રમાણે શ્રીકૃષ્ણ કહે છે કે હું પોતે જ આત્મા છું, તેથી નિત્ય છું. જેમ તમે પ્રકૃતિ છો, બધી શક્તિઓથી યુક્ત, બધાંનો આધાર અને સનાતન છો. જેમ લક્ષ્મી અને સરસ્વતી મારા પ્રાણ સમાન છે, બ્રહ્મા, શંકર અને ધર્મ તમે જ છો. અને તમે તો મને પ્રાણોથી પણ વધારે પ્રિય છો. - ત્વં મે પ્રાણાધિકા પ્રિયા. પદ્મપુરાણ પ્રમાણે રાધિકા શ્રીકૃષ્ણની પ્રિયા આદ્ય પ્રકૃતિ છે. અને તેના પગની રજના સ્પર્શમાત્રથી કરોડો વિષ્ણુનો જન્મ થાય છે. કૃષ્ણની અષ્ટ પટરાણીઓમાંથી એક કાલિંદી કહે છે કે કૃષ્ણ જ રાધિકા છે અને રાધિકા જ કૃષ્ણ છે. નારદપુરાણ કહે છે કે કૃષ્ણ રાધાના જીવનના એકમાત્ર ધન છે - રાધૈકજીવાતુક. રાધા છે કૃષ્ણવ્રતા, કૃષ્ણપ્રાણાર્પિણી, હરિપ્રિયા, પરમાનંદા, શુદ્ધ પ્રેમ ભક્તિ વિધાયિની, સર્વસત્ત્વનિધિ. શ્રીકૃષ્ણની મહાલીલાનું શ્રેષ્ઠ પાત્ર છે. (ક્રમશઃ)

‘શ્યામ સમીપ’ પુસ્તકમાંથી સાભાર.
પ્રકાશકઃ એન.એમ. ઠક્કરની કંપની.■

વિશેષ

વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

# ગંગા ને નર્મદા જેવી જ મહાન નદી છે તાપી



તાપી નદીને તાપ્તી નદી પણ કહેવામાં આવે છે. આ નદી ભારતની એ અગત્યની નદીમાંની એક છે જે મધ્ય ભારતથી નીકળીને અરબ સાગરમાં મળે છે. ભૌગોલિક, આર્થિક, પરિસ્થિતિક અને સાંસ્કૃતિક એની વિશેષતા ખૂબ છે. તાપી નદીનું ઉદ્‌ગમ સ્થાન મધ્ય પ્રદેશના બેતૂલ જિલ્લાના સાતપુડા પર્વતમાળામાં છે. અહીંથી લગભગ ૭૨૪ કિલોમીટરનું અંતર કાપીને આ નદી મહારાષ્ટ્ર અને ગુજરાતથી પસાર થઈને છેવટે અરબ સાગરમાં મળે છે. એના કિનારે સુરત જેવું ઔદ્યોગિક અને વ્યાપારિક શહેર વસેલું છે. આ નદીને તેના માર્ગમાં આવતી અન્ય નદીઓ જળથી સંપન્ન કરે છે. એમાં પૂર્ણા, ગિર્ણા, વાઘુર અને અંજલી નદીઓ છે. તાપીને ગંગા અને નર્મદાને સમકક્ષ મહાનદી એટલે માનવામાં આવે છે, કેમ કે આ પણ વિશાળ નદી ઘાટની પ્રણાલી બનાવે છે. આ નદી લાખો લોકોની કૃષિ, પિવાનાં પાણી અને ઔદ્યોગિક જરૂરિયાતોને પૂરી કરે છે. તેની આ જ ખાસિયત તેને નર્મદા અને ગંગા નદીની જેમ મહાન બનાવે છે.

તાપી નદીના કિનારે આદિવાસી સમાજ, કૃષિ સંસ્કૃતિઓ અને વ્યાપારિક નગર વિકસિત થયા છે. તાપી નદીની આસપાસ કપાસ, સોયાબિન, શેરડી, કેળાં અને વિવિધ પ્રકારની દાળની ખેતી થાય છે. ગંગા નદીની જેમ જ એ કૃષિ આધારિત જરૂરિયાતો પૂરી કરે છે. નર્મદાની જેમ તાપીને પણ પવિત્ર નદીઓમાં સામેલ કરવામાં આવે છે. એના કિનારે મેળા અને પવિત્ર સ્નાનને સંબંધિત પર્વ ઉજવવામાં આવે છે.

અન્ય નદીઓની જેમ તાપી નદીના કિનારે પણ અનેક મંદિરો આવેલાં છે. તાપીનો વાર્ષિક પ્રવાહ લગભગ ૧૭થી ૧૮ બિલિયન ઘનમીટર આંકવામાં આવ્યો છે. આ નદીનો ૭૫ ટકા પાણીનો આધાર વરસાદ પર રહે છે.

તાપી નદીની માટી ઘણી ફળદ્રુપ છે. આ જ કારણ છે કે ખેડૂતો ખેતી કરીને સાધન સંપન્ન થાય છે. ગ્રામીણ રોજગારની પણ અહીં અપાર શક્યતાઓ છે. ગંગાની જેમ તાપીને પણ અન્નના ભંડાર તરીકે જોવામાં આવે છે. તાપીના કિનારે વસેલાં શહેરોમાં મોટા ભાગે કાપડ, રસાયણ, હીરાના કારખાના અને ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગો માટે ફેમસ છે. એને કારણે લાખો રોજગાર અને શહેરી વિકાસને વેગ મળે છે. આ નદીમાં માછલીઓની અનેક પ્રજાતિઓ મળી આવે છે.

સાતપુડામાંથી પસાર થતી વખતે આ નદી અનેક વન ક્ષેત્રોને જીવન આપે છે. જેમાં હરણ, રીંછ, જેવા જીવોને પાણી અને ભોજન મળે છે. તાપી નદીના ડેલ્ટા ક્ષેત્રમાં અનેક પંખીઓ મળી આવે છે. સાથે જ પ્રવાસી પક્ષીઓનો પણ એ આશ્રયસ્થાન છે. તાપીને કારણે આસપાસના જળસ્તોત્ર પણ છલકાય છે. એને કારણે કૂવાઓમાં વર્ષભર પાણી ભરેલાં રહે છે. ■

# ભારતની મહિલા ક્રિકેટરોએ પાકિસ્તાનની ટીમને આઠ વિકેટે કચડી નાખી



બૅન્ગકૉકઃ ભારતના પુરુષ ક્રિકેટરો કોલંબોમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાનની ટીમ સાથે જંગમાં ઊતરે એના થોડા કલાકો પહેલાં જ ભારતની મહિલા ક્રિકેટરોની ટીમે પાકિસ્તાનની વિમેન્સ ટીમને થાઇલૅન્ડના પાટનગર બૅન્ગકૉકની ટી-૨૦ ટૂર્નામેન્ટની મૅચમાં આઠ વિકેટે કચડી નાખી હતી.

એસીસી વિમેન્સ એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ-૨૦૨૬ નામની ટૂર્નામેન્ટમાં મુંબઈની રાધા યાદવની કૅપ્ટન્સીમાં ઇન્ડિયા-એ ટીમે ૯૪ રનનો લક્ષ્યાંક માત્ર ૧૦.૧ ઓવરમાં બે વિકેટના ભોગે ૯૭ રનના ટોટલ સાથે મેળવી લીધો હતો. ખુદ કૅપ્ટન રાધા યાદવ (૩-૦-૧૧-૨) આ મૅચની સુપર પર્ફોર્મર હતી.

હફસા ખાલિદના સુકાનમાં પાકિસ્તાન-એ ટીમે ટૉસ જીતીને પ્રથમ બૅટિંગ પસંદ કરી હતી, પરંતુ આખી ટીમ ૧૮.૫ ઓવરમાં માત્ર ૯૩ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ હતી. ઓપનર શવાલ ઝુલ્ફીકરના ૨૩ રન ટીમમાં સૌથી વધુ હતા. ભારત વતી રાધા ઉપરાંત સઇમા ઠાકોર તથા પ્રેમા રાવતે પણ બે-બે વિકેટ લઈને પાકિસ્તાની ટીમને ૧૦૦ રન સુધી ન પહોંચવા દેવામાં મોટી ભૂમિકા ભજવી હતી. એક-એક વિકેટ જિન્તીમણી ખાલિતા અને મિન્નુ મનીએ મેળવી હતી. પાકિસ્તાની ટીમે બીજા જ રન પર પ્રથમ વિકેટ ગુમાવી હતી અને ત્યાર બાદ સમયાંતરે વિકેટ પડતી રહી હતી.

ભારતીય મહિલા ટીમે ૯૪ રનનો લક્ષ્યાંક મેળવવા જતાં શૂન્યમાં પ્રથમ વિકેટ ગુમાવી હતી, પરંતુ વૃંદા દિનેશ (પંચાવન અણનમ, ૨૯ બૉલ, બાર ફોર) અને અનુષ્કા શર્મા (૨૪ રન, ૨૬ બૉલ, ચાર ફોર) વચ્ચે ૭૯ રનની ભાગીદારીએ ટીમની જીત આસાન બનાવી દીધી હતી. વૃંદા સાથે તેજલ હસબનીસ (૧૨ અણનમ, પાંચ બૉલ, એક સિક્સર, એક ફોર) અણનમ રહી હતી. ભારતીય મહિલા ટીમ આ મૅચ પહેલાં યુએઇ સામે હારી ગઈ હતી. ■

# વેસ્ટ ઇન્ડિઝ સુપર-એઇટમાં, ઓમાન પછી હવે નેપાળ પણ વર્લ્ડ કપની બહાર

## બોલિંગમાં હોલ્ડર અને બૅટિંગમાં હોપ ઝળક્યોઃ નેપાળી બૅટ્સમૅન એઇરીની આક્રમક હાફ સેન્ચુરી પાણીમાં

મુંબઈઃ ટી-૨૦ વર્લ્ડ કપમાં બે વખત ટાઇટલ જીતનાર વેસ્ટ ઇન્ડિઝની ટીમ આ વખતની ટૂર્નામેન્ટના સુપર-એઇટ રાઉન્ડમાં પહોંચનારી પ્રથમ ટીમ બની છે, જ્યારે ટૂર્નામેન્ટની શરૂઆતમાં લડાયક રમત બતાવનાર, પરંતુ ઉપરાઉપરી ત્રણ મૅચ હારી જનાર નેપાળની ટીમ વિશ્વ કપની બહાર થઈ જનારી ઓમાન પછીની બીજી ટીમ બની છે.

વેસ્ટ ઇન્ડિઝે શાઇ હોપ (૬૧ અણનમ, ૪૪ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર)ના સુકાનમાં ૧૩૪ રનનો લક્ષ્યાંક ૧૫.૨ ઓવરમાં માત્ર એક વિકેટના ભોગે મેળવી લીધો હતો. હોપની સાથે શિમરૉન હેટમાયર (૪૬ અણનમ, ૩૨ બૉલ, બે સિક્સર, ચાર ફોર) વચ્ચે ૯૧ રનની અતૂટ ભાગીદારી થઈ હતી. એ પહેલાં,



જેસન હોલ્ડર

ઓપનર બ્રેન્ડન કિંગ (બાવીસ રન, ૧૭ બૉલ, ચાર ફોર) સાથે હોપની ૪૩ રનની પાર્ટનરશિપ થઈ હતી. નેપાળના છ બોલરમાંથી પેસ બોલર નંદન યાદવ એક વિકેટ લઈ શક્યો હતો.

ટાઇટલ જીતવા માટે હવે ભારત અને સાઉથ આફ્રિકા ઉપરાંત હવે વેસ્ટ ઇન્ડિઝ પણ મજબૂત દાવેદાર છે. કૅરિબિયન ટીમના પીઢ પેસ બોલર જેસન હોલ્ડરે ૨૭ રનમાં ચાર વિકેટ લઈને નેપાળને ૮/૧૩૩ રન સુધી સીમિત રખાવવામાં સૌથી મોટી ભૂમિકા ભજવી હતી. વેસ્ટ ઇન્ડિઝના અન્ય ચાર અકીલ હોસૈન, મૅથ્યૂ ફૉર્ડે, શમાર જોસેફ અને રૉસ્ટન ચેઝને એક-એક વિકેટ મળી હતી. નેપાળના બૅટ્સમેનોમાં દીપેન્દ્રસિંહ એઇરી (૫૮ રન, ૪૭ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)ને એક પણ સાથી બૅટ્સમૅનનો લાંબા સમય સુધી સાથ નહોતો મળ્યો.

આ મૅચની પ્રથમ ઓવરથી છેક મૅચના અંત સુધી કૅરિબિયનોએ નેપાળીઓ પર વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. ચાર વિકેટ લેનાર જેસન હોલ્ડરને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. વેસ્ટ ઇન્ડિઝ સુપર-એઇટ રાઉન્ડમાં ૨૩ ફેબ્રુઆરી, ૨૬ ફેબ્રુઆરી અને પહેલી માર્ચની મૅચ રમશે અને એની હરીફ ટીમ હવે નક્કી થશે. ■

# ભારતની પ્રથમ સુપર-એઇટ મૅચ અમદાવાદમાંઃ પાકિસ્તાન સેમિ ફાઇનલમાં પણ હારવા આવશે કે શું?







ગઈ કાલે બાબર આઝમની વિકેટ અક્ષર પટેલે લીધી હતી, પણ આ ભૂતપૂર્વ પાકિસ્તાની કૅપ્ટન ભારતના મુખ્ય બોલર્સ બુમરાહ અને હાર્દિક સહિતના ભારતીય ખેલાડીઓ વચ્ચે હાંસીનું પાત્ર (ઉપર) બની ગયો હતો. સરપ્રાઇઝ-સ્પિનર તિલક વર્માએ શાદાબ ખાનની વિકેટ લીધી ત્યારે કૅપ્ટન સૂર્યકુમારે (નીચે) તેને અનોખી સ્ટાઇલમાં અભિનંદન આપ્યા હતા. ભારતની પ્રથમ સુપર-એઇટ મૅચ બાવીસમી ફેબ્રુઆરીએ અમદાવાદમાં રમાશે. ત્યાર પછી ભારતનો ૨૬મીએ (હરીફ ટીમનું નામ હવે જાહેર થશે)અને પહેલી માર્ચે વેસ્ટ ઇન્ડિઝ સામે મુકાબલો થશે. ભારત સામે કદાચ પાકિસ્તાન સેમિ ફાઇનલમાં સામે આવી જાય તો નવાઈ નહીં લાગે.



### વર્લ્ડ કપમાં આજે કયા મુકાબલા?

અફઘાનિસ્તાન વિરુદ્ધ યુએઇ (દિલ્હી, સવારે ૧૧.૦૦)

ઇંગ્લૅન્ડ વિરુદ્ધ ઇટલી (કોલકાતા, બપોરે ૩.૦૦)

ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ શ્રીલંકા (પલ્લેકેલ, સાંજે ૭.૦૦)

# સંજય ક્રિષ્નમૂર્તિએ અમેરિકાને જિતાડ્યું, સુપર-એઇટની આશા જીવંત

ચેન્નઈઃ અમેરિકાએ ટી-૨૦ વર્લ્ડ કપમાં ગ્રૂપ-એમાં ચારેય લીગ મૅચ પૂરી કરી છે અને એમાંથી રવિવારે બીજી મૅચ જીતવાની સાથે સુપર-એઇટની આશા જીવંત રાખી હતી. અમેરિકાના વિજય વખતે ભારત અને પાકિસ્તાન બન્નેના ચાર-ચાર પૉઇન્ટ હતા અને એમની જેમ અમેરિકાના પણ ચાર પૉઇન્ટ થઈ ગયા હતા. જોકે રનરેટમાં ત્યારે અમેરિકા બન્નેથી પાછળ હતું. અમેરિકાએ નામિબિયાને ૩૧ રનથી હરાવ્યું હતું.

ચેન્નઈમાં રવિવારે અમેરિકાને ભારતીય મૂળના ખેલાડી સંજય ક્રિષ્નમૂર્તિ (૬૮ અણનમ, ૩૩ બૉલ, છ સિક્સર, ચાર ફોર)એ જિતાડ્યું હતું. આ જીતમાં કૅપ્ટન અને ઓપનર મોનાંક પટેલ (બાવન રન, ૩૦ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)નું પણ મોટું યોગદાન હતું.

અમેરિકાએ પ્રથમ બૅટિંગ લીધા બાદ ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૯૯ રન કર્યા એના જવાબમાં નામિબિયાની ટીમે અમેરિકાને લડત આપી હતી અને પૂરી ૨૦ ઓવર સુધી બૅટિંગ કરી હતી અને છ વિકેટે ૧૬૮ રન કર્યા હતા. જોકે ઓપનર લૉરેન સ્ટીનકૅમ્પ (૫૮ રન, ૩૯ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર)ની હાફ સેન્ચુરી એળે ગઈ હતી. મિડલ-ઑર્ડર બૅટ્સમૅન જેજે સ્મિટે (૩૧ રન, ૨૩ બૉલ, એક સિક્સર, એક ફોર)નું પણ યોગદાન પાણીમાં ગયું હતું. અમેરિકા વતી પેસ બોલર શેડ્લી સ્કૉલવીકે સૌથી વધુ બે વિકેટ લીધી હતી. સંજયને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ■

# ભારતીય મહિલા ટીમ ઑસ્ટ્રેલિયા સામે 'માત્ર ૫૦ રન બનાવીને જીતી ગઈ'

સિડનીઃ હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતની મહિલા ટીમે અહીં રવિવારે મહિલા ટી-૨૦ની વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયાની ટીમને સિરીઝની પ્રથમ મૅચમાં હરાવીને ૧-૦થી સરસાઈ મેળવી હતી.

વરસાદના મોટા વિઘ્નને લીધે મૅચ છેવટે રોકી દેવામાં આવી અને ભારતીય ટીમને વિજેતા જાહેર કરાઈ ત્યારે ભારતીય ટીમે ફક્ત એક વિકેટ ગુમાવી હતી, પરંતુ ડકવર્થ/લુઇસ સિસ્ટમ (ડીએલએસ)ના આધારે આ ટીમને ૨૧ રનથી વિજેતા જાહેર કરવામાં આવી હતી. પેસ બોલર અરુંધતી રેડ્ડી (૪-૦-૨૨-૪) પ્લેયર ઑફ ધ મૅચ ઘોષિત કરાઈ હતી. ખરેખર તો ભારતીય ટીમ માત્ર ૫૦ રન બનાવ્યા બાદ વિજેતા જાહેર કરાઈ હતી.

ભારતીય મહિલા ટીમને માત્ર ૧૩૪ રનનો લક્ષ્યાંક મળ્યો હતો અને ભારતીય ટીમે સારી શરૂઆત કરી હતી. જોકે કુલ ૩૩ રનના સ્કોર પર ઓપનર શેફાલી વર્મા (૨૧ રન, ૧૧ બૉલ, બે સિક્સર, એક ફોર)એ વિકેટ ગુમાવી હતી. ત્યારે વાઇસ-કૅપ્ટન અને વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની બેંગ્લૂરુ ટીમની



કૅપ્ટન હરમનપ્રીત કૌર

ચૅમ્પિયન કૅપ્ટન સ્મૃતિ મંધાના સાથે જેમિમા રૉડ્રિગ્સ જોડાઈ હતી.

ભારતીય ટીમનો સ્કોર ૫.૧ ઓવરમાં ૧/૫૦ હતો ત્યારે ફરી વરસાદ શરૂ થયો હતો અને ત્યાર બાદ રમત ફરી શરૂ કરવાની કોઈ સંભાવના નહોતી.

ડીએલએસ મુજબ ભારત માટે ત્યારે નવેસરથી લક્ષ્યાંક (૫.૧ ઓવરમાં ૩૦ રન) નક્કી કરાયો હતો, પરંતુ ભારતે ૫૦ રન બનાવી લીધા હોવાથી ભારતને વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું. સ્મૃતિ ૧૬ રને અને જેમિમા નવ રને અણનમ રહી હતી.

એ પહેલાં, ઑસ્ટ્રેલિયાનો દાવ ૧૮ ઓવરમાં બનાવવામાં આવેલા ૧૩૩ રનના સ્કોર પર સમાપ્ત થયો હતો.

ઑસ્ટ્રેલિયાની એક પણ બૅટર ૩૦ રનનો આંકડો પાર નહોતી કરી શકી. જ્યોર્જિયા વેરમના ૩૦ રન ટીમમાં હાઇએસ્ટ હતા.

રાઇટ-આર્મ પેસ બોલર અરુંધતી રેડ્ડીએ બાવીસ રનમાં ચાર વિકેટ, રેણુકા ઠાકુરે ૧૪ રનમાં બે વિકેટ અને શ્રી ચરનીએ પણ ૧૪ રનમાં બે વિકેટ લીધી હતી. ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જુદાઈ | બુઢાપો |
| જુગુપ્સા | રહેમ |
| જુલમ | ઢીલાશ |
| જુસ્સો | મોહક |
| જુવાની | સંગમ |

## માતૃભાષાની મહેક

આપણે ત્યાં બાળકના જન્મ તુરંત બાદ જે કેટલીક બાબતે અગ્રતા ક્રમ આપવામાં આવ્યો છે એમાંની એક બાબત છે તાજા જન્મેલા બાળકને આપવામાં આવતું વિશિષ્ટ પ્રવાહી. આ માટે એક શબ્દ છે ગળથૂથી. એવી પણ માન્યતા છે કે ગળથૂથી પીવડાવનારી વ્યક્તિનાં લક્ષણો - સ્વભાવનો અંશ બાળકમાં ઊતરી આવે.

## ગુજરાત મોરી મોરી રે


મહાભારત યુદ્ધ પછી પાંડવો દ્વારા સ્થાપના કરાયેલું એ દરિયાકિનારે સ્થિત નિષ્કલંક મહાદેવ મંદિર કયા જિલ્લામાં આવેલું છે?

અ) સાબરકાંઠા
બ) દ્વારકા
ક) ભાવનગર
ડ) જૂનાગઢ

## ઈર્શાદ

મોસમ એવી છે કે પથ્થર પર પણ,
કૂણું ઘાસ ઊગે,
એ જોઈ નિષ્ફળ પ્રેમીઓ ભાગ્ય ફરી અજમાવે છે.
-- હેમેન શાહ

## શબ્દલાલિત્ય — કાન્તા વોરા



### આડી ચાવી

૧. જેને કોઈ સાથે દુશ્મનાવટ નથી તેવું (૫)
૫. એકસરખું, ફેરફાર વિનાનું (૪)
૭. પ્રખ્યાત મીનાક્ષી મંદિર ---માં આવેલું છે (૩)
૮. વાંસ કે ઘાસની પાત્ર જેવી બનાવટ (૩)
૧૧. કાજળ, સુરમો વગેરે આંજવાનો પદાર્થ (૩)
૧૩. ખામી, ઊણપ (૨)
૧૪. ચડતું ઊતરતું (૪)
૧૫. મારાપણું (૩)
૧૬. જૂનાગઢના રાજા રાખેંગારની રાણી (૩)
૧૮. અંજામ, પરિણામ (૩)
૨૦. જીત, ફતેહ (૩)
૨૨. અકળામણ, ફાંફાં (૪)
૨૪. માણસ (૨)
૨૫. લડાઈ (૩)
૨૬. મુકામ, મુસાફરી (૩)
૩૦. કીર્તિ (૩)
૩૨. સંતાન (૪)
૩૩. નાટક કે ફિલ્મમાં 'વિલેન' (૫)

### ઊભી ચાવી

૧. અમારું, અમે (૨)
૨. જંતરમંતરના નાના નાના પ્રયોગ (૪)
૩. છલંગ (૩)
૪. ઊણપ, ખામી (૨)
૫. મોજમજા, રંગબાજી (૨)
૬. રોકાવું, ગૂંગળાવું તે (૩)
૯. લીલા રંગનું રત્ન (૩)
૧૦. હંમેશાં (૨)
૧૧. વિઘ્ન, અડચણ (૪)
૧૨. ભોજન (૩)
૧૩. આધાર, ભરોસો (૩)
૧૫. સાથે મળીને થતી વિચારણા, સંતલસ (૪)
૧૭. અઘરું, મુશ્કેલ (૩)
૧૯. ખાંધે બોજો ઉપાડવા બનાવેલ ત્રાજવું- (૩)
૨૧. ઘા (૩)
૨૩. નબળું, ઠીંગણું ઘોડુ (૨)
૨૪. બધે પાણી પાણી થઈ ગયું હોય તેવું (૪)
૨૫. સદ્‌ગુણી, સારું (૩)
૨૭. ઓઝલમાં રહેનારો સ્ત્રી સમુદાય (૩)
૨૮. ખોળો (૨)
૨૯. સંન્યાસનો વેષ (૨)
૩૧. ઘ્રાણેન્દ્રિય (૨)

### ગયા વખતનો ઉકેલ



## ઓળખાણ પડી?

શિવજીના એક સ્વરૂપને સમર્પિત અને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન ધરાવતું પશુપતિનાથનું મંદિર કયા શહેરમાં છે એ જાણો છો?



અ) ઢાકા  બ) રંગૂન  ક) કોલંબો  ડ) કાઠમંડુ

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'લડવૈયાએ દુશ્મનને જેર કરી દીધો' પંક્તિમાં જેરનો અર્થ શું થાય એ જણાવો.

અ) ક્રોધિત  બ) દોડાવ્યો  ક) દ્રવિત  ડ) તાબે

## માઈન્ડ ગેમ

ત્રણ કરોડ છ લાખ અગિયાર હજાર બસોપાંચમાંથી બે કરોડ સત્તર લાખ આઠ હજાર છસ્સો અઠ્ઠાવન બાદ કર્યા પછી જવાબ શું મળે એ જણાવો.

અ) ૮૫,૨૮,૭૪૩  બ) ૮૯,૦૨,૫૪૭
ક) ૯૨,૩૪,૦૫૭  ડ) ૯૫,૪૭,૧૭૭

## સુડોકુ-૯૨૨૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | ૪ | | ૬ | | ૮ | |
| | ૪ | ૯ | | | | ૧ | ૩ | |
| ૬ | | | | | | | | ૨ |
| ૧ | | ૨ | | ૬ | | ૭ | | ૮ |
| | | | ૧ | | ૭ | | | |
| ૭ | | ૮ | | ૪ | | ૬ | | ૫ |
| ૮ | | | | | | | | ૪ |
| | ૧ | ૫ | | | | ૨ | ૬ | |
| | ૨ | | ૫ | | ૩ | | ૭ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૨૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૪ | ૧ | ૬ | ૩ | ૨ | ૮ | ૯ |
| ૩ | ૬ | ૮ | ૯ | ૪ | ૨ | ૫ | ૧ | ૭ |
| ૧ | ૯ | ૨ | ૮ | ૭ | ૫ | ૬ | ૪ | ૩ |
| ૪ | ૨ | ૫ | ૩ | ૯ | ૭ | ૧ | ૬ | ૮ |
| ૬ | ૧ | ૭ | ૨ | ૫ | ૮ | ૩ | ૯ | ૪ |
| ૯ | ૮ | ૩ | ૪ | ૧ | ૬ | ૭ | ૫ | ૨ |
| ૫ | ૩ | ૬ | ૭ | ૮ | ૪ | ૯ | ૨ | ૧ |
| ૨ | ૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૮ | ૭ | ૬ |
| ૮ | ૭ | ૧ | ૬ | ૨ | ૯ | ૪ | ૩ | ૫ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| જીર્ણ | નવીન |
| જીવંત | સ્વર્ગવાસી |
| જિજ્ઞાસા | ઠોઠ |
| જીત | હાર |
| જીવતેજીવત | મરણોત્તર |

**ગુજરાત મોરી મોરી રેઃ** મહિસાગર

**ઓળખાણ પડી?** ગેંગટોક

**માઈન્ડ ગેમ :** ૬ કરોડ ૩૭ લાખ ૫૦ હજાર

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ખંડિત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) સુભાષ મોમાયા (૪) ભરત કજરીયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) ભારતી બુચ (૮) ખુશરુ કાપડિયા (૯) શ્રદ્ધા આશર (૧૦) હર્ષા મહેતા (૧૧) પુષ્પા પટેલ (૧૨) લજીતા ખોના (૧૩) જ્યોતી ખાંડવાલા (૧૪) મીનળ કાપડિયા (૧૫) કિરીટ છેડા (૧૬) ચેતના છેડા (૧૭) ભાવના કર્વે (૧૮) પ્રવીણ વોરા (૧૯) કમલ માટલીયા (૨૦) મહેશ સંઘવી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખીલ બંગાળી (૨૪) અમીષી બંગાળી (૨૫) તાહેર ઔરંગાબાદવાળા (૨૬) શીરીન ઔરંગાબાદવાળા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) જયવંત પદમશી ચિખલ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેન્દ્ર લોઢવિયા (૩૧) અંજુ ટોલીયા (૩૨) વર્ષા સૂર્યકાન્ત શ્રોફ (૩૩) અરવિંદ કામદાર (૩૪) ડાયના સંતોક (૩૫) અલકા વાણી (૩૬) વીણા સંપટ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હીનાબેન દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) ધીરેન્દ્ર ઉદેશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) મહેશ દોશી

# એન્થ્રોપિકની અસરે ₹ ૧.૮૫ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એઆઇના સંકટને કારણે શેરબજારમાં સપ્તાહ દરમિયાન ભારે ઊથલપાથલ જોવા મળી હતી. આઇર્ટિ ફિશિઅલ ઇન્ટેલિજેન્સ (એઆઇ) ટેકનોલોજીને કારણે ભારતીય આઇટી કંપનીઓને યુએસ લિસ્ટેડ કંપનીઓ તરફથી મજબૂત સ્પર્ધાનો સામનો કરવો પડશે તેવી આશંકા નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. આ જ કારણસર સૌથી વધુ ધોવાણ આઇટી સેકટરના શેરોમાં જોવા મળ્યું છે અને ભારતની લગભગ બધી જ ટોપની આઇટી કંપનીઓમાં એકધારી પીછેહઠ થઇ રહી છે. એન્થ્રોપિકે સર્જેલા એઆઇ વાવાઝોડની ઝપટમાં આવેલા આઇટી કંપનીઓના શેરોનો ભૂક્કો બોલી ગયો છે.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં ઓટો અને પીએસયુ બેંક ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે આઈટી અને ટેક સેક્ટરમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો હતો. સાપ્તાહિક ધોરણે માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ૪૬૫.૪૬ લાખ કરોડ રહ્યું, જે અગાઉના સપ્તાહે રૂ. ૪૬૭.૩૧ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૧.૮૫ લાખ કરોડનો સાપ્તાહિક ઘટાડો નોંધાયો હતો. નોંધવું રહ્યું કે, શુક્રવારના સત્રમાં સેન્સેક્સમાં ૧૦૪૮ પોઇન્ટનો તોતિંગ કડાકો જોવા મળ્યો હતો અને રોકાણકારોની સંપત્તિમાં આ એક જ સત્રમાં લગભગ રૂ. ૭.૪ લાખ કરોડ ધોવાઇ ગયા હતા.

કોર્પોરેટ હલચલમાં ક્લિન એનર્જી, ઇન્ફ્રા ફેસિલિટીઝ અને પ્રોસેસ ઇન્ડસ્ટ્રીઝની એન્જિનિયરિંગ સોલ્યુશન્સ પ્રોવાઇડર ગ્લોબલ ટેકનોલોજી ઇપીસી કંપની, ડ્યુકોન ઇન્ફ્રાટેકનોલોજીસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના નવમા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં કુલ આવક રૂ. ૩૨૧.૧૮ કરોડ અને રૂ. ૯.૧૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા રૂ. ૨૦.૮૨ કરોડ રહ્યો છે. ઓલા ઇલેક્ટ્રિકે ૩૨૬૮૦ એકમની ડીલીવરી સાથે ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૪૭૦ કરોડની કોન્સોલિડેટેડ રેવન્યૂ નોંધાવી છે. એગ્રી બેસ્ડ બાઇ પ્રોડક્ટસ અને કેટલ ફીડની એક અગ્રણી ઉત્પાદક, નર્મદા એગ્રોબેઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૫૨.૮૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨,૧૬૪.૩૧ લાખની કુલ આવક ૧.૩૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૦૧.૩૪ લાખનો ચોખ્ખો નફો અને રૂ. ૧૬૭.૪૯ લાખનો એબિટા નોંધાવ્યો છે. એચયુએલએ ડિસેમ્બર ક્વાર્ટરમાં બમણાંથી વધુ ઉછાળા સાથે રૂ. ૬૬૦૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

પ્રેસિઅસ સ્ટોન્સ, ગોલ્ડ, ડાયમન્ડ્સ અને બુલિયન આઇટમમાં વિશેષતા ધરાવતી, ખઝાંચી જ્વેલર્સ લિમિટેડે નવમા ક્વાર્ટરના પરિણામમાં વાર્ષિક ધોરણે ૩૪.૦૪ ટકા વૃદ્ધિ સાથે રૂ.૧,૫૪૨.૦૨ કરોડની કુલ આવક, ૯૬.૬૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૮૯.૧૨ કરોડનો એબિટા અને ૯૬.૯૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬૩.૮૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સમાં સરકારી સ્ટેક સેલ માટે ઓએફએસનું સબ્સક્રિપ્શન ઓપન થઇ ગયું છે. ટાઇટને ડિસેમ્બર ક્વાર્ટરમાં ૬૦.૮૪ ટકાના ઉછાળા સાથે રૂ. ૧૬૮૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

ઇન્ડિયન ડાયરેક્ટ સેલિંગ એસોસિએશન દ્વારા મહારાષ્ટ્ર સરકારના ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગના સહયોગ સાથે મુંબઇ ખાતે મહારાષ્ટ્ર આઇડીએસએ મહાવિકાસ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વરિષ્ઠ સરકારી અધિકારીઓ, ગ્રાહક કમિશનના સભ્યો, ઉદ્યોગ લીડર્સ અને મહિલા ડાયરેક્ટ સેલર્સ અને સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ એક છત્ર નીચે એકત્ર થયા હતા. આ પરિષદ ગ્રાહક જાગૃતિને મજબૂત કરવા, નૈતિક વ્યવસાયિક પ્રથાઓને મજબૂત બનાવવા અને ડાયરેક્ટ સેલિંગ ક્ષેત્રમાં મહિલા ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત હતી.

સપ્તાહ દરમિયાન તમામ મુખ્ય બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસ ઘટ્યા હતા, જેમાં બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૭૮ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૬૭ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૫૪ ટકા ઘટ્યા હતા. એસએમઈ આઈપીઓ ૦.૮૯ ટકા ઘટ્યો અને બીએસઈ આઈપીઓ ૦.૫૮ ટકા વધ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં ઓટો ૨.૨૯ ટકા, પીએસયુ બેંક ૨.૧૧ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૦૧ ટકા, હેલ્થ કેર ૧.૬૪ ટકા,પીએસયુ ૧.૩૮ ટકા અને કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સ ૦.૭૫ ટકા વધ્યા હતા, જ્યારે આઈટી ૮.૦૪ ટકા, ટેક ૫.૭૧, ઓઈલ એન્ડ ગેસ ૧.૯૩ ટકા, પાવર ૧.૪૬ ટકા, એફએમસીજી ૧.૪૨ ટકા, મેટલ ૦.૫૮ ટકા, રિયલ્ટી ૦.૪૮ ટકા, બેન્કેક્સ ૦.૧૧ ટકા ઘટ્યા હતા. બીએસઈ ૧૦૦માં ૫૦ કંપનીઓ વધી અને ૫૦ કંપનીઓ ઘટી. બીએસઈ ૨૦૦માં ૯૩ કંપનીઓ વધી અને ૧૦૭ કંપનીઓ ઘટી. બીએસઈ ૩૦માં ૧૪ કંપનીઓ વધી અને ૧૬ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૨૩૫ કંપનીઓ વધી, ૨૬૪ કંપનીઓ ઘટી અને એક યથાવત રહી હતી.

બીએસઈ અને એનએસઈ પર સંયુક્ત રીતે સ્થાનિક સંસ્થાગત રોકાણકારોએ રૂ. ૯૪,૧૫૨.૬૧ કરોડની ખરીદી અને રૂ. ૮૮,૫૩૩.૮૬ કરોડનું વેચાણ કર્યું, જેના પરિણામે રૂ. ૫,૬૧૮.૭૫ કરોડની નેટ ખરીદી નોંધાઈ હતી. વિદેશી સંસ્થાગત રોકાણકારોએ રૂ.૯૮,૮૭૯.૪૯ કરોડની ખરીદી સામે રૂ. ૧,૦૦,૯૪૭.૮૧ કરોડનું વેચાણ કર્યું, જેથી રૂ. ૨,૦૬૮.૩૨ કરોડની નેટ વેચવાલી નોંધાઈ હતી.

સેબીએ પાંચ કંપનીઓને આઇપીઓ માટે મંજૂરી આપી છે. એક્સ્ટ્રાનેટ ટેક્નોલોજીસ અને ગોડિયમ આઇવીએફ એન્ડ વીમેન હેલ્થ વીસમીએ આઇપીઓ લાવી રહી છે. બ્રિટાનીયા ઇન્ડસ્ટ્રીઝે ડિસેમ્બર ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૧૭ ટકાનો વધારો નોંધાવ્યો હતો. અશોક લેલેન્ડે ૫.૧૯ ટકાના વધારા સાથે ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૮૬૨.૨૪ કરોડનો નફો નોંધાવ્યો છે.

# એફઆઈઆઈએ પખવાડિયામાં ફરી ₹ ૧૯,૬૭૫ કરોડની લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા-ભારત વેપાર સોદાને કારણે ફેબ્રુઆરીના પ્રથમ પખવાડિયામાં એફઆઇઆઇ રોકાણ ફરી રૂ. ૧૯,૬૭૫ કરોડના સ્તરે પહોંચ્યું હતું. જોકે એ વાત અલગ છે કે ખાસ કરીને પાછલા ત્રણેક સત્રમાં જે ધોવાણ થયું તેમાં એફઆઆઇ ફરી નેટ સેલર્સ બન્યા હતા.

નિષ્ણાતો માને છે કે એઆઇ સંકટને કારણે વિદેશી ફંડો ફરી ભારત તરફ આકર્ષાશે.

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફઆઇઆઇ)એ ફેબ્રુઆરીની શરૂઆતમાં તીવ્ર ફેરફાર કર્યો, પ્રથમ પખવાડિયામાં ભારતીય ઇક્વિટીમાં રૂ. ૧૯,૬૭૫ કરોડ ઠાલવ્યા, જેને યુએસ-ભારત વેપાર સોદાને ટેકો મળ્યો અને વૈશ્વિક મેક્રો ચિંતાઓ હળવી થઈ.

ડિપોઝિટરીઝના ડેટા અનુસાર, સતત ત્રણ મહિનાની ભારે વેચવાલી બાદ આ પ્રવાહ આવ્યો, જેમાં એફઆઇઆઇએ જાન્યુઆરીમાં રૂ. ૩૫,૯૬૨ કરોડ, ડિસેમ્બરમાં રૂ. ૨૨,૬૧૧ કરોડ અને નવેમ્બરમાં રૂ. ૩,૭૬૫ કરોડ પાછા ખેંચી લીધા.

એકંદરે, ૨૦૨૫માં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૧.૬૬ લાખ કરોડ (૧૮.૯ બિલિયન ડૉલર) પાછા ખેંચી લીધા, જે વિદેશી પ્રવાહ માટે સૌથી ખરાબ સમયગાળામાંનો એક છે.

દરમિયાન અસ્થિર ચલણની હિલચાલ, વૈશ્વિક વેપાર તણાવ, સંભવિત યુએસ ટેરિફ અંગેની ચિંતાઓ અને વિસ્તૃત ઇક્વિટી મૂલ્યાંકનને કારણે આ વેચાણ થયું હતું.

# ઝવેરાતની નિકાસમાં ૫.૭૯ ટકાનો ઘટાડો

મુંબઈઃ વૈશ્વિક વેપાર અવરોધો અને મુખ્ય બજારોમાં ટેરિફ-સંબંધિત દબાણ વચ્ચે ભારતની રત્ન અને ઝવેરાતની નિકાસ જાન્યુઆરીમાં વાર્ષિક ધોરણે ૫.૭૯ ટકા ઘટીને ૨,૨૩૮.૫૪ મિલિયન ડોલર થઈ હોવાનું જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે જણાવ્યું હતું.

કાઉન્સિલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જાન્યુઆરી ૨૦૨૫ માં પાછલા વર્ષના સમાન સમયગાળા માટે કુલ નિકાસ ૨,૩૭૬.૦૨ મિલિયન ડોલર હતી. જોકે, એપ્રિલ ૨૦૨૫-જાન્યુઆરી ૨૦૨૬ના સમયગાળા દરમિયાન એકંદર નિકાસ સ્થિર રહી, જેમાં ૦.૬૪ ટકાનો નજીવો ઘટાડો ૨૩,૧૮૫.૮૭ મિલિયન ડોલર થયો, જે પાછલા વર્ષના સમાન સમયગાળા માટે ૨૩,૩૩૪.૭૩ મિલિયન ડોલર હતો.

ભારતના સૌથી મોટા રત્ન અને ઝવેરાત નિકાસ સ્થળ, યુનાઇટેડ સ્ટેટ્સમાં શિપમેન્ટમાં તીવ્ર ઘટાડાથી નિકાસ પરિણામ નોંધપાત્ર રીતે પ્રભાવિત થયું હતું, જ્યાં વધેલા ટેરિફ અને કિંમત નિર્ધારણ ગેરફાયદાને કારણે નિકાસમાં ૪૫ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. દરમિયાન, ભારતે સફળતાપૂર્વક તેના નિકાસ બજારોમાં વૈવિધ્યીકરણ કર્યું છે અને એપ્રિલ ૨૦૨૫-જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન, સંયુક્ત આરબ અમીરાતમાં નિકાસમાં ૨૩.૭૧ ટકાનો વધારો થયો, હોંગકોંગમાં ૩૩.૫ ટકાનો વધારો થયો, જ્યારે ઓસ્ટ્રેલિયા અને ફ્રાન્સે ૩૬ ટકાથી વધુનો મજબૂત વિકાસ નોંધાવ્યો. બેલ્જિયમ, થાઇલેન્ડ અને ઇઝરાયલ જેવા અન્ય બજારોએ પણ બે આંકડામાં વૃદ્ધિ નોંધાવી, જે ભારતની વધતી જતી વૈશ્વિક હાજરી અને બદલાતી વેપાર ગતિશીલતા સાથે અનુકૂલન કરવાની ઉદ્યોગની ક્ષમતા દર્શાવે છે.

વૈશ્વિગક પ્રતિકૂળતાઓ છતાં, એપ્રિલ-જાન્યુઆરી દરમિયાન ભારતની રત્ન અને ઝવેરાતની નિકાસ ૨૩.૧૯ અબજ ડોલર પર સ્થિર રહી છે, જેમાં ડોલરના સંદર્ભમાં નજીવો ઘટાડો અને રૂપિયાના સંદર્ભમાં સકારાત્મક વૃદ્ધિ છે, જે આ ક્ષેત્રની સ્થિતિસ્થાપકતા પર ભાર મૂકે છે. ભારત-યુએસ વેપાર કરાર માટેના માળખાની જાહેરાતથી ખૂબ જ જરૂરી રાહત મળી છે.

# દેશના ફોરેક્સ અને ગોલ્ડ રિઝર્વમાં નોંધપાત્ર ઘટાડો

મુંબઇઃ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આંકડા અનુસાર, દેશના વિદેશી હૂંડિયામણ ભંડાર અને સોનાના ભંડારમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ભારતના વિદેશી હૂંડિયામણ ભંડાર ગયા સપ્તાહે રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યા હતા, પરંતુ આ સપ્તાહમાં આંકડાઓમાં પીછેહઠ થતાં ચિંતામાં વધારો થયો છે.

રિઝર્વ બેંક દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, ૬ ફેબ્રુઆરીએ પૂરા થયેલા સપ્તાહમાં દેશના વિદેશી હૂંડિયામણ ભંડારમાં ૬.૭૧૧ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે. સરકારી તિજોરીમાં કુલ વિદેશી હૂંડિયામણ ભંડાર હવે ૭૧૭.૦૬૪ બિલિયન ડોલર છે. પાછલા સપ્તાહમાં, તે ૭૨૩.૭૭૪ બિલિયન ડોલરના સર્વકાલીન ઉચ્ચ સ્તરે હતું.

ફોરેક્સ રિઝર્વમાં ઘટાડા પાછળનું મુખ્ય કારણ સોનાના ભંડારમાં ઘટાડો માનવામાં આવે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર, ભારતના સોનાના ભંડારમાં ૧૪.૨૦૮ બિલિયન ડોલરનો નોંધપાત્ર ઘટાડો થયો છે, જે તેને ૧૨૩.૪૭૬ બિલિયન ડોલર પર લાવી દીધું છે. સોનાના ભંડારમાં થતી વધઘટ સીધી રીતે આંતરરાષ્ટ્રીય સોનાના ભાવ સાથે જોડાયેલી છે. જ્યારે વૈશ્વિક સ્તરે સોનાના ભાવ ઘટે છે, ત્યારે દેશના કુલ સોનાના ભંડારના મૂલ્યમાં ઘટાડો થાય છે. જોકે, વિદેશી ચલણ સંપત્તિ આ ઘટાડાને અમુક અંશે સરભર કરે છે. રિપોર્ટિંગ સમયગાળા દરમિયાન, વિદેશી ચલણ સંપત્તિ ૭.૬૬૧ બિલિયન ડોલર વધીને ૫૭૦.૦૫૩ બિલિયન ડોલર થઈ છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ/O.C. ડિવિઝન

Dy. H.E./OPS/૭૯૭૭ તારીખઃ ૧૨-૦૨-૨૦૨૬

ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| વિષય : | O.C. ડિવિઝનમાં તાનસા ડેમ વિસ્તાર ખાતે સુરક્ષા હેતુ માટે MS પ્રોટેક્ટિવ ફેન્સિંગની જોગવાઈ અને ફિક્સિંગ. |
| બારડી & બીડ નં. | ૧. અંદાજિત કિંમત રૂ. ૨૬,૫૦,૨૫૩.૦૫<br>બારડીની કિંમત રૂ. ૨૬,૬૦૦.૦૦<br>બીડ નં. ૨૦૨૬_૧૨૭૬૦૦૨_૧ |
| ઓનલાઈન ટેન્ડર વેચાણ | ૧૬.૦૨.૨૦૨૬ ૧૩.૦૦ ક. થી<br>૦૨.૦૩.૨૦૨૬ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૦૨.૦૩.૨૦૨૬ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A ખૂલશે | ૦૫.૦૩.૨૦૨૬ ૧૬.૩૦ ક. પછી |
| પેકેટ B ખૂલશે | ૦૫.૦૩.૨૦૨૬ ૧૬.૩૫ ક. પછી |
| પેકેટ C ખૂલશે | ૧૨.૦૩.૨૦૨૬ ૧૧.૦૦ ક. પછી |
| વેબસાઈટ | http://mahatender.gov.in |
| A) સંપર્ક વ્યક્તિઓનું નામ | જી. એસ. લીખર, E.E. (ઓપરેશન)<br>જી.એસ. લીખર, A.E. (તાનસા) |
| B) ટેલિફોન | ૦૨૨-૨૫૪૨૧૦૯૪/૨૫૪૪૫૨૩૦ |
| C) મોબાઈલ નં. | ૯૮૧૯૧૭૦૬૬૨-૯૯૬૯૨૭૫૧૮૧ |
| D) ઈ-મેલ ID | ee01operations.he@mcgm.gov.in |

વિગતવાર ટેન્ડર નોટિસ મહાટેન્ડર પોર્ટલ (http://mahatender.gov.in) પર ઉપલબ્ધ છે.

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.**

BMC કોઈપણ કારણ જણાવ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ કે તમામ અરજી નકારવા કે કોઈપણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
P. V. શેઠ
Dy.H.E. (ઓપરેશન)

PRO/2971/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



પશ્ચિમ રેલવે

ટ્રેક જોડવાનું કામ

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રીકલ એન્જિનિયર (Sub), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ. ઈ-ટેન્ડર નં.: **WR-MMCTOESUB (ESOT)**/૩/૨૦૨૬ તા. ૧૦/૦૨/૨૦૨૬ને આમંત્રે છે. કામનું નામઃ ચર્ચગેટ - વિરાર સેક્શનમાં TSR(P) ૨૪.૬૪૫ કિ.મી. અને TRR(P) ૧૬.૫૦૧ કિ.મી. સંબંધિત ટ્રેક જોડવાનું કામ અને ચર્ચગેટ - વિરાર સેક્શનમાં TTR (FS+TWS+WCMSC) - ૮૦ સેટ, TTR (CMSC) - ૭૧ સેટ, TTR (CS) - ૪૯ સેટ અને SEJs - ૬૨ નંગ. કામનો અંદાજિત ખર્ચઃ રૂ. ૮૧,૬૩,૬૫૯/-. બિડ સિક્યોરિટીઃ રૂ. ૧,૬૩,૩૦૦/-. ટેન્ડર ભરવાની તારીખ અને સમયઃ ૧૦/૦૩/૨૦૨૬ બપોરે ૩.૦૦ વાગ્યા સુધી. ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ૧૦/૦૩/૨૦૨૬ બપોરે ૩.૩૦ વાગે. વધુ માહિતી માટે મહેરબાની કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 1110

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


ગુજરાત

# રાહુલ ગાંધી ખેડૂતોને ગેરમાર્ગે દોરે છે, ભાજપ જાહેર મંચ પર ચર્ચા કરવા તૈયારઃ અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતેથી કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે દેશની સૌપ્રથમ સેન્ટ્રલ બૅન્ક ડિજિટલ કરન્સી સીબીડીસી આધારિત પારદર્શક, આધુનિક અને સરળ જાહેર વિતરણ વ્યવસ્થાનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે અમિત શાહે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા હતા. મોદી સરકારે યુરોપિયન યુનિયન, ઇંગ્લેન્ડ સાથે થયેલા વ્યાપારિક કરારો અને અમેરિકા સાથે કરેલી ટ્રેડ ડિલથી ખેડૂતોને નુકસાન થયું હોવા મુદ્દે ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો અમિત શાહે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર આક્ષેપ કર્યો હતો.

અમિત શાહે ટ્રેડ ડિલ અંગે સરકારના નિર્ણયનો બચાવ કરતા કહ્યું હતું કે, હું દેશના ખેડૂતોને કહેવા આવ્યો છું કે, રાહુલ ગાંધી ખોટું બોલે છે, ખેડૂતોને ગેરમાર્ગે દોરે છે. યુરોપિયન યુનિયન, ઇંગ્લેન્ડ સાથે થયેલા વ્યાપારિક કરારો અને અમેરિકા સાથે થયેલી ટ્રેડ ડિલ આ બન્ને કરારોમાં મોદીજીએ ખેડૂતોને સુરક્ષિત કર્યા છે, કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. આ ડેરીની ભૂમિ છે. રાહુલ ગાંધી તમે ખોટી વાતો ફેલાવો છો કે, મોદીજીએ આ બન્ને ટ્રેડ ડિલ કરી આપણી ડેરીને સમાપ્ત કરી દીધી. અમે તો ડેરી માટે રસ્તો વધારનારા છીએ. બન્ને કરારોમાં ડેરી સેક્ટરને સંપૂર્ણ સુરક્ષા આપવાનું કામ નરેન્દ્ર મોદીજીએ કર્યું છે. ભારતના માછીમારોની પ્રોડક્ટ અને કૃષિ ઉત્પાદન દુનિયામાં પહોંચાડવાનો રસ્તો પણ ખૂલ્યો છે. હું ફરી એકવાર ખાતરી આપવા માગું છું, તમારા હિતો સાથે નરેન્દ્ર મોદી સમાધાન કરી શકે નહીં, આ અસંભવ છે.

# મહાશિવરાત્રિએ ભક્તોનું ઘોડાપૂર, 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે સોમનાથ મંદિર ગૂંજી ઊઠ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬, રવિવારના રોજ સમગ્ર દેશમાં મહાશિવરાત્રિના પાવન પર્વની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી રહી છે. શિવભક્તિના આ મહાઉત્સવ નિમિત્તે વિશ્વપ્રસિદ્ધ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ ખાતે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓનું મહેરામણ ઊમટી પડ્યું હતું. સમગ્ર મંદિર પરિસર 'જય સોમનાથ' અને 'હર હર મહાદેવ'ના ગગનભેદી નાદથી ગૂંજી ઊઠ્યું હતું. મંદિરમાં આસ્થા, ભક્તિ અને ભજનનો દિવ્ય ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. શિવલિંગ પર જલાભિષેક અને દૂધનો અભિષેક કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

સોમનાથ મહાદેવ મંદિરમાં બપોરે ૧થી ૫ ગંગાજળ અભિષેક થયો હતો. સવારે ૬ વાગ્યેથી મહાપૂજાથી પ્રારંભ થયો હતો. ત્યાર બાદ હોમાત્મક લઘુ રૂદ્રનો પ્રારંભ થયો હતો. સવારે ૯ વાગ્યે મંદિર પરિસરમાં પાલખી યાત્રા યોજાઇ હતી, ત્યારબાદ ઋષિકુમારે શાંતિ પાઠની સ્તુતિ કરી હતી. સાંજે ૪થી ૮:૩૦ શિવના વિશેષ શૃંગાર બાદ શૃંગાર દર્શન થયો હતો, સાંજે ૭ વાગ્યે સંધ્યા આરતી થઈ હતી. રાત્રે ૧૦:૧૫ વિશેષ જ્યોત પૂજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સોમનાથ મહાદેવમાં રાત્રિમાં ચારેય પ્રહરની પૂજા થશે, ૮:૪૫થી ૯:૩૦ પૂજા અને આરતીનો સમય રહેશે. દ્વિતિય પ્રહરમાં ૧૧થી ૧૨:૩૦ વિશેષ પૂજા અને આરતી થશે. તૃતીય પ્રહરમાં વહેલી સવારે ૨;૪૫થી ૩:૩૦ અને ચોથા પ્રહરમાં ૪:૪૫થી ૫:૩૦ વિશેષ પૂજા અને આરતી થશે. ભક્તોની આસ્થાને ધ્યાનમાં રાખીને સોમનાથ મંદિરના દ્વાર સતત ૪૨ કલાક સુધી દર્શન માટે ખુલ્લા રાખવાનો નિર્ણય લેવાયો છે, જે ૧૬ ફેબ્રુઆરીની વહેલી સવારની આરતી સાથે સંપન્ન થશે.


Mumbai Port Authority

PORT HOUSE, SHOORJI VALLABHDAS MARG, BALLARD ESTATE, MUMBAI - 400 001

PUBLIC NOTICE

SUBJECT: REGULATION OF ACCESS AND PROHIBITION OF USAGE OF SLIPWAY AT JETTY NO. 5 DUE TO SAFETY AND SECURITY HAZARDS

WHEREAS the Mumbai Port Authority (MbPA) is the statutory authority for the administration, control, and management of the Port of Mumbai under the Major Port Authorities Act, 2021;

AND WHEREAS, it has been observed that the unrestricted ingress and egress of passengers and private crafts at the Slipway of Jetty No. 5 have led to persistent overcrowding, exceeding the operational capacity of the facility, thereby precipitating an imminent threat of stampedes and accidental falls into the sea.

AND WHEREAS, the current operational usage of the Slipway prevents the effective implementation of security protocols required for a High Security Zone situated in proximity to the Naval Western Command and the Gateway of India, thereby necessitating a controlled and monitored access point;

NOW, THEREFORE, in exercise of the powers conferred under Section 27(1) of the Major Port Authorities Act, 2021 (Regulation of Operations), the Competent Authority hereby issues the following directives:

1. Prohibition of Usage:
With immediate effect, the Slipway at Jetty No. 5 shall not be utilized for the embarking or disembarking of passengers, crew, or any other persons, nor for the movement, handling, or transfer of personnel effects, materials, or equipment.

2. Designated Boarding Point:
All embarkation and disembarkation activities shall be mandatorily restricted to the designated Floating Pontoon, duly equipped with an Access Control System (ACS), to ensure orderly movement and compliance with security screening protocols.

3. Penal Consequences:
Any contravention of this directive shall constitute a violation of Port Safety Regulations. Offenders, including Masters and Owners of vessels, shall be liable to:

- Suspension or cancellation of boat license/registration for breach of safety norms;
- Detention of the vessel under Section 55 of the Major Port Authorities Act, 2021;
- Imposition of penalties under applicable statutory provisions for endangering public safety.

MbPA-52-2025


# રાજકોટના જેતલસર રેલવે ઓવરબ્રિજ પર કારના બે ટુકડાંઃ ત્રણનાં મોત

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના જેતપુરના જેતલસર જંકશન રેલવે ઓવરબ્રિજ પર વહેલી સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે જતી કાર ડિવાઈડર સાથે અથડાતા તેના બે ટુકડા થઈ ગયા હતા. આ ગમખ્વાર દુર્ઘટનામાં જૂનાગઢનો મહાશિવરાત્રિ મેળો માણી પરત ફરતા જેતપુરની એક યુવતી સહિત ત્રણ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં યુવકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. જૂનાગઢથી જેતપુર તરફ આવી રહેલી કારમાં ત્રણ યુવક અને એક યુવતી સવાર હતા. વહેલી સવારે જેતલસર રેલવે ઓવરબ્રિજ પરથી પસાર થતી વખતે ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાર એટલી પ્રચંડ ગતિએ ડિવાઈડર સાથે અથડાઈ હતી કે તેના બે ભાગ થઈ ગયા હતા અને કારના સ્પેરપાર્ટ્સ રોડ પર દૂર સુધી વિખેરાઈ ગયા હતા. ગમખ્વાર અકસ્માતને પગલે રસ્તા પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતકોના મૃતદેહને પીએમ અર્થે મોકલીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જેતપુર ડીવાયએસપીએ અકસ્માત અંગે વિગત આપતા જણાવ્યું હતું કે, આજ રોજ વહેલી સવારે સાડા છ વાગ્યાની આસપાસ જેતલસરનો જે ઓવરબ્રિજ છે, તેની ખાલી સાઈડની દીવાલ સાથે અથડાઈને એક સ્કોડા ગાડી જૂનાગઢ મેળામાંથી જેતપુર તરફ આવતા અકસ્માત સર્જાયો છે.

પોલીસ તપાસ મુજબ આ ગાડીમાં કુલ ૪ લોકો સવાર હતા, જેમાંથી બે જણા અરુણ પ્રફુલ્લભાઈ વાળા અને મુસ્કાનબેન હરેશભાઈ બગડાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે વ્યક્તિઓ જે ગંભીર હતા. જયદીપ કિશોરભાઈ ચૌહાણ, અમીષ ચનાભાઈ પરમાર તેમને જૂનાગઢ રિફર કરવામાં આવ્યા હતા. લેટેસ્ટ પરિસ્થિતિ મુજબ, જયદીપ કિશોરભાઈ ચૌહાણનું પણ સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. આમ, આ અકસ્માતમાં અત્યાર સુધી કુલ ૩ લોકોનાં મોત થયા છે.

# સુરતમાં ₹ છ કરોડનું સાપનું ઝેર પકડાયું પણ એફએસએલ રિપોર્ટ આપવામાં નિષ્ફળ

અમદાવાદઃ થોડા દિવસ પહેલા સુરતમાં ગુજરાતના ઈતિહાસમાં કદાચ પ્રથમ કહી શકાય તેવા પ્રતિબંધિત કોબ્રા સાપનું ઝેર વેચવા આવેલા ૭ યુવકો પકડાયા હતા. આ ઝેરનું પરિક્ષણ કરવામાં રાજ્યની ફોરેન્સિક લેબ નિષ્ફળ ગઈ છે. સાપનું ઝેર કઈ પ્રજાતિનું છે તેની પરખ નહીં કરી શકાતા હવે મુંબઈની હાફકિન ઈન્સ્ટિટ્યૂટ રિસર્ચ લેબ પર મદાર રાખવાનો વારો આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. રાજયમાં ફોરેન્સિક યુનિવર્સિટી કાર્યરત છે અને ફોરેન્સિક લેબ પણ કાર્યરત હોવા છતા સુરતથી પકડાયેલા કથિત કોબ્રા ઝેરનું પરિક્ષણ કરવામાં તંત્ર એક મહિના પછી પણ નિષ્ફળ રહેતા આરોપીઓ સામે પગલાં લેવાનું મુશ્કેલ બની ગયુ હોવાનું પણ તપાસ એજન્સીએ જણાવ્યું હતું.

# ગુજરાતના એકમાત્ર વાઘ માટે લવાશે વાઘણ, મે-જૂન સુધીમાં કરાશે એરલિફ્ટ

અમદાવાદઃ ગુજરાતના એકમાત્ર વાઘ માટે વન વિભાગ દ્વારા મોટી તૈયારી કરવામાં આવી છે. જંગલમાંથી વાઘણ શોધી તેને એરલિફ્ટ કરાશે. મે-જૂન સુધીમાં હેલિકોપ્ટર મારફતે વાઘણનું આગમન થશે. માદા વાઘણને એરલિફ્ટ કરીને નર વાઘના વિસ્તારની આસપાસ જંગલમાં છોડવાની યોજના પર વિચાર કરવામાં આવી રહ્યો છે. ગુજરાત વન વિભાગ અને નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી વચ્ચેની ચર્ચાઓ હકારાત્મક રહી છે. મે-જૂન સુધીમાં માદા સાથીને અહીં લાવવામાં આવશે.આ ઉપરાંત સૂત્રોએ કહ્યું કે, ગુજરાતના પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ જયપાલ સિંહે તાજેતરમાં દિલ્હીમાં એનટીસીએના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી.

યુવાનોનું ‘બ્રેઇન વૉશ’ કરતા હોવાની શક્યતા

# યવતમાળ અને અહિલ્યાનગરમાં ૨૧ સ્થળે એટીએસના દરોડા

**આતંકવાદી પ્રવૃત્તિની માહિતી પરથી સર્ચ ઑપરેશન હાથ ધરાયું**

**અનેક શકમંદો તાબામાં**

**વાંધાજનક દસ્તાવેજો-ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ જપ્ત**

મુંબઈ: યુવાનોને કટ્ટરવાદ તરફ દોરવા તેમ જ કથિત આતંકવાદી પ્રવૃત્તિની માહિતીને આધારે મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વૉડે (એટીએસ) મધરાતથી જ યવતમાળ અને અહિલ્યાનગરમાં ૨૧ જેટલા સ્થળે દરોડા પાડ્યા હતા. એટીએસની ૨૦થી વધુ ટીમે રાતભર હાથ ધરેલા સર્ચ ઑપરેશન દરમિયાન અનેક શકમંદોને પૂછપરછ માટે તાબામાં લીધા હતા તો વાંધાજનક દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ પણ જપ્ત કર્યાં હોવાનું જાણવા મળ્યું હતું.

આતંકવાદી પ્રવૃત્તિ સાથે કડીની માહિતી મળતાં જ એટીએસે બે જિલ્લા યવતમાળ અને અહિલ્યાનગરમાં મોટા પાયે ઑપરેશન હાથ ધર્યું હતું. શનિવારની મધરાતે એટીએસની ૨૦ ટીમ યવતમાળમાં પ્રવેશી, જ્યારે પાંચેક ટીમ અહિલ્યાનગર પહોંચી હતી. આખી રાત પછી રવિવારે દિવસભર તપાસ ચાલી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ યવતમાળમાં પુસદ અને ઉમરખેડમાં ૧૪ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા. અહીંથી ડઝન જેટલા શકમંદોને પૂછપરછ માટે તાબામાં લેવામાં આવ્યા હતા. તેમનાં ઘર, ઑફિસ અને અન્ય ઠેકાણાંઓ પર સર્ચ હાથ ધરવામાં આવી હતી.

કહેવાય છે કે એટીએસની ટીમે અગાઉ ગોપનીય રીતે તપાસ કરી હતી. પછી રાતના સમયે બન્ને જિલ્લામાં છૂપા વેશમાં એટીએસની ટીમે માહિતી ભેગી હતી અને પછી શકમંદોને તાબામાં લઈ તેમનાં ઠેકાણાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા.બીજી બાજુ, અહિલ્યાનગર જિલ્લામાં મુકુંદનગર પરિસરમાં સાત સ્થળે એટીએસની ટીમે સર્ચ હાથ ધરી હતી. અહીં પણ અગાઉ ગુપ્ત રીતે શકમંદોની માહિતી મેળવવામાં આવી હતી. મુકુંદનગર મુસ્લિમ બહુમતી ધરાવતો વિસ્તાર ગણાય છે. છેલ્લાં ત્રણેક વર્ષમાં અહીં ઔરંગઝેબ સંબંધી વિવાદ અને પાકિસ્તાન તરફી સૂત્રોચ્ચારની ઘટનાઓ બની છે. સંવેદનશીલ ગણાતો આ પરિસર

(જુઓ પાનું ૪)



**દર્શન...:** મહાશિવરાત્રી નિમિત્તે મુંબઈના પ્રખ્યાત બાબુલનાથ મંદિરમાં ભક્તોની જોરદાર ભીડ જામી હતી. (અમય ખરાડે)

# નેપિયન સી રોડમાં રસ્તાના કૉંક્રીટીકરણ માટે આખરે ટ્રાફિક પોલીસની એનઓસી મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈના પોશ એરિયા ગણાતા મુકેશ ચોક અને પ્રિયદર્શની પાર્ક દરમ્યાનના નેપિયન સી રોડના સિમેન્ટ-કૉંક્રીટીકરણ માટે આખરે મુંબઈ ટ્રાફિક પોલીસની મંજૂરી મળી ગઈ છે. મંગળવારથી પહેલા તબક્કામાં ૭૭૦ મીટર લાંબા અને ૨૭.૪૫ મીટર પહોળા રસ્તાનું કામ હાથ ધરવામાં આવવાનું છે. કૉંક્રીટીકરણ દરમ્યાન ટ્રાફિકની સમસ્યા સર્જાય નહીં તે માટે આંશિક રીતે રસ્તો બંધ કરવાની સાથે જ પર્યાયી માર્ગની વ્યવસ્થા કરવામાં આવી છે.

પાલિકાના ‘ડી’ વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર મનીષ વાળુંજના જણાવ્યા મુજબ આ વિસ્તાર વીઆઈપી ગણાતો હોવાથી ટ્રાફિક પોલીસ તરફથી નો ઓબ્જેકનશ સર્ટિફિકેટ મળે તેની રાહ જોવામાં આવી હતી. તેમની મંજૂરી મળવાની સાથે જ કામ શરૂ કરવામાં આવવાનું છે. ચોમાસાના આગમન અગાઉ પહેલા તબક્કાનું કૉંક્રીટીકરણનું કામ પૂરું કરવાનો લક્ષ્યાંક છે.

પહેલા તબક્કામાં કૉંક્રીટીકરણનું કામ દક્ષિણ મુંબઈમાં નેપિયન સીમાં કરવામાં આવવાનું છે, જેમાં રસ્તાની કુલ લંબાઈ ૧,૯૫૦ મીટર છે, તેમાં પુલના ૨૦૦ મીટરનો સમાવેશ થાય છે. તેમાંથી ૧,૭૫૦ મીટર રસ્તાનું કૉંક્રીટીકરણનું કામ કરવામાં આવવાનું છે. પહેલા તબક્કામાં મુકેશ ચોકથી પ્રિયદર્શની પાર્ક દરમ્યાન ૭૭૦ મીટર લંબાઈ અને ૨૭.૪૫ મીટર પહોળા રસ્તાનું કૉંક્રીટીકરણનું કામ કરવામાં આવશે. મંગળવાર, ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬થી કામની શરૂઆત થશે. ચોમાસા પહેલા નેપિયન સી રોડના

(જુઓ પાનું ૪)

# સભ્યો ફરિયાદ-પ્રશ્ન કરતા હોય તો તેને હાઉસિંગ સોસાયટીમાંથી કાઢી મુકાય નહીં

**મેનેજિંગ કમિટી પર લગામ લગાવતી હાઈ કોર્ટ**

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે હાઉસિંગ સોસાયટી અંગે મહત્વનો ચુકાદો આપ્યો છે. હાઈ કોર્ટે કહ્યું છે કે હાઉસિંગ સોસાયટી કોઈ સભ્યને માત્ર એટલા માટે ન કાઢી મૂકી શકે કે તેમણે મેનેજિંગ કમિટી સામે પ્રશ્ન કર્યો હોય અથવા કોર્ટ અને સરકારી અધિકારીઓ સમક્ષ ફરિયાદો કરી હોય.

પુણેના કોથરુડમાં આવેલી એક સહકારી હાઉસિંગ સોસાયટીના કેટલાક સભ્યોએ સોસાયટીના વહીવટ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને પ્રશ્નો ઉઠાવ્યા હતાં. કમિટીએ કાર્યવાહી કરીને આ પાંચ સભ્યોનીને હાઉસિંગ સોસાયટીમાંથી કાઢી મુક્યા હતાં. આ કેસ અંગે હાઈ કોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી, કોર્ટે હાઉસિંગ સોસાયટીના નિર્ણયને રદ કર્યો હતો.

બોમ્બે હાઈ કોર્ટના ન્યાયાધીશ અમિત બોરકરે કહ્યું કે હાઉસિંગ સોસાયટીમાંથી કોઈને કાઢી મુકવું એ એક ગંભીર પગલું છે, જેના ગંભીર પરિણામો આવી શકે છે. અસંમત સભ્યોને દબાવવા કે કાયદેસર મુકદ્દમો દાખલ થતો રોકવા આવા પગલા ભરી શકાય નહીં.

હાઈ કોર્ટે કહ્યું, સહકારી હાઉસિંગ સોસાયટી પરસ્પર વિશ્વાસ અને સામૂહિક ભાગીદારીના આધારે બનેલી હોય છે. સભ્યો યોગદાન આપે છે, તેઓ પ્રતિનિધિઓની પસંદગી કરે છે. સભ્યોને તેમના નાણા, મિલકત અથવા અધિકારોને લગતા

(જુઓ પાનું ૪)

# મુલુંડમાં મેટ્રોના બ્રિજનો સ્લેબ તૂટી પડવાની ઘટનામાં પાંચની ધરપકડ

**બે દિવસ અગાઉ બેસાડેલા પૅરાફિટનું યોગ્ય રીતે કૉન્ક્રીટાઈઝેશન ન કરવાને કારણે ઘટના બની: પોલીસ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુલુંડમાં લાલ બહાદુર શાસ્ત્રી (એસબીએસ) રોડ પર નિર્માણાધીન મેટ્રો-ચારના ગર્ડરનો સ્લેબ તૂટી પડવાને કારણે એકનું મોત અને ત્રણ જણ જખમી થવાની ઘટનામાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી સંબંધિત કંપનીના પાંચ અધિકારીની ધરપકડ કરી હતી. સંબંધિત કંપનીઓ દ્વારા બે દિવસ અગાઉ બ્રિજ પર બેસાડવામાં આવેલા પૅરાફિટનું યોગ્ય રીતે કૉન્ક્રીટાઈઝેશન ન કરવાને કારણે આ ઘટના બની હોવાનો દાવો પોલીસ ફરિયાદમાં કરાયો હતો.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ મુલુંડ પોલીસે મિલન રોડ બિલ્ડટેક અને ડીબી હિલ એલબીજીના સંબંધિત અધિકારીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમો ૧૦૫, ૧૧૦, ૩૨૪(૫) અને ૩(૫) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. મેટ્રો-ચારના કામ

(જુઓ પાનું ૪)

**ડોંબિવલીમાં વહેલી સવારના અગ્નિતાંડવ**

# આગમાં પાંચ જખમી અને ૪૦ મોટરસાઈકલ બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ડોંબિવલી પૂર્વમાં રવિવારે વહેલી સવારના ભીષણ અગ્નિતાંડવ જોવા મળ્યો હતો, જેમાં એક રહેણાંક બિલ્ડિંગના બેઝમેન્ટમાં રહેલા પાર્કિંગમાં લાગેલી ભીષણ આગમાં પાંચ લોકો જખમી થયા હતા, તો આગમાં ૪૦ ટૂ-વ્હીલર બળીને ખાખ થઈ ગયા હતા.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ડોંબિવલીમાં સાગાવ વિસ્તાર ચેડા નગર વિસ્તારમાં જયભારત સ્કૂલ નજીક રવિકિરણ સોસાયટી (રાજ અપાર્ટમેન્ટ) આવેલી છે, જેમાં બિલ્ડિંગમાં બેઝમેન્ટમાં રહેલા પાર્કિંગ વિસ્તારમાં વહેલી સવારના ચાર વાગે અચાનક આગ ફાટી નીકળી હતી. વહેલી સવારના તમામ રહેવાસીઓ ગાઢ ઊંઘમાં હતા ત્યારે અચાનક લાગેલી આગે તરત રુદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને પાર્કિંગમાં રહેલી તમામ ટૂ-વ્હીલરને પોતાની ચપેટમાં લઈ લીધી હતી.

ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચી ગઈ હતી એ દરમ્યાન અનેક ટૂ-વ્હીલર આગની ચપેટમાં આવી ગઈ હતી. આગને કારણે આખા પરિસરમાં કાળા ધુમાડો ફેલાઈ ગયો હતો, તેને કારણે સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો

(જુઓ પાનું ૪)

# પાંચ મિનિટમાં જ કાર ઉપાડી જનારો ‘હાઈટૅક’ ચોર પકડાયો

**આરોપી વિરુદ્ધ ૫૩ ગુનાની નોંધ: ચોરીની કાર ખરીદનારાની ગુજરાતમાંથી ધરપકડ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આધુનિક પદ્ધતિથી પાંચથી દસ મિનિટમાં જ કાર ચોરનારા ‘હાઈટૅક’ ચોરને મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસની ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યો હતો. આરોપી વિરુદ્ધ ૫૩થી વધુ ગુનાની નોંધ હોઈ ચોરીની કાર ખરીદનારા ગુજરાતના યુવાની પણ પોલીસે ધરપકડ કરી હતી.ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીઓની ઓળખ મોહમ્મદ તૌફીક હબિબુલ્લાહ (૪૭) અને વીરેન્દ્ર સીતારામભાઈ શર્મા (૩૮) તરીકે થઈ હતી. આરોપી પાસેથી ચોરીની બે કાર અને એક બાઈક જપ્ત કરવામાં આવી હતી. નાલાસોપારા પશ્ચિમમાં છેડાનગર પાસે ફરિયાદી અજય મૌર્યએ તેની કાર પાર્ક કરી હતી. ૨૩ જાન્યુઆરીએ અજાણ્યો શખસ કાર ચોરી ફરાર થઈ જતાં અજયે નાલાસોપારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

(જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL** rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

# મહારાષ્ટ્રમાં મુંબઈ સૌથી ગરમ: પારો ૩૫.૨ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં આગામી દિવસોમાં આકરા ઉનાળાનો અનુભવ થવાનો છે. શિયાળાની ઠંડી ગાયબ થવાની સાથે જ મુંબઈમાં તાપમાનનો પારો સતત ઊંચો જઈ રહ્યો છે. રવિવારે મુંબઈમાં મહત્તમ તાપમાન ૩૫.૨ ડિગ્રી નોંધાયું હતું, જે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ રહ્યું હતું.

મુંબઈ સહિત રાજ્યમાં ફેબ્રુઆરીની શરૂઆતથી સુકું વાતાવરણ નિર્માણ થવાથી ઉકળાટ વધી ગયો હતો. જોકે હવે અરબી સમુદ્રમાં ઓછા દબાણનો પટ્ટો નિર્માણ થયો હોવાથી રાજ્યના અમુક વિસ્તારમાં વાદળિયું વાતાવરણ રહેશે. તો અમુક જગ્યાએ હળવા વરસાદના ઝાપટાં પડવાની પણ શક્યતા છે.

સામાન્ય રીતે રાજ્યમાં ફેબ્રુઆરીની શરૂઆત સાથે જ ઠંડીમાં ઘટાડો થઈને તાપમાનનો પારો ધીમે ધીમે ઉપર જવાનું શરૂ થઈ જતું હોય છે. મુંબઈમાં પણ છેલ્લા ત્રણેક દિવસથી દિવસના સમયે ગરમી અને ઉકળાટનું પ્રમાણ વધી ગયેલું જણાઈ રહ્યું હતું. રવિવારે દિવસ દરમ્યાન કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૦ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૩૫.૨ ડિગ્રી નોંધાયું હતું, જે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન રહ્યું હતું.

હવામાન વિભાગે મુંબઈ સહિત થાણેમાં આગામી દિવસમાં

(જુઓ પાનું ૪)

# કેન્દ્રએ મહારાષ્ટ્રના દસ હજાર કરોડના પ્રોજેક્ટને આપી મંજૂરી

**મુંબઈ, થાણે, નાશિકનો ટ્રાફિક થશે હળવો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રના બે મોટા પ્રોજેક્ટ માટે રૂ. ૧૦,૦૦૦ કરોડની ફાળવણી કરી હતી. આ અનુસંધાનમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ટ્વિટ કરી જણાવ્યું હતું કે નાશિક, થાણે અને મુંબઈના દૈનિક જીવનને સરળ બનાવવા, પ્રાદેશિક પરિવહન વધારવા અને લાખો લોકોને રાહત આપવા મહત્વપૂર્ણ નિર્ણય લેવામા આવ્યો છે. કેન્દ્ર સરકારે કસારા-મનમાડ કોરિડોરની ત્રીજી અને ચોથી રેલવે લાઈનને મંજૂરી આપી છે. કુલ ૧૩૧ કિલોમીટરનો વિસ્તાર રૂ. ૧૦, ૧૫૪ કરોડના ખર્ચે તૈયાર થશે, જે આ ત્રણેય શહેરોની માળખાકીય સુવિધાઓમાં વધારો કરશે.

આ પ્રોજેક્ટ પૂરો થવાનો સમયગાળો પાંચ વર્ષનો રહેશે. આ લાઈન કાર્યરત થયા પછી કસારા-ઈગતપુરી સેક્શનના એન્જિનનું બેંકિંગ કરવું પડશે નહીં. આ સાથે આ રૂટ પરથી વધારે સેપેન્જર ટ્રેન પણ પસાર થઈ શકશે.

શુક્રવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ રૂ.૩,૩૨૦.૩૮ કરોડના પ્રોજેક્ટ્ને મંજૂરી આપી હતી, જેમાં મહારાષ્ટ્રમાં એનએચ-૧૬૦એ ના ૧૫૪.૬૩૫ કિલોમીટર લાંબા ઘોટી-ત્ર્યંબક (મોખાડા)-જવાહર-મનોર-પાલઘર સેક્શનના પુનર્વસન

(જુઓ પાનું ૪)




# સાડાચાર હજારની જનસંખ્યાવાળા ગામમાં ચાર મહિનામાં સાડાત્રણ હજાર જન્મનોંધણી!

**યુઝર આઈડીનો પાસવર્ડ બિહારથી ‘હૅક’ કરી આ ઘાલમેલ કરાયાનું તપાસમાં સ્પષ્ટ**

છત્રપતિ સંભાજીનગર: છત્રપતિ સંભાજીનગર જિલ્લાના સોયગાવ તાલુકામાં પરપ્રાંતીયોની ૩,૪૪૮ બોગસ જન્મનોંધણી મળી આવતાં ખળભળાટ મચી ગયો હતો. પાલિકાના પોર્ટલના પાસવર્ડને છેક બિહારથી ‘હૅક’ કરીને આ ઘાલમેલ કરવામાં આવી હોવાની આંચકાજનક માહિતી સામે આવી હતી. સોયગાવની જનસંખ્યા સાડાચાર હજારની છે ત્યારે છેલ્લા ચાર મહિનામાં સાડાત્રણ હજાર જન્મનોંધણી બોગસ થઈ હોવાની માહિતીથી ચકચાર મચી હતી. રાજ્યના આરોગ્ય સંબંધી માહિતી અને જન્મ-મૃત્યુ વિભાગના સંચાલકના આદેશ અનુસાર આ નોંધણી રદ કરવાની સૂચના આપવામાં આવી છે.

છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં બાંગ્લાદેશી નાગરિકોની જન્મ-મૃત્યુની બોગસ નોંધ કરવામાં આવી હોવાનો આક્ષેપો થયા હતા. આક્ષેપોને પગલે તપાસ માટે જિલ્લાધિકારી પણ ગામમાં આવ્યા હતા.

સોયગાવ તાલુકાની મોહળાઈ ગ્રામપંચાયત હેઠળ બે ગામ મોહળાઈ અને પિંપ્રી અંતુર આવે છે. ગ્રામપંચાયતનું મુખ્યાલય મોહળાઈ ખાતે છે. ગ્રામપંચાયતના સીઆરએસ પોર્ટલના યુઝર આઈડી દ્વારા પિંપ્રી અંતુર ગામમાં પહેલી એપ્રિલ, ૨૦૨૫થી બીજી ઑગસ્ટ, ૨૦૨૫ સુધીમાં જન્મની ૩,૪૪૮ અને મૃત્યુની આઠ નોંધણી કરવામાં આવી હતી કે નહીં તેની તપાસ કરવામાં આવી હતી. જોકે તે સમયે જાણવા મળ્યું હતું કે સંબંધિત યુઝર આઈડી ઉપયોગમાં લેવાતો જ નથી. તો પછી આટલી નોંધણી કઈ રીતે થઈ તેની તપાસ કરવામાં આવી હતી.

જિલ્લા આરોગ્ય અધિકારી કાર્યાલયના નિષ્ણાતો દ્વારા આ મામલે તપાસ કરવામાં આવતાં સંબંધિત યુઝર આઈડીનો પાસવર્ડ બિહારની એક વ્યક્તિએ ‘હૅક’ કરીને આ કૃત્ય કર્યું હોવાનું સામે આવ્યું હતું. આ મામલે પોલીસમાં ગુનો નોંધાવી સઘન તપાસના આદેશ અપાયા હતા. ■

# મુંબઈ મહાનગરપાલિકાની તિજોરીની ચાવી કોની પાસે જશે?

**મેયર બાદ હવે સ્થાયી સમિતિના અધ્યક્ષપદ પર સૌની નજર**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના મૅયર પદે ભાજપના રિતુ તાવડે અને ડેપ્યુટી મૅયર પદે શિવસેના (શિંદે)ના સંજય ઘાડી ચૂંટાયા બાદ હવે મુંબઈ મહાનગરપાલિકામાં અત્યંત મહત્ત્વની ગણાતી સ્થાયી સમિતિનું અધ્યક્ષ પદ કોને મળે છે તેના પર સૌ કોઈની નજર મંડાયેલી છે. આગામી ૨૦ ફેબ્રુઆરીએ તેમના નામની જાહેરાત થશે.

મુંબઈ મહાનગરપાલિકામાં સ્થાયી, સુધાર, બેસ્ટ અને શિક્ષણ સમિતિ મહત્ત્વની ગણાય છે, તેમાં પણ સ્થાયી સમિતને મુંબઈ મહાનગરપાલિકાની તિજોરી ગણવામાં આવે છે. તેથી રાજકીય પક્ષો દ્વારા સ્થાયી સમિતિનું અધ્યક્ષ પદ અભ્યાસુ અને સિનિયર

(જુઓ પાનું ૪)

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**